RNI:- GUJGUJ/2016/67425

# પાક્કો ગુજરાત

ગુજરાતનુ વિશ્વનીય દૈનિક

Date:- 07-09-2026 I VOL : 12 I Issue : 172 I Page : 8 I Price : 1.00/-

Owner, Publisher, Printer & Editor : PAWAN MAKAN Contact :- MO : 9662420070 E-Mail : pakkogujarat7@gmail.com | ઓફિસ: C-8 રીચી હાઉસ, સ્વામિનારાયણ મંદિરની સામે, મણિનગર, અમદાવાદ, ગુજરાત-380008

**સુવિચાર**

જે બદલાય છે તે જ ટકી રહે છે. તમારી મહેનત તમારી ઓળખ છે.

3



ગુજરાતમાં ₹4,300 કરોડનું ગુમનામ ફંડિંગ: રાહુલ ગાંધીના સવાલોથી ચૂંટણી પંચ...

4



ઈશ્વરે આંખો ન આપી પણ સૂરનો ખજાનો આપ્યો: દિવ્યાંગ સુનિલ લોધીના...

6



ગ્લેમર, સ્ટાઇલ અને એલિગન્સનો પરફેક્ટ કૉમ્બો! ક્રિસ્ટનો...

7



PCB એ પાકિસ્તાની ખેલાડીઓના મોબાઇલ જપ્ત કરતા હડકંપ

## મધ્યપ્રદેશમાં ભયાનક લઠ્ઠાકાંડ: ઝેરી દારૂએ 11નો ભોગ લીધો!

### રાત્રે દારૂ પીધા બાદ લોકોના શરીર વાદળી પડ્યા, 35 હોસ્પિટલમાં દાખલ; 4 ગામમાં શોકનો માહોલ

સાગર (મધ્યપ્રદેશ) / અમદાવાદ

મધ્યપ્રદેશના સાગર જિલ્લામાંથી લઠ્ઠાકાંડની એક અત્યંત દુઃખદ અને કંપારી છૂટી જાય તેવી આંચકાજનક ઘટના સામે આવી છે. ગેરકાયદે વેચાતા ઝેરી દારૂનું સેવન કરવાથી ચાર અલગ-અલગ ગામોના ૯ લોકોના કરૂણ મોત નીપજ્યા છે. એકસાથે ૯ નાગરિકોના અકાળે મોતથી સમગ્ર વિસ્તારમાં ભારે અફરાતફરી અને માતમનો માહોલ સર્જાયો છે, જ્યારે આ ભયાનક દુર્ઘટના બાદ ઊંઘતું ઝડપાયેલું સ્થાનિક પ્રશાસન તાત્કાલિક હરકતમાં આવી ગયું છે.



શનિવારની કાળી રાત્રે પીધો દારૂ અને જીવ ગુમાવ્યા

મળતી વિગતો અનુસાર, સાગર જિલ્લાના ઘૂઘર, નૌરાજ, બરાજ અને તેની આસપાસના ગ્રામીણ વિસ્તારોના રહેવાસીઓએ શનિવારે રાત્રે સ્થાનિક સ્તરે મળતો ગેરકાયદેસર દારૂ પીધો હતો. દારૂ ગટગટાવ્યાના થોડા જ સમયમાં તમામ લોકોની તબિયત અચાનક લથડવા લાગી હતી:

લક્ષણો અને તબિયતમાં બિગાડ: દારૂ પીધા બાદ લોકોને અંધારા આવવા, ઉલટીઓ થવી અને અસહ્ય પેટમાં દુખાવો થવા લાગ્યો હતો.

હોસ્પિટલ પહોંચે તે પહેલાં જ મોત: પરિજનો કંઈ સમજે અને પીડિતોને સારવાર માટે હોસ્પિટલ પહોંચાડે તે પહેલા જ ઝેર આખા શરીરમાં ફેલાઈ ગયું હતું અને ૯ લોકોએ દમ તોડી દીધો હતો.

**ગેરકાયદે નેટવર્ક સામે ઉઠ્યા સવાલો**

ઘટનાની જાણ થતાં જ પોલીસ અને વહીવટી તંત્રના ઉચ્ચ અધિકારીઓનો કાફલો ઘટનાસ્થળે દોડી ગયો હતો. હાલ સમગ્ર વિસ્તારમાં સઘન તપાસ શરૂ કરવામાં આવી છે અને ઝેરી દારૂ સપ્લાય કરનારા બુટલેગરો તથા ગેરકાયદેસર અડ્ડાઓ પર દરોડા પાડવામાં આવી રહ્યા છે.

સ્થાનિક ગ્રામજનોમાં ભારે આક્રોશ વ્યાપ્યો છે કે પ્રશાસનની નાક નીચે આવી રીતે ખુલ્લેઆમ ઝેરી દારૂનું વેચાણ કેવી રીતે થઈ રહ્યું હતું. મૃતકોના પરિવારજનોએ જવાબદારો અને બુટલેગરો સામે કડકમાં કડક કાર્યવાહી કરવાની માંગ કરી છે.

## યુવા રિપોર્ટ કાર્ડ લઈને ઊભો છે, પીએમ આઉટ ઓફ રીચ: ખડગે

### ખડગેએ કહ્યું- પોતાની નિષ્ફળતા ઢાંકવા માટે ક્યારેક 'નારાજ ફુઆ', ક્યારેક 'માનસિક નક્સલ' જેવા વિશેષણ લઈને આવ્યા

નવી દિલ્હી

કોંગ્રેસ અધ્યક્ષ મલ્લિકાર્જુન ખડગેએ પીએમ મોદીના દિલ્હીના શ્રીરામ કોલેજ ઓફ કોમર્સ (SRCC)માં વિદ્યાર્થીઓ સાથેના સંવાદને રાજકીય ભાષણ ગણાવ્યું. ખડગેએ X પર પોસ્ટ કર્યું - મોદીજી ગઈકાલે દિલ્હી યુનિવર્સિટીના SRCCમાં ગયા હતા. આ દેશના યુવાનો, શિક્ષણ અને તેમના ભવિષ્ય પર સંવાદનો અવસર હતો. પરંતુ અફસોસ, યુવાનોના સવાલોનો સામનો કરવાને બદલે ભાષણ ફરી એક રાજકીય પ્રચારમાં ફેરવાઈ ગયું. ક્યારેક નારાજ ફુઆ તો ક્યારેક માનસિક અને અર્બન નક્સલ. વિશેષણ બદલાતા રહે છે, પણ મોદી સરકારની જનવિરોધી નીતિઓ બદલાતી નથી. ખડગેએ વધુમાં લખ્યું કે વડાપ્રધાનજી, આઉટરીચ ત્યારે જ કરવી પડે છે, જ્યારે તમે આઉટ ઓફ રીચ થઈ જાઓ છો.



વડાપ્રધાનજીએ પોતાનો રિપોર્ટ કાર્ડ બતાવ્યો. દેશનો યુવાન પણ પોતાનો રિપોર્ટ કાર્ડ લઈને ઊભો છે. હલ્દ્વાની શુદ્ધિકરણ મામલે કોંગ્રેસ અધ્યક્ષ મલ્લિકાર્જુન ખડગેએ હવે વીડિયો જાહેર કરીને વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહના મૌન પર સવાલ ઉઠાવ્યા છે. ખડગેએ કહ્યું કે જો મોદી દલિત હોત અને તેમની સાથે આવું થયું હોત તો શું તેઓ ત્યારે પણ આવા જ ચૂપ રહેત.

## લોકશાહી માટે ન્યાયપાલિકા અને મીડિયાનું નિષ્પક્ષ હોવું જરૂરી: કેન્દ્રીય મંત્રી ગડકરી

નાગપુર

કેન્દ્રીય માર્ગ પરિવહન અને રાજમાર્ગ મંત્રી નીતિન ગડકરીએ કહ્યું કે તમામ સંસ્થાઓમાં મીડિયા સામે વિશ્વસનીયતાનું સંકટ સૌથી મોટી સમસ્યા છે. આજે સૌથી મોટી જરૂરિયાત એ છે કે મીડિયા પોતાની વિશ્વસનીયતા ફરીથી સ્થાપિત કરે. ગડકરી IIM નાગપુર મીડિયા કોન્ક્લેવ 2026 માં 'મીડિયા, નેતૃત્વ અને નવી વિશ્વ વ્યવસ્થા' વિષય પર બોલી રહ્યા હતા. તેમણે લોકશાહીની પ્રગતિ માટે સ્વતંત્ર-નિષ્પક્ષ ન્યાયપાલિકાની સાથે સ્વતંત્ર-નિષ્પક્ષ મીડિયાને જરૂરી ગણાવ્યું. 21મી સદીમાં દરેક ક્ષેત્ર માટે વિશ્વસનીયતા, સદ્ભાવના અને પ્રામાણિકતા સૌથી મોટી મૂડી છે. બધા ક્ષેત્રોમાં વિશ્વસનીયતા ઘટી છે, પરંતુ મીડિયાની વિશ્વસનીયતા ખૂબ જ ઘટી છે. જોકે, તેમાં તમામ મીડિયા સંસ્થાઓ સામેલ નથી. અખબારો અને મીડિયા સંસ્થાઓ કહેતી હતી કે તેઓ નક્કી કરશે કે ચૂંટણી કોણ જીતશે, પરંતુ હવે સોશિયલ મીડિયાએ આ દિશા બદલી નાખી છે. રાજકારણ સહિત તમામ ક્ષેત્રોમાં વિશ્વસનીયતાનું સંકટ છે, પરંતુ મીડિયા ક્ષેત્રમાં વિશ્વસનીયતાનું સંકટ સૌથી મોટી સમસ્યા છે. મીડિયાએ પોતાની વિશ્વસનીયતા પુનઃસ્થાપિત કરવા વિશે વિચારવું જોઈએ. જે લોકો પાસે વિશ્વસનીયતા હોય છે, તેમને પોતાનો પ્રચાર કરવાની જરૂર પડતી નથી. કેન્દ્રીય મંત્રીએ પત્રકારોને લોકો, સમાજ અને દેશના હિતમાં લખવાની સલાહ આપી.




## એલોન મસ્કનો ઈવીએમ પર મોટો ધડાકો: "EVM હેક થઈ શકે છે, ઈલેક્શન મશીનથી ન થવા જોઈએ!"

### વિશ્વના સૌથી ધનવાન ટેકનોક્રેટના નિવેદનથી ભારતીય રાજકારણ અને ચૂંટણી પંચમાં ભારે ખળભળાટ: શું લોકશાહી ટેકનોલોજીના ભરોસે જોખમમાં છે?

વોશિંગ્ટન

વિશ્વના સૌથી ધનવાન ઉદ્યોગપતિ અને ટેકનોલોજી જાયન્ટ X (ટ્વિટર) તથા ટેસ્લાના માલિક એલોન મસ્કે (Elon Musk) ઈલેક્ટ્રોનિક વોટિંગ મશીન (EVM)ની સુરક્ષા પર સણસણતો સવાલ ઉઠાવીને સમગ્ર વિશ્વ સહિત ભારતીય રાજકારણમાં મોટો ભૂકંપ સર્જી દીધો છે. મસ્કે સ્પષ્ટ શબ્દોમાં ચેતવણી આપતા જણાવ્યું છે કે, "આપણે ઈવીએમ (EVM) ને નાબૂદ કરી દેવા જોઈએ. આ મશીનોને માણસો કે AI (આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ) દ્વારા હેક કરવાનો ખતરો ખૂબ જ વધારે છે, ભલે તે જોખમ ગમે તેટલું નાનું કેમ ન હોય!" મસ્કના આ ધડાકાભેર નિવેદન બાદ ભારતમાં ઈવીએમ વિરુદ્ધ લડતા વિપક્ષોને નવું હથિયાર મળી ગયું છે, જ્યારે બીજી તરફ ચૂંટણી પંચ અને શાસક પક્ષ પોતાના બચાવમાં મેદાનમાં આવ્યા છે.

વિશ્વના દેશો કેમ EVM થી દૂર ભાગ્યા?

ઈવીએમને લઈને માત્ર ભારતમાં જ નહીં પરંતુ વિશ્વભરમાં ટેકનિકલ અને કાનૂની વિવાદો ચાલતા રહ્યા છે. વિશ્વના અનેક મહાસત્તા દેશોએ ઈવીએમને અસુરક્ષિત ગણાવીને તેના પર સંપૂર્ણ પ્રતિબંધ મૂકેલો છે:

જર્મની: જર્મનીની સુપ્રીમ કોર્ટે ૨૦૦૯માં ઈવીએમથી વોટિંગ કરાવવાને અસંવૈધાનિક જાહેર કર્યું હતું અને કાગળના બેલેટ પેપર પર પરત ફરવાનો આદેશ આપ્યો હતો.

અમેરિકા: યુએસએમાં પણ મોટાભાગના રાજ્યોમાં પેપર બેલેટ અથવા ઓપ્ટિકલ સ્કેનરનો ઉપયોગ થાય છે, જ્યાં કાગળનો રેકોર્ડ રાખવો ફરજિયાત છે.

નેધરલેન્ડ્સ અને ઈંગ્લેન્ડ: આ દેશોએ પણ હેકિંગ અને પારદર્શિતાના અભાવે ઈવીએમનો ઉપયોગ બંધ કરીને જૂની બેલેટ પેપર સિસ્ટમ અપનાવી છે.

ભારતીય ચૂંટણી પંચનો દાવો: 'અમારું EVM અલગ અને સંપૂર્ણ સુરક્ષિત'

એલોન મસ્કના નિવેદન સામે ભારતના પૂર્વ આઈટી મંત્રીઓ અને ચૂંટણી પંચે વળતો પ્રહાર કરતાં દાવો કર્યો છે કે ભારતનું EVM વિદેશી મશીનો કરતાં તદ્દન અલગ છે.

## મૃદુ નહીં, મક્કમ નિર્ણયોનો સમય: જમીન કૌભાંડોમાં ફક્ત એક-બે અધિકારીઓ પર ગાજ કેમ, ખેડા જિલ્લાના ખેલ પર કાર્યવાહી ક્યારે?

### સરદાર પટેલની મહેમદાવાદ સ્થિત જમીનથી લઈ સિંચાઈ વિભાગ સુધીની મિલકતો વેચાઈ ગઈ: રેવન્યુ અને પોલીસ વિભાગની મીલીભગત સામે ઊઠ્યા સણસણતા સવાલો

ગાંધીનગર / ખેડા

ગુજરાતમાં જમીનોમાં આચરાતી ગેરરીતિઓ અને ભ્રષ્ટાચાર સામે ભૂપેન્દ્ર પટેલ સરકારે લાલ આંખ કરી ભાવનગર અને મહેસાણાના અધિકારીઓ સામે સસ્પેન્શનનો કોરડો વીંઝ્યો છે. મુખ્યમંત્રીશ્રીના આ નિર્ણયને આવકારવામાં આવી રહ્યો છે, પરંતુ તેની સાથે જ રાજ્યભરમાંથી એક મોટો અને અણીયાળો સવાલ ઊભો થયો છે: 'શું દંડાત્મક કાર્યવાહી ફક્ત એક-બે જિલ્લા પૂરતી જ સીમિત રાખવામાં આવશે?'

**ખેડા જિલ્લામાં જમીન કૌભાંડોની વણઝાર**

ખેડા જિલ્લામાં જમીન અને સરકારી મિલકતોના બારોબાર સોદા થઈ જવાના કિસ્સાઓ અવારનવાર સામે આવ્યા છે. સ્થાનિકો અને અરજદારોના આક્ષેપ મુજબ, જિલ્લાના રેવન્યુ અને પોલીસ વિભાગના ચોપડે આવી અનેક ફરિયાદો ધૂળ ખાતી પડી છે:

સરદાર પટેલની જમીનનો સોદો: દેશના પ્રથમ ગૃહમંત્રી પૂજ્ય સરદાર વલ્લભભાઈ પટેલ સાથે જોડાયેલી મહેમદાવાદ સ્થિત ઐતિહાસિક જમીન પણ બારોબાર વેચાઈ ગઈ હોવાનો આક્ષેપ થયો હતો.

સિંચાઈ વિભાગની જમીનો પચાવી પાડી: થોડા સમય પહેલાં જ ખેડા જિલ્લામાં સિંચાઈ વિભાગની મૂલ્યવાન સરકારી જમીનો પર કબજા જમાવી દસ્તાવેજો બનાવી દેવામાં આવ્યા હતા.

કેવળ કાગળ પરની કાર્યવાહી: આવા કૌભાંડો પ્રકાશમાં આવ્યા બાદ પોલીસ અને તંત્રે માત્ર જાહેર જનતા કે ખાનગી વ્યક્તિઓ સામે ફરિયાદો નોંધીને 'કામગીરી કર્યાનો દેખાડો' કર્યો, પરંતુ આ દસ્તાવેજો બનાવનાર રેવન્યુ વિભાગના અસલી 'આકાઓ' સામે કોઈ પગલાં ન લેવાયા.

**દસ્તાવેજો બનાવનાર રેવન્યુ અધિકારીઓ કેમ બચી જાય છે?**

કોઈપણ સરકારી કે ખાનગી જમીનનું ખરીદ-વેચાણ થાય ત્યારે તેનો દસ્તાવેજ, નોંધ અને મંજૂરી રેવન્યુ (મહેસૂલ) વિભાગમાંથી જ પસાર થાય છે. ગેરરીતિયુક્ત કાગળો અને બોગસ દસ્તાવેજો સરકારી કચેરીઓમાં જ તૈયાર થતા હોવા છતાં તેને મંજૂરી આપનાર જવાબદાર અધિકારીઓ સામે ક્યારેય કડક એક્શન લેવામાં આવતા નથી.

રાજ્યમાં એકાદ-બે નીચલા સ્તરના કર્મચારીઓને સસ્પેન્ડ કરી દેવાથી કરોડોના જમીન કૌભાંડો અટકી જવાના નથી.

**મુખ્યમંત્રી પાસે કઠોર અને સર્વગ્રાહી કાર્યવાહીની માંગ**

'મૃદુ અને મક્કમ' છાપ ધરાવતા મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ માટે હવે રાજ્યભરના જમીન માફિયાઓ અને તેમને છાવરતા અધિકારીઓ સામે કઠોર નિર્ણયો લેવાનો સમય પાકી ગયો છે:

1. સર્વગ્રાહી તપાસ: ભાવનગર અને મહેસાણાની જેમ જ ખેડા જિલ્લાના રેવન્યુ અને પોલીસ વિભાગ સામે પણ સ્પેશિયલ ઈન્વેસ્ટિગેશન ટીમ (SIT) નીમી તપાસ થવી જોઈએ.
2. દસ્તાવેજ કરનાર પર સીધી એફઆઈઆર: માત્ર ખરીદનાર કે વેચનાર જ નહીં, ગેરકાયદે દસ્તાવેજો અને નોંધો મંજૂર કરનાર સબ-રજિસ્ટ્રાર, મામલતદાર અને કલેક્ટર કક્ષાના અધિકારીઓ સામે પણ ગુના દાખલ થવા જોઈએ.
3. દાખલારૂપ દંડ: સરકારી જમીનો પચાવી પાડવાના તમામ જૂના કેસો રી-ઓપન કરીને દોષિત અધિકારીઓની સંપત્તિ જપ્ત કરવા સુધીના મજબૂત પગલાં લેવાય તો જ સિસ્ટમમાંથી ભ્રષ્ટાચાર નાબૂદ થશે.

## એક નજર...

### જ્યોર્જિયા એન્ડ્રિયાનીની બોલ્ડ તસવીરોએ વધાર્યો તાપમાનનો પારો



જ્યોર્જિયા એન્ડ્રિયાની એક ઈટાલિયન અભિનેત્રી અને મોડલ છે, જેણે ભારતીય મનોરંજન જગતમાં પણ પોતાની ઓળખ બનાવી છે.જ્યોર્જિયાએ મોડલિંગથી કરિયરની શરૂઆત કરી અને ત્યારબાદ ફિલ્મો તથા મ્યુઝિક વીડિયોમાં જોવા મળી છે. બોલિવૂડમાં જ્યોર્જિયા પોતાની ગ્લેમરસ સ્ટાઈલ અને સુંદર લુકને કારણે ઘણીવાર ચર્ચામાં રહે છે.

## NEWS TRACK

### અમેરિકી મંત્રીએ કેનેડાને 'ભસતો નાનો કૂતરો' ગણાવ્યું:કહ્યું- પીએમ કાર્નીએ બેસ્ટ ટ્રેડ ડીલ ઠુકરાવી

અમેરિકી નાણા મંત્રી સ્કોટ બેસેન્ટે કેનેડાની સરખામણી નાના કૂતરા સાથે કરી. અમેરિકા સાથે કેનેડાની ટ્રેડ ડીલ ન થવા પર તેમણે કેનેડાની સરખામણી મોટા કૂતરાને પરેશાન કરનાર ભસતા નાના કૂતરા સાથે કરી. ફોક્સ ન્યૂઝને આપેલા ઈન્ટરવ્યુમાં બેસેન્ટે કહ્યું- મારી પાસે એક જર્મન શેફર્ડ કૂતરો હતો. પાર્કમાં એક નાનો કૂતરો તેના પર સતત ભસતો રહેતો હતો. આ સ્થિતિ મને તેની જ યાદ અપાવે છે. ઘણા સમય સુધી જર્મન શેફર્ડ તેને અવગણે છે. પછી એક દિવસ તેની પણ ધીરજ ખૂટી ગઈ. તેમણે કેનેડિયન વડાપ્રધાન માર્ક કાર્ની પર શ્રેષ્ઠ વેપાર કરારને ઠુકરાવવાનો આરોપ પણ લગાવ્યો. વાસ્તવમાં, અમેરિકા અને કેનેડા વચ્ચે 19-21 ઓગસ્ટમાં થયેલી ત્રણ દિવસની વેપાર વાટાઘાટો પછી ડીલ થઈ શકી ન હતી. પીએમ માર્ક કાર્નીનું કહેવું હતું કે અમેરિકાએ છેલ્લી ઘડીએ ડીલની શરતો બદલી દીધી હતી. જ્યારે અમેરિકાએ કહ્યું કે તેમણે સારી ઓફર આપી હતી. અમેરિકી નાણા મંત્રી બેન્સેટે એમ પણ કહ્યું કે કેનેડા સાથેના વ્યાપાર યુદ્ધની અમેરિકાની કિંમતો પર બહુ ઓછી અસર થશે.

### ઈન્ડોનેશિયામાં ધગધગતા લાવા સાથે ફાટ્યો ભયાનક જ્વાળામુખી, આકાશમાં 50,000 ફૂટ ઊંચે સુધી પહોંચી રાખ

ઈન્ડોનેશિયાના માઉન્ટ અનાક ક્રાકાટોઆમાં રવિવારે જોરદાર વિસ્ફોટ થયો. જ્વાળામુખીમાંથી નીકળેલી રાખ લગભગ 50 હજાર ફૂટની ઊંચાઈ સુધી પહોંચી ગઈ. એરપોર્ટ ઓપરેટરના જણાવ્યા અનુસાર, વિસ્ફોટના કારણે 301 ફ્લાઇટ્સ પ્રભાવિત થઈ. જેમાં 58 ઈન્ટરનેશનલ ફ્લાઇટ્સ પણ સામેલ છે. હાલમાં જાન-માલના નુકસાનની કોઈ જાણકારી સામે આવી નથી. જ્વાળામુખીની રાખ હવા સાથે ઉડીને એરપોર્ટ સુધી પહોંચી ગઈ હતી. આ પછી, મુસાફરોની સુરક્ષાને ધ્યાનમાં રાખીને એરપોર્ટ પર ફ્લાઇટ્સ રોકવી પડી. સિંગાપોર એરલાઈન્સે રવિવારની જકાર્તા આવતી-જતી તમામ ફ્લાઇટ્સ રદ કરી દીધી. એરએશિયાએ પણ ઘણી ફ્લાઇટ્સ રદ કરી અથવા રી-શેડ્યૂલ કરી. ગરુડ ઈન્ડોનેશિયાએ મુસાફરોને એરપોર્ટ આવતા પહેલાં તેમની ફ્લાઇટની સ્થિતિ અને સત્તાવાર ડિજિટલ ચેનલ તપાસવા જણાવ્યું. અનાક ક્રાકાટોઆમાં શુક્રવારે મોડી રાતથી સતત વિસ્ફોટ થઈ રહ્યા છે. તે 2 જુલાઈથી એલર્ટ લેવલ-3 પર છે.

ફ્રી ઈ-કોપી માટે ફક્ત Hi લખો 9662420070

# ગુજરાત પોલીસનો 'ડ્રગ્સ ફ્રી ગુજરાત' માટે મહાનિર્ણય: Anti-Narcotics Wing થશે વધુ મજબૂત

ગાંધીનગર

રાજ્યમાંથી નશાના કાળા કારોબારને કાયમ માટે સમૂળગો ઉખેડી ફેંકવા અને યુવાધનને બરબાદીના આરે જતાં અટકાવવા માટે ગુજરાત ગૃહ વિભાગ અને ગુજરાત પોલીસે એક અત્યંત ઐતિહાસિક અને આકરો નિર્ણય લીધો છે. 'ડ્રગ્સ ફ્રી ગુજરાત' (Drug Free Gujarat) ના સંકલ્પ સાથે પોલીસે ડ્રગ્સ નેટવર્કની કમર તોડી નાખવા માટે ખાસ એન્ટી-નાર્કોટિક્સ સેલ/વિંગને વધુ સુસજ્જ, આધુનિક અને પાવરફુલ બનાવવાનો સપાટો બોલાવ્યો છે. પાકિસ્તાન અને આંતરરાષ્ટ્રીય સરહદો દ્વારા ગુજરાતના વિશાળ દરિયાકિનારાનો ઉપયોગ કરીને ઘૂસાડવામાં આવતા કરોડો રૂપિયાના હેરોઈન, એમડી ડ્રગ્સ (MD Drugs) અને ચરસ જેવા જીવલેણ નશાના જથ્થાને રોકવા માટે સીમાડાઓ પર અભેદ્ય સુરક્ષા કવચ ઊભું કરવામાં આવ્યું છે. મરીન પોલીસ, કોસ્ટ ગાર્ડ અને એટીએસ (ATS) સાથે સંકલન સાધીને દરિયાઈ માર્ગે થતી તસ્કરી પર બાજ નજર રાખવામાં આવી રહી છે.

આ સિવાય, અમદાવાદ, સુરત, વડોદરા અને રાજકોટ જેવા મોટા શહેરોની નાઈટ ક્લબ, ફાર્મહાઉસ અને શંકાસ્પદ હોટલો પર સ્પેશિયલ સ્ક્વોડ દ્વારા અચાનક દરોડા પાડવાની આક્રમક વ્યૂહરચના ગોઠવવામાં આવી છે. હવે ડ્રગ્સ સપ્લાયર્સ અને પેડલરો માત્ર શેરી-મોહલ્લામાં જ નહીં, પરંતુ સોશિયલ મીડિયા અને ડાર્ક વેબ (Dark Web) ના માધ્યમથી ક્રિપ્ટોકરન્સી વડે પણ કાળો કારોબાર ચલાવી રહ્યા છે. ગુજરાત પોલીસના સાયબર સેલ અને એન્ટી-નાર્કોટિક્સ વિંગે આ ડિજિટલ નેટવર્કને ટ્રેક કરવા માટે હાઈટેક સોફ્ટવેર અને ખાસ તાલીમબદ્ધ ટીમ તૈયાર કરી છે.

# વડોદરામાં ક્રેડિટ કાર્ડના નામે 18.87 લાખની સનસનાટીભરી સાયબર લૂંટ: વેપારી ફેંકાયો કંગાળિયતના આરે!

વડોદરા

સાંસ્કૃતિક નગરી વડોદરામાંથી સાયબર ક્રાઈમની એક અત્યંત ભયાનક અને લાલબત્તી સમાન ઘટના સામે આવી છે. ટેકનોલોજી અને ડિજિટલ બેંકિંગના આ યુગમાં સાયબર માફિયાઓ કેવી રીતે નિર્દોષ અને ભોળા નાગરિકોને પોતાની જાળમાં ફસાવે છે, તેનો તાજો કિસ્સો વડોદરાના એક પ્રતિષ્ઠિત વેપારી સાથે બન્યો છે. ક્રેડિટ કાર્ડની લિમિટ વધારી આપવાની લોભામણી લાલચ આપીને ઠગ ટોળકીએ બેંકના સત્તાવાર કર્મચારી હોવાનો બોગસ સ્વાંગ રચી વેપારીના ખાતામાંથી ૧૮.૮૭ લાખની મસમોટી રકમ ચાંઉ કરી લીધી છે! પોલીસ ફરિયાદ અને મળતી વિગતો મુજબ, શાતિર સાયબર ઠગોએ અત્યંત આયોજનબદ્ધ રીતે આ આખી લૂંટને અંજામ આપ્યો હતો. વેપારી પર એક અજાણ્યા નંબર પરથી ફોન આવ્યો હતો. સામેવાળા વ્યક્તિએ પોતે જાણીતી બેંકનો કસ્ટમર કેર / ક્રેડિટ કાર્ડ ડિપાર્ટમેન્ટનો સિનિયર ઓફિસર હોવાની ઓળખ આપી હતી. આરોપીએ વેપારીને વિશ્વાસમાં લેતા કહ્યું કે તેમની ક્રેડિટ કાર્ડ હિસ્ટ્રી સારી હોવાથી કંપની તરફથી મફતમાં લિમિટ વધારી આપવામાં આવી રહી છે. ઠગોએ પોતાની મીઠી-મીઠી વાતોમાં વેપારીને એવી રીતે ફસાવ્યા કે વેપારીએ વિશ્વાસ મૂકીને પોતાના મોબાઈલ પર આવેલા વન ટાઈમ પાસવર્ડ (OTP) અને બેંકિંગ ડિટેલ્સ શેર કરી દીધી.

# કિંજલ રબારી ફરી ગાયબ! અપહરણ થયું કે સ્વેચ્છાએ ગઈ?

અમદાવાદ

ગુજરાતની જાણીતી લોકગાયિકા કિંજલ રબારી ફરી એકવાર વિવાદોના વટોળમાં ઘેરાઈ છે. ચાંદખેડા વિસ્તારમાં આવેલા CBD મોલ પાસેથી કિંજલ રબારી ગાયબ થઈ હોવાની અને કાળા રંગની ગાડીમાં તેનું અપહરણ કરવામાં આવ્યું હોવાના સમાચારથી સ્થાનિક પોલીસ તંત્રમાં ભારે દોડધામ મચી ગઈ છે. આ ઘટના બાદ કિંજલ રબારીનું ખરેખર અપહરણ થયું છે કે પછી તે પોતાના પૂર્વ પતિ અશોક ચૌધરી સાથે સ્વેચ્છાએ ગઈ છે, તે અંગે અનેક તર્ક-વિતર્કો સર્જાયા છે.

પ્રાપ્ત માહિતી અનુસાર, ચાંદખેડા પોલીસને CBD મોલ પાસેથી લોકગાયિકા કિંજલ રબારીનું અપહરણ થયું હોવા અંગેનો મેસેજ મળ્યો હતો. ઘટનાની ગંભીરતાને ધ્યાને રાખીને ચાંદખેડા પોલીસનો કાફલો તાત્કાલિક સ્થળ પર પહોંચ્યો હતો અને મોલની આસપાસના CCTV ફૂટેજ ચકાસવાની કામગીરી હાથ ધરી હતી. તપાસ દરમિયાન પોલીસને પ્રાથમિક સંકેતો મળ્યા છે કે શંકાસ્પદ વાહન મહેસાણા તરફ ગયું હોઈ શકે છે. ઉલ્લેખનીય છે કે, કિંજલ રબારી અને અશોક ચૌધરી વચ્ચેના સંબંધો અગાઉ પણ ભારે ચર્ચામાં રહ્યા છે. બંનેના પ્રેમલગ્ન બાદ પરિવાર અને સામાજિક દબાણ હેઠળ છૂટાછેડાનો કેસ રાધનપુર ફેમિલી કોર્ટમાં ચાલી રહ્યો હતો. ગત જૂન મહિનામાં પણ કોર્ટ કાર્યવાહી બાદ પરત ફરતી વખતે અશોક ચૌધરી પર હુમલાનો પ્રયાસ થયો હતો.

# અમદાવાદના ઓઢવમાં સ્પા સેન્ટરની આડમાં ડ્રગ્સનો કાળો કારોબાર: ક્રાઈમ બ્રાન્ચે પાડ્યા દરોડા

અમદાવાદ

અમદાવાદ શહેરમાં મસાજ અને સ્પા સેન્ટરોના નામે ચાલતા ગેરકાયદે કારનામાઓ પર અમદાવાદ ક્રાઈમ બ્રાન્ચે લાલ આંખ કરી છે. પૂર્વ વિસ્તારના ઓઢવ ખાતે આવેલા એક સ્પા સેન્ટર પર ક્રાઈમ બ્રાન્ચની ટીમે ગુપ્ત બાતમીના આધારે દરોડો પાડીને ૨૧૨.૯ ગ્રામ જેટલું અત્યંત ઘાતક MD (મેફેડ્રોન) ડ્રગ્સનો જથ્થો ઝડપી પાડ્યો છે. બજારમાં આ જપ્ત કરાયેલા ડ્રગ્સની અંદાજિત કિંમત ૬.૩૮ લાખ આંકવામાં આવી છે.

સ્પા સેન્ટરમાંથી ડ્રગ્સનો જથ્થો મળી આવતાં જ સમગ્ર વિસ્તારમાં ભારે અફરાતફરી મચી ગઈ છે. પોલીસ દ્વારા ઘટનાસ્થળેથી ૨૩ વર્ષીય એક આશાસ્પદ યુવક આરોપી તરીકે પકડાયો છે. સ્પા સેન્ટરમાં આવતા ગ્રાહકો કે નશાના બંધાણીઓને મસાજની આડમાં મોંઘા ભાવે એમડી ડ્રગ્સ સપ્લાય કરવામાં આવતું હતું. ક્રાઈમ બ્રાન્ચે સ્થળ પરથી ૨૧૨.૯ ગ્રામ MD ડ્રગ્સ, પેકિંગ મટિરિયલ અને અન્ય ચીજવસ્તુઓ જપ્ત કરી આરોપીની અટકાયત કરી લીધી છે. અમદાવાદ ક્રાઈમ બ્રાન્ચે આ મામલે NDPS એક્ટ હેઠળ ગુનો નોંધીને ઊંડાણપૂર્વક તપાસ હાથ ધરી છે.

## 'ફિમેલ સર્ચ એન્જિન'નો ભયાનક ખેલ

# ડિજિટલ સુરક્ષાના ધજાગરા: ગુજરાતની 3,400 સહિત દેશની 4 કરોડ મહિલાઓનો અત્યંત અંગત ડેટા લીક!!

### માત્ર 400માં યુવતીઓનું નામ નાખો અને ખાનગી વિગતો ખરીદો, સાયબર ક્રાઈમની મોટી નિષ્ફળતા?



અમદાવાદ

ડિજિટલ યુગમાં મહિલાઓની સુરક્ષા અને પ્રાઈવસી સામે અત્યાર સુધીનો સૌથી મોટો અને ભયાનક ખતરો સામે આવ્યો છે. ગુજરાતની આશરે ૩,૪૦૦ અને સમગ્ર દેશની ૪ કરોડથી વધુ મહિલાઓનો અત્યંત સંવેદનશીલ અને અંગત ડેટા ડાર્કવેબ તથા ટેલિગ્રામ જેવા પ્લેટફોર્મ્સ પર વેચાઈ રહ્યો હોવાનો ચોંકાવનારો ખુલાસો થયો છે. અસામાજિક તત્વો દ્વારા 'ફિમેલ સર્ચ એન્જિન' નામનું એક ગેરકાયદેસર પોર્ટલ/બોટ ઊભું કરવામાં આવ્યું છે, જ્યાં માત્ર ૪૦૦ ચૂકવીને કોઈપણ યુવતી કે મહિલાની તમામ ખાનગી વિગતો આસાનીથી ખરીદી શકાય છે!

તપાસ અને અહેવાલો મુજબ, સાયબર માફિયાઓ દ્વારા મહિલાઓની અંગત પ્રાઈવસીનો ખુલ્લેઆમ સોદો કરવામાં આવી રહ્યો છે: નામ નાખો અને ડેટા મેળવો: આ સર્ચ એન્જિનમાં કોઈપણ યુવતીનું નામ, સોશિયલ મીડિયા આઈડી કે મોબાઈલ નંબર નાખતા જ તેની તમામ અંગત કુંડળી સ્ક્રીન પર આવી જાય છે. ૪૦૦માં સોદો: માત્ર ૪૦૦થી ૫૦૦ જેવી મામૂલી રકમ ચૂકવીને કોઈપણ વ્યક્તિ મહિલાઓનું સરનામું, લાઈવ લોકેશન, પરિવારની વિગતો, ખાનગી ફોટા અને મોબાઈલ નંબર એક્સેસ કરી શકે છે.

ડેટા ક્યાંથી ચોરાયો?: શોપિંગ એપ્સ, બ્યુટી પાર્લર ડેટાબેઝ, હેલ્થ કેર એપ્લિકેશન્સ અને વિવિધ ઓનલાઈન પોર્ટલ્સ પરથી આ કરોડો મહિલાઓનો ડેટા ચોરી કરીને એકત્રિત કરવામાં આવ્યો હોવાની પ્રબળ આશંકા છે.

મહિલાઓની સુરક્ષા સામે મોટો ખતરો: સાયબર ક્રાઈમ સામે સવાલો

આ રીતે કરોડો મહિલાઓની વિગતો જાહેર થઈ જવાથી સ્ટેકિંગ (પીછો કરવો), ડિજિટલ એરેસમેન્ટ, બ્લેકમેલિંગ અને સાયબર ફ્રોડ જેવા ગંભીર ગુનાઓમાં મોટો ઉછાળો આવવાની દહેશત છે.

ગુજરાતના અમદાવાદ, સુરત, વડોદરા અને રાજકોટ જેવા મોટા શહેરોની હજારો યુવતીઓનો ડેટા આ લીકમાં સામેલ હોવાથી વાલીઓ અને મહિલાઓમાં ભારે ફફડાટ વ્યાપી ગયો છે. સાયબર સેલ અને ગૃહ મંત્રાલય તાત્કાલિક ધોરણે આ ગેરકાયદે સર્ચ એન્જિનને બ્લોક કરે અને ડેટા વેચનાર માફિયાઓને જેલના સળિયા પાછળ ધકેલે તેવી ઉગ્ર માંગ ઉઠી રહી છે.

## 'ઓપરેશન ગંગાજળ'માં વધુ 2 અધિકારીઓ સામે સરકારની કાર્યવાહી

# જમીન દફ્તર સંબંધિત કામગીરી સાથે સંકળાયેલા વર્ગ-1ના સુપ્રિટેન્ડન્ટ અને વર્ગ-2ના અધિકારી ફરજ મોકૂફ

ગાંધીનગર

રાજ્ય સરકાર દ્વારા સરકારી તંત્રમાં ગેરરીતિ અને ફરજમાં બેદરકારી સામે કાર્યવાહીનો દોર યથાવત્ રાખવામાં આવ્યો છે. 'ઓપરેશન ગંગાજળ' હેઠળ સરકારે વધુ બે અધિકારીઓને ફરજ મોકૂફ કરવાનો મહત્વનો નિર્ણય લીધો છે. આ બંને અધિકારીઓ મહેસૂલ વિભાગ હેઠળ જમીન દફ્તર સંબંધિત કામગીરી સાથે સંકળાયેલા હોવાનું સામે આવ્યું છે.



સરકારના નિર્ણય મુજબ ભાવનગર ખાતે જમીન દફ્તર નિરીક્ષક તરીકે ફરજ બજાવતા વર્ગ-2ના કે.એ. પડ્યાને ફરજ મોકૂફ કરવામાં આવ્યા છે. તેમની સામેની કાર્યવાહી અંતર્ગત તેમને હાલની ફરજ પરથી દૂર કરવામાં આવ્યા છે.

બીજી તરફ, મહેસાણા ખાતે ફરજ બજાવતા વર્ગ-1ના સુપ્રિટેન્ડન્ટ ઓફ લેન્ડ રેકર્ડ્સ બિકીશા પટેલને પણ સરકારે ફરજ મોકૂફ કરવાનો નિર્ણય લીધો છે. એક જ સમયે વર્ગ-1 અને વર્ગ-2ના અધિકારી સામે થયેલી આ કાર્યવાહી મહત્વની માનવામાં આવી રહી છે.

જમીન દફ્તર અને લેન્ડ રેકર્ડ્સ સાથે સંકળાયેલા અધિકારીઓ સામે સરકાર દ્વારા કાર્યવાહી કરવામાં આવી છે. 'ઓપરેશન ગંગાજળ' અંતર્ગત સરકારી કામગીરીમાં ગેરરીતિ, અનિયમિતતા અથવા ફરજ સંબંધિત ગંભીર બાબતોને લઈને તપાસ અને કાર્યવાહીનો દોર ચાલી રહ્યો છે. તેના ભાગરૂપે હવે વધુ બે અધિકારીઓને ફરજ મોકૂફ કરવામાં આવ્યા છે.

સરકારના આ નિર્ણયથી સ્પષ્ટ સંકેત મળી રહ્યો છે કે સરકારી કચેરીઓમાં કામગીરી દરમિયાન નિયમોનું પાલન ન કરનાર અધિકારીઓ સામે સરકાર કડક કાર્યવાહી કરી રહી છે. ખાસ કરીને જમીન અને મહેસૂલ વિભાગમાં લોકો સાથે સીધી રીતે જોડાયેલી કામગીરી હોવાથી સરકારનું ધ્યાન આ વિભાગની કામગીરી પર હોવાનું માનવામાં આવી રહ્યું છે.

# અંબાજી ભાદરવી મહામેળા માટે વહીવટી તંત્રની તૈયારીઓ શરૂ

અંબાજી

આગામી 20 થી 26 સપ્ટેમ્બર દરમિયાન ભાદરવી મહામેળો યોજાશે. આ મેળા માટે વહીવટી તંત્ર દ્વારા તડામાર તૈયારીઓ શરૂ કરી દેવામાં આવી છે. યાત્રિકોની સુવિધાઓ માટે જિલ્લાની 29 કમિટીઓ તૈયાર કરવામાં આવી છે. અંબાજી તરફ જતા અલગ અલગ માર્ગો પર વિસામા તૈયાર કરવામાં આવ્યા છે. દરેક માર્ગ પર મોટા પાર્કિંગ બનાવાયા છે, જે CCTV કેમેરાથી સજ્જ રહેશે. આ વિસામાઓમાં રહેવાની, મેડિકલ સુવિધા, ટોયલેટ-બાથરૂમ અને મોબાઈલ ચાર્જિંગ સહિતની વ્યવસ્થાઓ ઉપલબ્ધ કરાવાશે. હાલમાં મંદિરમાં 160 જેટલા CCTV કેમેરા કાર્યરત છે. મેળા દરમિયાન અંબાજી નગરમાં 400 કરતાં વધુ CCTV કેમેરા લગાવવામાં આવશે, જેથી સુરક્ષા વ્યવસ્થા વધુ મજબૂત બનશે. અંબાજી નગરમાં પ્રથમ વખત મંદિર ટ્રસ્ટના ભોજનાલય સિવાય અન્ય



ચાર જગ્યાએ ભોજન ભંડારાઓ શરૂ કરવામાં આવશે. દાતાઓના સહયોગથી આ ચાર ભોજન ભંડારા નિઃશુલ્ક રહેશે. હાલમાં ભારે ટ્રાફિકને ધ્યાનમાં રાખીને મંદિરે પ્રસાદનો પૂરતો સ્ટોક પણ તૈયાર કરી લેવાયો છે. મંદિરમાં દર્શન માટે શક્તિ દ્વારથી બે લાઈનની વ્યવસ્થા શરૂ કરી દેવામાં આવી છે.

# ડભોઇ-સમલાયા રેલવે લાઈનમાં જમીન સંપાદનનો મસમોટો ખેલ

### 70-80 ખેડૂતોનું વળતર રાતોરાત અડધું કરી દેવાતાં સણસણતો આક્રોશ!

ડભોઇ

વડોદરા જિલ્લાના ડભોઇ તાલુકામાં આવેલ તરસાણા ગામના ખેડૂતો પર સરકારી તંત્ર અને રેલવે વિભાગની દાદાગીરીનો ભયાનક કોપ વરસ્યો છે. ડભોઇ-સમલાયા નેરોગેજ રેલવે લાઈનને બ્રોડગેજમાં રૂપાંતરિત કરવા માટે જમીન સંપાદનની પ્રક્રિયા હાથ ધરવામાં આવી છે. પરંતુ આ પ્રક્રિયામાં કાયદાકીય લોચો મારીને આશરે ૭૦ થી ૮૦ જેટલા ખેડૂતોને મળવાપાત્ર કાયદેસરનું વળતર રાતોરાત અડધું કરી નાખવામાં આવતાં સમગ્ર પંથકના ખેડૂતોમાં ભારે રોષ ભભૂકી ઊઠ્યો છે. આજે રોષે ભરાયેલા ખેડૂતોએ સ્થળ પર એકઠા થઈને ઉગ્ર વિરોધ પ્રદર્શન કર્યું હતું.



જ્યારે રેલવે લાઈન સંપાદનનું પ્રાથમિક જાહેરનામું બહાર પાડવામાં આવ્યું ત્યારે તરસાણા ગામમાં 'ગ્રામ પંચાયત'નો વહીવટ હતો. નવા જમીન સંપાદન કાયદા મુજબ ગ્રામ્ય વિસ્તાર ગણીને 'બે નો ગુણાંક' અને તેના પર ૧૦૦% આશ્વાસન રકમ સાથે વળતરનો એવોર્ડ તૈયાર કરાયો હતો.

ત્યારબાદ આ ગામનો સમાવેશ ડભોઇ નગરપાલિકામાં થઈ જતાં વહીવટી તંત્રે અજબ-ગજબની રમત રમી! જંત્રીના ભાવ ગ્રામ્ય વિસ્તારના રાખ્યા, પણ વળતરનો ગુણાંક 'બે' માંથી ઘટાડીને 'એક' કરી દીધો! આ તુઘલકી નીતિના કારણે ખેડૂતોના હાથમાં આવનારી રકમ અડધી થઈ ગઈ. ખેડૂતોનો સીધો આક્ષેપ છે કે જંત્રી ગ્રામ્યની ગણતા હોવ તો વળતર ચાર ગણું કેમ નહીં?

આ અન્યાયી એવોર્ડ સામે આકરા પાણીએ થયેલા ખેડૂતોએ હવે ગુજરાત હાઈકોર્ટના દ્વાર ખખડાવ્યા છે અને કાયદા મુજબ પૂરેપૂરું વળતર મેળવવા દાવો ઠોકી દીધો છે. માત્ર વળતર જ નહીં, પરંતુ રેલવેની આ યોજનાથી ખેડૂતોની આજીવિકા પર જ મોટો ખતરો ઊભો થયો છે.

## રાજકોટના જસદણમાં

# વન વિભાગના કર્મચારીઓ અને માલધારીઓ વચ્ચે લોહિયાળ જંગ

### 4 વનકર્મી સહિત 5 ગંભીર રીતે ઈજાગ્રસ્ત, રસ્તા પર સરેઆમ હિંસક ધિંગાણું!

રાજકોટ

રાજકોટ જિલ્લાના જસદણ તાલુકામાં વન વિભાગના કર્મચારીઓ અને સ્થાનિક માલધારીઓ વચ્ચે થયેલા તીવ્ર અને ઘાતક ઘર્ષણે સમગ્ર વિસ્તારમાં ભારે સનસનાટી મચાવી દીધી છે. જંગલ (વીડી) વિસ્તારમાં ઢોર ચરાવવા જેવી બાબતે શરૂ થયેલી સામાન્ય બોલાચાલીએ જોતજોતામાં ઉગ્ર સ્વરૂપ ધારણ કરી લીધું હતું અને વાત લાકડીઓ તથા હથિયારો વડે રક્તપાત સુધી પહોંચી ગઈ હતી.



પ્રાપ્ત વિગતો અનુસાર, જસદણના ફૂલઝરથી સોમનાથ જવાના માર્ગ પર વન વિભાગની ટીમ અને માલધારીઓ સામસામે આવી ગયા હતા. વન વિભાગના કર્મચારીઓએ વીડી વિસ્તારમાં ગેરકાયદેસર રીતે ઢોર ચરાવવાની મનાઈ ફરમાવતા જ માલધારીઓ ઉશ્કેરાઈ ગયા હતા. ક્ષણવારમાં જ વાતાવરણ વણસી ગયું હતું અને માલધારીઓએ વનકર્મીઓ પર હુમલો કરી દીધો હતો. આ લોહિયાળ અથડામણમાં વન વિભાગના ૪ કર્મચારીઓ સહિત કુલ ૫ લોકો ગંભીર રીતે ઈજાગ્રસ્ત થયા છે. તમામ ઈજાગ્રસ્તોને તાત્કાલિક લોહીલુહાણ હાલતમાં સારવાર અર્થે હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા છે.

સરેઆમ બનેલી આ હિંસક ઘટનાનો વિડીયો સોશિયલ મીડિયા પર વાયરલ થતાં જ પંથકમાં ભારે હડકંપ મચી ગયો છે. વિડીયોમાં સ્પષ્ટપણે જોઈ શકાય છે કે કેવી રીતે સામસામે ઘાતક પ્રહારો કરવામાં આવી રહ્યા છે. ઘટનાની ગંભીરતાને ધ્યાને રાખીને રાજકોટ ગ્રામ્ય પોલીસે તાત્કાલિક અસરથી વાયરલ વિડીયોના આધારે ગુનો નોંધી તપાસનો ધમધમાટ શરૂ કર્યો છે. સરકારી કર્મચારીઓ પર હુમલો કરનારા અસામાજિક તત્વો અને હુમલાખોરોને ઝડપી પાડી જેલભેગા કરવા માટે પોલીસે ચક્ર ગતિમાન કર્યા છે.

# સુરતમાં હોટફિક્સ પ્લાસ્ટિકનો કચરો બન્યો આફત: “હોટફિક્સનો ધંધો નહીં, એનો કચરો હટાવો” : ગોપાલ ઈટાલિયા

## રહેણાંક વિસ્તારોમાં સળગતા કચરાથી નાગરિકોનું દમ ઘૂંટાયું: તંત્ર અને શાસકોની નાકામી સામે વિપક્ષી નેતાઓ રસ્તા પર!

સુરત

ડાયમંડ અને ટેક્સટાઈલ સિટી તરીકે ઓળખાતા સુરત શહેરમાં હાલ 'હોટફિક્સ' (વસ્ત્રો પર ડાયમંડ/સ્ટોન ચોંટાડવાની પ્રક્રિયા) ઉદ્યોગમાંથી નીકળતો પ્લાસ્ટિકનો કચરો નાગરિકો માટે મોટો આફતરૂપ સાબિત થઈ રહ્યો છે. વરાછા, કતારગામ અને પૂર્વ ઝોનના રહેણાંક વિસ્તારોમાં ઠેર-ઠેર ફેંકવામાં આવતા આ પ્લાસ્ટિકના કચરા અને તેમાં લાગતી આગના કારણે લોકોનું જીવવું હરામ થઈ ગયું છે. આ ગંભીર મુદ્દે આકરા પાણીએ થયેલા વિસાવદરના ધારાસભ્ય અને વિપક્ષી નેતા ગોપાલ ઈટાલિયાએ શાસકો સામે મોરચો માંડ્યો છે અને તીખો પ્રહાર કરતા જણાવ્યું છે કે, “સુરતમાં હોટફિક્સનો ધંધો બંધ કરાવવાની વાત નથી, પણ હોટફિક્સમાંથી નીકળતો ઝેરી કચરો હટાવો!” સુરતના વરાછા અને આસપાસના વિસ્તારો હવે ઔદ્યોગિક હબમાં ફેરવાઈ ગયા છે, જ્યાં ટેક્સટાઈલ સાથે સંકળાયેલા હોટફિક્સ યુનિટ્સ બેફામ ચાલતા રહે છે. જોકે, તેના નિકાલની યોગ્ય વ્યવસ્થાના અભાવે આ ઝેરી પ્લાસ્ટિક કચરો ખુલ્લામાં નાખી દેવાય છે. આગ અને પ્રદૂષણનો ત્રાસ: તાજેતરમાં જ માત્ર ૪ દિવસની અંદર આ હોટફિક્સ કચરામાં આગ લાગવાની ૧૩થી વધુ ઘટનાઓ સામે આવી છે. તેમાંથી નીકળતો કાળો અને ઝેરી ધુમાડો શ્વાસ અને ફેફસાંની ગંભીર બીમારીઓ નોતરી રહ્યો છે. શેરીઓ અને રસ્તાના કિનારે ઢગલા થતા હોટફિક્સ કચરાના કારણે સ્થાનિક રહીશો અને બાળકોમાં ભય અને રોગચાળાનો માહોલ સર્જાયો છે. જ્યારે સત્તાધારી પક્ષના પોતાના જ સ્થાનિક નેતાઓ અને ધારાસભ્યો કમિશનરને પત્રો લખીને અધિકારીઓની સમયસર કાર્યવાહી ન કરવાની નાકામી સામે પ્રશ્નો ઉઠાવી રહ્યા છે, ત્યારે આમ આદમી પાર્ટી (AAP) અને ગોપાલ ઈટાલિયાએ તંત્ર સામે સીધો જંગ છેડ્યો છે. સુરત મહાનગરપાલિકા (SMC) ના અધિકારીઓ અને શાસકોની ઘોર નિંદ્રા ઉડાડવા માટે 'આપ'ના કાર્યકરોએ હોટફિક્સ કચરો લઈને મેયરના સરકારી નિવાસસ્થાને ઠાલવવાનો પ્રયાસ પણ કર્યો હતો, જે બાદ પોલીસ દ્વારા કાર્યકરોની અટકાયત કરવામાં આવી હતી. ગોપાલ ઈટાલિયાએ ચીમકી આપતા જણાવ્યું હતું કે સુરતના વેપારીઓ અને નાના કારીગરો રોજીરોટી કમાય છે તેની સામે વાંધો નથી, પરંતુ આ ઉદ્યોગનો પ્લાસ્ટિક વેસ્ટ નાગરિકો માટે જીવલેણ બનવો જોઈએ નહીં.

પાક્કો ગુજરાત
સોમવાર | 07 સપ્ટેમ્બર 2026 | અમદાવાદ

### આંકડા જે હોશ ઉડાવી દે: દાન કરોડોનું, ખર્ચ લાખોનો!

# ગુજરાતમાં 4,300 કરોડનું ગુમનામ ફંડિંગ: રાહુલ ગાંધીના સવાલોથી ચૂંટણી પંચ અને રાજકારણમાં ખળભળાટ મચ્યો

### અજ્ઞાત 10 પક્ષો, માત્ર 43 ઉમેદવારો અને 14,500 મતો છતાં કરોડોનું ભંડોળ: 'મની લોન્ડરિંગ' કે કાળા નાણાંનો ખેલ?



**અમદાવાદ**

લોકસભામાં વિપક્ષી નેતા અને કોંગ્રેસના સાંસદ રાહુલ ગાંધીએ એક ચોંકાવનારા મીડિયા રિપોર્ટને ટાંકીને દેશના ચૂંટણી પંચ અને શાસક પક્ષ સામે આકરા પ્રહારો કર્યા છે. ગુજરાતમાં નોંધાયેલા અને લોકમાનસમાં તદ્દન અજ્ઞાત એવા ૧૦ રાજકીય પક્ષોને વર્ષ ૨૦૧૯-૨૦થી ૨૦૨૩-૨૪ દરમિયાન ૪,૩૦૦ કરોડનું જંગી દાન (Donations) મળ્યું હોવાનો સણસણતો દાવો સામે આવ્યો છે. આ આંકડો બહાર આવતા જ ભારતીય રાજકારણમાં મોટા ધમાકા સાથે ભારે ચર્ચા જાગી છે.

મીડિયા અહેવાલો મુજબ, આ ૧૦ ગુમનામ પાર્ટીઓએ ૨૦૧૯ અને ૨૦૨૪ની લોકસભા તેમજ ૨૦૨૨ની ગુજરાત વિધાનસભા એમ ત્રણ મોટી ચૂંટણીઓમાં મળીને કુલ માત્ર ૪૩ ઉમેદવારો ઊભા રાખ્યા હતા. આ તમામ ઉમેદવારોને મળીને સમગ્ર ગુજરાતમાંથી માત્ર ૫૪,૦૬૯ મતો જ મળ્યા હતા.

ચૂંટણી ખર્ચ અને ઓડિટ રિપોર્ટ વચ્ચે આસમાન-જમીનનો તફાવત: ચૂંટણી પંચમાં રજૂ કરાયેલા સત્તાવાર ચૂંટણી અહેવાલમાં આ પક્ષોએ પોતાનો ચૂંટણી ખર્ચ માત્ર ૩૯.૦૨ લાખ દર્શાવ્યો હતો.

ઓડિટ બુકમાં કરોડોનો બતાવાયો ખર્ચ: જ્યારે તેમના જ ઓડિટ અહેવાલો અને ખાતાઓમાં ૩,૫૦૦ કરોડથી વધુનો ખર્ચ નોંધાયેલો છે.

જે પક્ષોના નામ ગુજરાતની જનતાએ ક્યારેય સાંભળ્યા પણ નથી, તેમની પાસે આટલી મોટી રકમ ક્યાંથી આવી અને ક્યાં વપરાઈ, તે એક રહસ્ય બની ગયું છે. કોંગ્રેસ નેતા રાહુલ ગાંધીએ સોશિયલ મીડિયા પ્લેટફોર્મ 'X' પર પોસ્ટ કરીને ચૂંટણી પંચ (ECI)ની ભૂમિકા સામે ગંભીર પ્રશ્નાર્થો ઉભા કર્યા છે: 'આ હજારો કરોડ રૂપિયા ક્યાંથી આવ્યા?' 'આ ગુમનામ પાર્ટીઓને વાસ્તવમાં બેકએન્ડથી કોણ ચલાવી રહ્યું છે?' ૩. 'આટલા બધા નાણાંનો ઉપયોગ ક્યાં થયો અને ક્યાં ડાયવર્ટ કરવામાં આવ્યા?' 'શું ચૂંટણી પંચ આ સમગ્ર મામલાની નિષ્પક્ષ તપાસ કરશે કે પછી અહીં પણ સોગંદનામું (Affidavit) માગવામાં આવશે?'

## “182 ધારાસભ્યોને 12 કલાક કામ કરાવો, પછી ખબર પડશે શ્રમ કોને કહેવાય!” – જિગ્નેશ મેવાણીનો સરકાર સામે સીધો પ્રહાર!

**સુરત**

ગુજરાતમાં મજૂરોના કામના કલાકો અને શ્રમજીવીઓના હક્કોને લઈને રાજકારણ ગરમાયું છે. વડગામના ધારાસભ્ય અને કોંગ્રેસ નેતા જિગ્નેશ મેવાણીએ કામના કલાકો વધારવા કે ૧૨ કલાકની શિફ્ટ મુદ્દે સરકારની નીતિઓ સામે સણસણતો પ્રહાર કર્યો છે. સુરત મુલાકાત દરમિયાન મેવાણીએ તીખી પ્રતિક્રિયા આપતા જણાવ્યું હતું કે, '૪૫ ડિગ્રીના બાળી નાખતા તાપમાનમાં એક સામાન્ય મજૂર જે શારીરિક મહેનત કરે છે, તેની સરખામણી એર-કંડિશન્ડ રૂમમાં બેસતા લોકો ન કરી શકે. જો ૧૨ કલાક કામ કરાવવું એટલું જ યોગ્ય હોય, તો પહેલા ગુજરાતના ૧૮૨ ધારાસભ્યો પાસે ૧૨ કલાક સતત કામ કરાવો, પછી ખબર પડશે કે વાસ્તવિક શ્રમ કોને કહેવાય!' જિગ્નેશ મેવાણીએ શ્રમજીવીઓના શોષણ સામે અવાજ ઉઠાવતા મુખ્ય મુદ્દાઓ રજૂ કર્યા. ૪૫ ડિગ્રીથી વધુ તાપમાન અને અસહ્ય ગરમી વચ્ચે કન્સ્ટ્રક્શન, ફેક્ટરીઓ અને ખુલ્લા ખેતરોમાં કામ કરતા મજૂરો પર ૧૨ કલાકનો બોજ નાખવો એ માનવઅધિકારોનું ખુલ્લું ઉલ્લંઘન છે. કામના કલાકો વધારવાની વાતો થાય છે, પરંતુ તે મુજબ મજૂરોને લઘુત્તમ વેતન (Minimum Wages) કે ઓવરટાઈમનું યોગ્ય વળતર મળતું નથી. સતત ૧૨ કલાક શારીરિક શ્રમ કરવાથી શ્રમિકોના સ્વાસ્થ્ય પર ગંભીર અસરો પડે છે અને તેમનું પારિવારિક જીવન બરબાદ થાય છે.

### ઓલપાડના પરિયા ગામે ગૌચર બચાવવા રણશિંગું ફૂંકાયું

## 220 કેવી સબ સ્ટેશન માટે 18 વીંઘા જમીન પચાવી પાડવાની ગતિવિધિ સામે જનાક્રોશ!

**ઓલપાડ/સુરત**

સુરત જિલ્લાના ઓલપાડ તાલુકાના પરિયા ગામે ગૌચરની મહામૂલી જમીન છીનવી લેવાની સરકારી ગતિવિધિ સામે ગ્રામજનો, ખેડૂતો અને પશુપાલકોમાં ભયાનક રોષ ભભૂકી ઊઠ્યો છે. પરિયા ગામની આશરે ૧૮ વીંઘા જેટલી ગૌચરની જમીન ૨૨૦ કેવી (220 KV) સબ સ્ટેશન માટે ફાળવી દેવાની તાલવેલ સામે સમગ્ર પંથકમાં વિરોધનો વંટોળ ઊભો થયો છે. મૂંગા પશુઓનું મુખમાંથી ચારો છીનવીને ઔદ્યોગિક કે સરકારી પ્રોજેક્ટો ઊભા કરવાના આ નિર્ણય સામે ગામના લોકો હવે સંગઠિત થઈને લડતના મૂડમાં આવી ગયા છે.

ગામની ઓળખ અને પશુઓના અસ્તિત્વ સમાન ગૌચરની જમીન બચાવવા માટે પરિયા ખાતે એક તાકીદની બેઠક યોજવામાં આવી હતી. આ બેઠકમાં ગામના સરપંચ તેમજ કિસાન નેતા દર્શન નાયકની આગેવાનીમાં મોટી સંખ્યામાં ખેડૂતો અને પશુપાલકો એકઠા થયા હતા:

સરકાર સામે લડતનો નિર્ધાર: બેઠકમાં એકસૂરે નિર્ણય લેવાયો હતો કે ગામનું ગૌચર કોઈપણ ભોગે સબ સ્ટેશન માટે આપવા દેવામાં આવશે નહીં. જો તંત્ર બળજબરીથી જમીન સંપાદિત કરવાનો પ્રયાસ કરશે તો ઉગ્ર આંદોલન અને સત્યાગ્રહ કરવામાં આવશે.

મૂંગા પશુઓના ઘાસચારાનો પ્રશ્ન: સ્થાનિક પશુપાલકોએ આક્રોશ વ્યક્ત કરતા જણાવ્યું હતું કે, જો ૧૮ વીંઘા જેટલી વિશાળ ગૌચરની જમીન છીનવાઈ જશે તો ગામના સોડો પશુઓ ક્યાં ચરવા જશે? તંત્રને સબ સ્ટેશન બનાવવું હોય તો અન્ય ખરાબાની કે સરકારી જમીનો પસંદ કરે, પણ ગૌચર પર બુલડોઝર ફેરવવાની નીતિ સહન નહીં થાય.

ઓલપાડ પંથકમાં સરકારી પ્રોજેક્ટો કે વિકાસના નામે વારંવાર ખેડૂતો અને ગૌચરની જમીનોને નિશાન બનાવવામાં આવતી હોવાના આક્ષેપો થઈ રહ્યા છે.

'વિકાસના નામે ગૌચરનો જ ભોગ કેમ?' સરકારી પડતર જમીનો ઉપલબ્ધ હોવા છતાં પશુઓના ચરાણ માટેની ફળદ્રુપ જગ્યાઓ પર જ કેમ ડોળો ડાળવામાં આવે છે?

## સુરતમાં ઓનલાઇન શ્રોપિંગમાં થતી ચોરીનો પર્દાફાશ : એમેઝોનની અસલી પ્રોડક્ટ બદલી ડમી સામાન મૂકતી ગેંગ ઝડપાઇ

**સુરત**

ટેકનોલોજી અને ઈ-કોમર્સના યુગમાં ઓનલાઈન શોપિંગ કરતા ગ્રાહકો અને કંપનીઓને ચૂનો ચોપડતી એક અત્યંત ચાલાક ગેંગનો સુરત પોલીસે પર્દાફાશ કર્યો છે. વિશ્વસનીય ઈ-કોમર્સ પ્લેટફોર્મ 'એમેઝોન' (Amazon) માંથી મોંઘાદાટ આઈફોન અને અન્ય ઈલેક્ટ્રોનિક ગેજેટ્સ ઓર્ડર કર્યા બાદ, પાર્સલમાંથી અસલી પ્રોડક્ટ કાઢી લઈને તેની જગ્યાએ નકલી/ડમી સામાન મૂકી પરત કરી દેતી રીઢા ગુનેગારોની ગેંગને પોલીસે ધાકડ કામગીરી કરીને ઝડપી પાડી છે. પ્રાપ્ત વિગતો અનુસાર, આ શાતિર ગેંગના સાગરીતો એમેઝોન પરથી મોંઘા આઈફોન 17 પ્રો (iPhone 17 Pro) અને અન્ય કિંમતી સામાનના ઓનલાઈન ઓર્ડર કરતા હતા. પાર્સલ ડિલિવરી માટે આવે ત્યારે કંપાનીના ડિલિવરી બોય સાથે મિલીભગત કરીને અથવા તો અત્યંત ચાલાકીથી પાર્સલનું પેકિંગ સીલ તોડ્યા વગર ખોલી નાખતા હતા. ત્યારબાદ પાર્સલમાંથી અસલી આઈફોન કે કિંમતી સામાન કાઢી લઈ, તેનું વજન જાળવી રાખવા માટે અંદર ડમી બોક્સ, રમકડાં કે સાબુ જેવી વસ્તુઓ ગોઠવી દેતા હતા.

### ડભોઈ નગરપાલિકામાં કોંગ્રેસ શાસનનો ભવ્ય પ્રારંભ

## સત્યનારાયણ ભગવાનની કથા સાથે વિકાસ કાર્યક્રમોના સંકલ્પ

**ડભોઈ**

ડભોઈ નગરપાલિકામાં કોંગ્રેસ પક્ષ દ્વારા સ્થાનિક સ્વરાજ્યનું શાસન સંભાળતાની સાથે જ નગરના કલ્યાણ અને સુખાકારી અર્થે એક ધાર્મિક અને ભક્તિમય વાતાવરણ વચ્ચે નવોધ્યાય થયો છે. પાલિકા કચેરી પરિસરમાં શ્રી સત્યનારાયણ ભગવાનની વિધિવત્ કથાનું આયોજન કરી સત્તાના સૂત્રો સંભાળવાનો મંગલ પ્રારંભ કરવામાં આવ્યો હતો. નગરના સર્વાંગી વિકાસ, પારદર્શક વહીવટ અને પ્રજાજનોની સમૃદ્ધિના દ્રઢ સંકલ્પ સાથે ભૂદેવો દ્વારા કરવામાં આવેલા વૈદિક મંત્રોચ્ચાર વચ્ચે આખો કચેરી પરિસર ભક્તિરસમાં સરોબોર બન્યો હતો. આ ધાર્મિક પ્રસંગે ડભોઈ નગરપાલિકાના નવનિયુક્ત પ્રમુખ શ્રીમતી પુષ્પાબેન સતિષભાઈ રાવળ



તેમજ ડભોઈ શહેર કોંગ્રેસ પ્રમુખ શ્રી સતિષભાઈ રાવળે મુખ્ય યજમાન પદે બેસી શાસ્ત્રોક્ત વિધિથી પૂજા-અર્ચના સંપન્ન કરી હતી. ભૂદેવોએ શાસ્ત્રોક્ત મંત્રોચ્ચાર સાથે ભગવાન સત્યનારાયણના ચરણોમાં નગરના તમામ વર્ગોના શ્રેય અને નગરપાલિકાના સફળ અને યશસ્વી સંચાલન માટે વિશેષ પ્રાર્થના કરી હતી. સ્થાનિક અગ્રણીઓ અને નેતાઓ: આ પ્રસંગે નગરપાલિકાના તમામ ચૂંટાયેલા કોંગ્રેસના સદસ્યો, મહિલા આગેવાનો, સંગઠનના હોદ્દેદારો તેમજ વિશાળ સંખ્યામાં સ્થાનિક નાગરિકો અને અગ્રણીઓ હાજર રહ્યા હતા.

પાલિકા પરિવારનો સહયોગ: ધાર્મિક આયોજનમાં પાલિકાના મેનેજર શ્રી મહેશભાઈ પરમાર સહિત વિવિધ વિભાગોના અધિકારીઓ, કર્મચારીઓ અને વહીવટી સ્ટાફે ઉત્સાહભેર ભાગ લીધો હતો અને કથા શ્રવણ બાદ દર્શન-પ્રસાદનો લાભ લીધો હતો. કથાની પૂર્ણાહુતિ બાદ ભવ્ય મહાઆરતીનું આયોજન કરવામાં આવ્યું હતું. આરતી બાદ ઉપસ્થિત તમામ મહાનુભાવો, કાર્યકરો અને નગરજનોએ નવા વરાયેલા પ્રમુખ શ્રીમતી પુષ્પાબેન રાવળ અને તેમની ટીમને અભિનંદન પાઠવ્યા હતા.

### દુષ્કાળની થાપટ વચ્ચે ધરતીપુત્રો-મજૂરો પાયમાલ:

## “ખેડૂતો સાથે ઊભા રહેવું એ સરકારની જવાબદારી છે” : ઈસુદાન ગઢવીનો પ્રહાર!

**ખંભાળિયા/દેવભૂમિ દ્વારકા**

વરસાદની ખેંચ અને કાળઝાળ ગરમીના કારણે ગુજરાતના અનેક વિસ્તારોમાં દુષ્કાળ જેવી ભયાનક પરિસ્થિતિ સર્જાઈ છે. ખેતરોમાં મોંઘા બિયારણો અને ખાતર નાખીને વાવેતર કરનાર ખેડૂતો, ખેતમજૂરો અને ભાગ્યાઓ (ભાગીદારીમાં ખેતી કરતા શ્રમિકો) આજે રોજીરોટી અને અસ્તિત્વના મોટા સંકટ સામે ઝઝૂમી રહ્યા છે. આ ગંભીર પરિસ્થિતિ વચ્ચે આમ આદમી પાર્ટીના ગુજરાત પ્રદેશ પ્રમુખ ઈસુદાન ગઢવીએ રાજ્ય સરકાર સામે મોરચો માંડ્યો છે અને તીખો પ્રહાર કરતા જણાવ્યું છે કે, 'આજની તારીખે ખેડૂતો, મજૂરો અને ભાગ્યાઓની સ્થિતિ અત્યંત દયનીય બની ગઈ છે. આવી વિપરીત પરિસ્થિતિમાં માત્ર વાતો કરવાને બદલે ખેડૂતોની પડખે ઢાલ બનીને ઊભા રહેવું એ શાસક સરકારની પ્રાથમિક જવાબદારી છે.' ઈસુદાન ગઢવીએ દેવભૂમિ દ્વારકાના ખંભાળિયા ખાતેથી આંદોલનનો શંખનાદ કરતા જણાવ્યું કે, વરસાદી ખેંચના કારણે ખેડૂતોનું માત્ર ૨૫ ટકા વાવેતર જ ઊગી શક્યું છે, જ્યારે મોટાભાગનો પાક બળીને ખાખ થઈ ગયો છે. પાક નિષ્ફળ જવાથી માત્ર જમીન માલિક જ નહીં, પરંતુ તેના પર આશ્રિત ખેતમજૂરો અને ભાગ્યા પરિવાર પણ ભૂખમરાના આરે આવી ગયા છે. વેપારીઓએ પણ ઉધાર રાશન આપવાનું બંધ કરી દીધું છે. આપ પ્રદેશ પ્રમુખે માંગ કરી છે કે અસરગ્રસ્ત વિસ્તારોમાં તાત્કાલિક ધોરણે કાગળ પરની વાતો છોડીને સત્તાવાર દુષ્કાળ જાહેર કરવામાં આવે, ખેડૂતોના વીજ બિલ પૂર્ણપણે માફ થાય, ગૌશાળાઓને ઘાસચારાની સહાય મળે અને 'સૌની યોજના' હેઠળ ડેમોમાંથી સિંચાઈ માટે તાત્કાલિક પાણી છોડવામાં આવે. સરકારને આપેલું અલ્ટીમેટમ પૂર્ણ થતાં જ ઈસુદાન ગઢવીએ નેતાઓ અને પદાધિકારીઓ સાથે અચોક્કસ મુદતના સત્યાગ્રહની શરૂઆત કરી દીધી છે. તેમણે ઉમેર્યું કે, 'જ્યારે રાજ્યનો બળદડો અને શ્રમિક મુશ્કેલીમાં હોય ત્યારે એસી રૂમમાં બેસીને કે ટીવી પર નિવેદનો આપવાનો કોઈ અર્થ નથી.

### 'બાપુ'ની એન્ટ્રીથી શાસક પક્ષમાં સળવળાટ

## ગુજરાતના રાજકારણમાં મોટો ધમાકો: 2027ની વિધાનસભા ચૂંટણી માટે શંકરસિંહ વાઘેલા એક્ટિવ!

**ગાંધીનગર/અમદાવાદ**

ગુજરાતના સિયાસી મેદાનમાં એક વાર ફરી સૌથી મોટો કડાકો થયો છે. રાજ્યના પૂર્વ મુખ્યમંત્રી અને કદાવર નેતા શંકરસિંહ વાઘેલા (બાપુ) ૨૦૨૭ની વિધાનસભા ચૂંટણીને લક્ષ્યમાં રાખીને રાજકારણમાં સુપર-એક્ટિવ મૂડમાં આવી ગયા છે. શાસક પક્ષ ભારતીય જનતા પાર્ટી (BJP) સામે કોઈ પણ પક્ષની મહેરબાની વગર સીધી અને આરપારની લડાઈ લડવાનો 'બાપુ'એ શંખનાદ કરી દીધો છે. આ જાહેરાત સાથે જ ગાંધીનગરથી લઈને દિલ્હી સુધીના રાજકીય વર્તુળોમાં ભારે ચર્ચા અને સળવળાટ શરૂ થઈ ગયો છે.

પોતાના ભવિષ્યના રાજકીય રોડમેપ અંગે અત્યંત આક્રમક વલણ અપનાવતા શંકરસિંહ વાઘેલાએ સ્પષ્ટ કર્યું છે કે તેઓ હવે અન્ય કોઈ પાર્ટીમાં જોડાવાના મોહમાં નથી.

વાઘેલાએ સ્પષ્ટ શબ્દોમાં જણાવ્યું કે, 'કોંગ્રેસ પોતાનું નક્કી કરે, મારે ગુજરાતના હિતમાં મારી રણનીતિ બનાવવાની છે. જો મારી સાથે કોઈ નહીં આવે તો હું એકલો જ લડીશ. મારે કોઈના સર્ટિફિકેટ કે એ-ટીમ, બી-ટીમના લેબલની જરૂર નથી.' રાજકારણમાં રાતોરાત ફોર્મ ભરીને જીતી શકાતું નથી. પ્રજા વચ્ચે જઈને તેમનો વિશ્વાસ સંપાદિત કરવા માટે વાઘેલાએ અત્યારથી જ મજબૂત કેડર અને પોતાની 'ફોજ' તૈયાર કરવાનું આયોજન ઘડી કાઢ્યું છે. જૂના જોગી અને ચૂંટણી રણનીતિના મહારાથી ગણાતા શંકરસિંહ વાઘેલા પ્રજા શક્તિના જોરે ભાજપ સામે મોરચો મંડવાના છે. આ માટે આગામી ૨ ઓક્ટોબરના રોજ ગાંધીનગરમાં એક વિશાળ 'વિશ્વાસ સંમેલન' યોજવાની પૂરજોશમાં તૈયારીઓ ચાલી રહી છે. આ સંમેલન મારફતે સમગ્ર ગુજરાતમાંથી ઉત્સાહી યુવાનો, જૂના સમર્થકો અને ભાજપ-કોંગ્રેસથી નારાજ અસંતૃષ્ટ નેતાઓને એક તાંતણે બાંધીને નવી રાજકીય શક્તિનું નિર્માણ કરવામાં આવશે.

## સેલંબામાં જુગારના અડ્ડા પર પોલીસ ત્રાટકી, 9 જુગારી ઝડપાયા

**નર્મદા**

સાગબારા તાલુકાના સેલંબા ગામમાં જાહેર રોડ પર બિન્દાસ રીતે ચાલતા જુગારના અડ્ડા પર સાગબારા પોલીસે દરોડો પાડી નવ જુગારીઓને ઝડપી પાડ્યા હતા. પોલીસની કાર્યવાહીથી જુગાર રમતા તત્વોમાં ફફડાટ ફેલાયો હતો. મળતી માહિતી મુજબ સેલંબાના ઈન્દિરા આવાસ વિસ્તારમાં સુનિલભાઈ શ્યામરામ વેડાંણેના રહેણાંક મકાન આગળ જાહેર રોડ પર કેટલાક શખ્સો જુગાર રમતા હોવાની બાતમીના આધારે પોલીસે દરોડો પાડ્યો હતો. પોલીસે સ્થળ પરથી ધુપભાઈ શિવરામ તડવી, કરણભાઈ ઉકડીયાભાઈ તડવી, સુનિલભાઈ શ્યામરામ વેડાંણે, સંતોષભાઈ મંગાભાઈ કોળી, ગણેશભાઈ સંજયભાઈ કોળી, કમલેશભાઈ વસંતભાઈ સાઠે, રાજેન્દ્રભાઈ સુદામભાઈ કોળી, મનોજકુમાર ગણેશભાઈ માળી અને આકાશભાઈ દીપકભાઈ મંકેશ્વર, તમામ રહે. સેલંબા, તા.



સાગબારા, જિ. નર્મદાને ઝડપી પાડ્યા હતા. પોલીસે જુગારના દાવ પરથી રૂ.3,600ની રોકડ તથા આરોપીઓની અંગઝડતીમાંથી રૂ.9,200 મળી કુલ રૂ.12,800 રોકડા કબજે કર્યા હતા. ઉપરાંત ચાર મોબાઈલ ફોન, જેની કિંમત રૂ.24,000 હોવાનું જણાવાયું છે, મળી કુલ રૂ.36,800નો મુદ્દામાલ જપ્ત કરવામાં આવ્યો હતો.

જાહેર રોડ પર જુગાર રમતા નવ શખ્સોને એકસાથે ઝડપી પાડતાં સેલંબા વિસ્તારમાં પોલીસની કાર્યવાહી ચર્ચાનો વિષય બની છે. પોલીસે તમામ સામે કાયદેસરની કાર્યવાહી હાથ ધરી વધુ તપાસ શરૂ કરી છે.

### રાજકોટ ટ્રાફિક પોલીસનો શરમનાક કારનામો

## જૂનાગઢના સાધુ-સંતોને લૂંટીને 1 લાખથી વધુનો ચૂનો લગાવ્યો! : દારૂ પીધાની ધમકી આપી 3 કલાક બંધક બનાવ્યા

**રાજકોટ**

રક્ષક જ ભક્ષક બન્યા હોય તેવી એક અત્યંત શરમનાક અને આંચકાજનક ઘટના રાજકોટના ગોંડલ ચોકડી ખાતેથી સામે આવી છે. સનાતન ધર્મના સાધુ-સંતોની રક્ષા કરવાના બદલે રાજકોટ ટ્રાફિક પોલીસે જ જૂનાગઢના ભવનાથ ખાતે રહેતા બાલ ભૈરવ આશ્રમના રાજનારાયણ ગિરી સહિતના સાધુઓને ટાર્ગેટ કરીને મોટો તોડ કર્યો હોવાનો ગંભીર આરોપ લાગ્યો છે. દારૂ પીધાની ખોટી ધમકી આપી, સાધુઓને ૩ કલાક સુધી ગાડીમાં બેસાડી રાખીને ૫૦,૦૦૦ રોકડા અને ૫૦ ગ્રામ સોનું (કુલ આશરે ૧ લાખથી વધુનો મુદ્દામાલ) બળજબરીથી પડાવી લીધો હોવાના અહેવાલથી ચકચાર મચી ગઈ છે. અમદાવાદ ભંડારામાંથી પરત ફરતી વખતે ગોંડલ ચોકડીએ ખેલ પાડ્યો

મળતી વિગતો અનુસાર, જૂનાગઢ ભવનાથના બાલ ભૈરવ આશ્રમના રાજનારાયણ ગિરી અને તેમની સાથેના અન્ય સાધુઓ અમદાવાદ ખાતે એક ધાર્મિક ભંડારાનો




પ્રસંગ પૂર્ણ કરીને પોતાની ઈવો (EVO) કારમાં જૂનાગઢ પરત ફરી રહ્યા હતા. ખોટો કેસ કરવાની ધમકી: ગોંડલ ચોકડી પાસે રાજકોટ ટ્રાફિક પોલીસે તેમની કાર રોકી હતી. પોલીસે સાધુઓ સાથે ગેરવર્તણૂક કરી 'તમે દારૂ પીધેલો છે' તેમ કહીને કેસમાં ફસાવી દેવાની સીધી ધમકી આપી હતી. ૩ કલાક સુધી ગાડીમાં પૂરી રાખ્યા: સાધુઓએ પોતાની નિર્દોષતાની રજૂઆત કરી હોવા છતાં ટ્રાફિક પોલીસે તેમની એક ન સાંભળી અને આશરે ૩ કલાક સુધી તેમને કારમાં જ બંધક જેવા માહોલમાં રાખ્યા હતા. ૫૦ હજાર અને ૫૦ ગ્રામ સોનું લૂંટ્યું: પોલીસના ડર અને ધમકીઓ વચ્ચે આખરે સાધુઓ પાસેથી ૫૦,૦૦૦ રોકડા તેમજ સાધુઓનું ૫૦ ગ્રામ સોનું પડાવી લેવામાં આવ્યું હતું. રાજકોટ પોલીસ કમિશનર દ્વારા ટ્રાફિક પોલીસને વાહનચાલકો કે નાગરિકો સાથે ઘર્ષણ ન કરવા અને હેરાનગતિ ન કરવાના સ્પષ્ટ આદેશો આપેલા છે. તેમ છતાં, ગોંડલ ચોકડી પર તૈનાત ટ્રાફિક પોલીસે કમિશનરના આદેશોના ખુલ્લેઆમ ધાજીયા ઉડાડ્યા છે.

## ઢોચકીમાં પરિણીતાના મોતે ઉઠાવ્યા સવાલ, આત્મહત્યા કે હત્યા?

**નર્મદા**

નર્મદા જિલ્લાના નાંદોદ તાલુકાના ઢોચકી ગામે 25 વર્ષીય પરિણીતાના ફાંસો ખાધેલી હાલતમાં મૃતદેહ મળી આવતાં સમગ્ર ઘટનાને લઈને અનેક તર્ક-વિતર્ક શરૂ થયા છે. આમલેથા પોલીસે હાલ અકસ્માત મોતનો ગુનો નોંધી તપાસ હાથ ધરી છે, પરંતુ સ્થાનિક સ્તરે મહિલાએ આત્મહત્યા નહીં પરંતુ તેની હત્યા કરી મૃતદેહને ઝાડ સાથે લટકાવી દેવામાં આવ્યો હોવાની ચર્ચાએ જોર પકડ્યું છે. મળતી માહિતી મુજબ ઢોચકી ગામે સુમિત્રાબેન પુનિયાભાઈ વસાવાના ખેતર નજીક આવેલા જંગલ વિસ્તારમાં સાગના ઝાડ સાથે ઓઢણી વડે ગળેફાંસો ખાધેલી હાલતમાં અંકીતાબેન વા/ઓ વિક્રમભાઈ વસાવા (ઉં.વ. 25), રહે. જૂનાઘાંટ, તા. નાંદોદ, જિ. નર્મદાનો મૃતદેહ મળી આવ્યો હતો. ઘટનાની જાણ થતાં આમલેથા પોલીસ ઘટનાસ્થળે પહોંચી હતી અને અકસ્માત મોતની નોંધ કરી તપાસ શરૂ કરી હતી. જોકે મહિલાના મોતને લઈને ગામમાં અલગ જ ચર્ચા



ચાલી રહી છે. લોકચર્ચા મુજબ અંકીતાબેને આત્મહત્યા કરી નથી, પરંતુ તેની હત્યા કર્યા બાદ મૃતદેહને સાગના ઝાડ સાથે લટકાવી દેવામાં આવ્યો હોવાની આશંકા વ્યક્ત થઈ રહી છે. આ ચર્ચા પાછળનું સાચું કારણ શું છે અને તેમાં કેટલું તથ્ય છે તે પોલીસ તપાસ બાદ જ સ્પષ્ટ થઈ શકે તેમ છે. સૌથી મોટો સવાલ એ છે કે જો ઘટનાસ્થળની પરિસ્થિતિ અથવા અન્ય કોઈ બાબત શંકાસ્પદ જણાતી હોય તો તેની પણ ઝીણવટભરી તપાસ થવી જરૂરી છે. મૃતદેહનું પોસ્ટમોર્ટમ, ફોરેન્સિક તપાસ, ઘટનાસ્થળના પુરાવા અને મૃતકના પરિવારજનો તથા આસપાસના લોકોના નિવેદનો પરથી જ મોતનું સાચું કારણ બહાર આવી શકે છે.

## તંત્રી લેખ...

# મૂળવેલ ગામની કાળી કંપારી: ટાટા કેમિકલ્સના પ્રદૂષણે 22 ગામોની જળ-જમીન ઝેર બનાવી, ભાજપના શાસકો ઘોર નિંદ્રામાં!

દ્વારકા પંથકના મૂળવેલ ગામ અને તેની આસપાસના ૨૨થી વધુ ગામો આજે એક ભયાનક પર્યાવરણીય અને માનવસર્જિત આપત્તિના મુખમાં ધકેલાઈ ગયા છે. ટાટા કેમિકલ્સ કંપની દ્વારા છૂટથી છોડવામાં આવતા ઝેરી રાસાયણિક પ્રદૂષણને કારણે આ સમગ્ર વિસ્તારનું અસ્તિત્વ જ ખતરામાં મુકાઈ ગયું છે. સ્થાનિક નાગરિકોના આરોગ્ય સાથે ખુલ્લેઆમ ચેડાં થઈ રહ્યા છે. લોકોની જમીન, પીવાનું પાણી, જંગલ, ગૌચર, ખરાબો અને દરિયાઈ સૃષ્ટિ સંપૂર્ણપણે બરબાદીના આરે પહોંચી ગયા છે. આમ છતાં, કાયદો અને સુશાસનના પોકળ દાવા કરતી ભાજપ સરકાર અને સ્થાનિક પ્રશાસન લાચારીનું નાટક કરીને બેશરમીથી તમાશો જોઈ રહ્યા છે.

ખેતી બરબાદ, રોગચાળો અને હજારો લોકોની મજબૂર હિજરત

આ વિસ્તારમાં પ્રદૂષણની ગંભીરતા એટલી હદે વણસી ચૂકી છે કે હવે ખેડૂતો માટે ખેતી કરવી કે સામાન્ય નાગરિકો માટે શ્વાસ લેવો પણ દૂભર બની ગયો છે: જમીન અને ખેતીનો વિનાશ: ટાટા કેમિકલ્સના ઝેરી કેમિકલ અને કચરાના કારણે ફળદ્રુપ જમીનો બંજર અને ઝેરી બની ગઈ છે. ખેડૂતોના ઊભા પાક બળીને ખાખ થઈ રહ્યા છે, જેના કારણે સ્થાનિક ખેડૂત સમુદાય આર્થિક રીતે પાયમાલ થઈ ગયો છે.

મરીન નેશનલ પાર્ક પર સંકટ: દરિયાઈ વિસ્તાર અને અત્યંત સંવેદનશીલ મરીન નેશનલ પાર્કમાં રાસાયણિક કચરો ઠાલવવામાં આવતા દરિયાઈ જીવસૃષ્ટિનો સંપૂર્ણ નાશ થઈ રહ્યો છે.




ગામડાં ખાલી થવા લાગ્યા: ઘર-આંગણે પીવાનું શુદ્ધ પાણી ન મળવું, ગંભીર શ્વસન અને ચામડીના રોગો ફેલાવા અને આજીવિકા છીનવાઈ જતાં મૂળવેલ અને આસપાસના ગામોમાંથી હજારો લોકો પોતાની પૂર્વજોની જમીનો છોડીને અનિચ્છાએ હિજરત કરવા મજબૂર બન્યા છે.

પોલિટિકલ ફંડિંગનો ખેલ: નેતાઓ અને શાસકો મૌન કેમ?

સ્થાનિક ગ્રામજનો અને પર્યાવરણપ્રેમીઓમાં આક્રોશનો જ્વાળામુખી ફાટી નીકળ્યો છે. લોકોનો સીધો આરોપ છે કે પ્રજાના ભોગે કારખાનાદારોને છાવરવામાં આવી રહ્યા છે: ટાટાનું ઈલેક્ટોરલ ફંડિંગ: તાજેતરમાં જ ટાટા જૂથ દ્વારા શાસક ભારતીય જનતા પાર્ટીને મોટું રાજકીય ફંડ/નાણાં આપવામાં આવ્યા હોવાના અહેવાલો બહાર આવ્યા છે. ગ્રામજનોનો આક્ષેપ છે કે આ રાજકીય ચંદીના બદલામાં જ કંપનીને પ્રદૂષણ ફેલાવવાની ખુલ્લી છૂટ આપી દેવામાં આવી છે.

જવાબદાર નેતાઓની ગુનાહિત ચૂપકીદી: આ વિસ્તારનું પ્રતિનિધિત્વ ભાજપના દબંગ ધારાસભ્ય પબુભા માણેક અને ભાજપના સાંસદ પૂનમબેન માડમ કરે છે. એટલું જ નહીં, વન અને પર્યાવરણ મંત્રી અર્જુન મોઢવાડિયા પણ નજીકના વિસ્તારમાંથી જ ચૂંટાયા છે અને જામનગરના પ્રભારી મંત્રી છે. પર્યાવરણ મંત્રાલયના નાક નીચે ૨૨ ગામો સળગી રહ્યા છે અને મંત્રીશ્રી તેમજ લોકપ્રતિનિધિઓ મૌન ધારણ કરીને બેઠા છે, જેનાથી પ્રજામાં ભારે રોષ વ્યાપ્યો છે. જો તાત્કાલિક ધોરણે ટાટા કેમિકલ્સના પ્રદૂષણ પર અંકુશ લાવવામાં નહીં આવે અને પીડિત ૨૨ ગામોના નાગરિકોને યોગ્ય વળતર તથા સ્વાસ્થ્ય સુવિધાઓ નહીં અપાય, તો આગામી દિવસોમાં સમગ્ર દ્વારકા-જામનગર પંથકમાં મોટું જનઆંદોલન ફાટી નીકળશે તે નક્કી છે.

**- ગ્રુપ એડિટર પવન માકન**

# તુફાનોની છાતી ચીરીને સિંહગર્જના: પડકારો સામે અણનમ યોદ્ધો

જિંદગી જીવવાની સાચી મજા ત્યારે જ આવે છે, જ્યારે ચારેય તરફ સમસ્યાઓનો ઘેરાવો હોય, તણાવ ચરમસીમાએ હોય અને દર્દ લોહીમાં વહેતું હોય... તેમ છતાં, તમે એ કાળઝાળ મુશ્કેલીઓની આંખોમાં આંખ પરોવી, છાતી તાણીને ઊભા રહો અને એક કાતિલ સ્મિત સાથે કહો 'લે, આનોય ખેલ ખતમ! હવે બોલ, આગામી શિકાર કયો છે?

મોટાભાગના લોકો શાંત દરિયામાં હોડી ચલાવીને પોતાની જાતને નાવિક સમજી બેસે છે. પણ સાચો નાવિક એ છે જે દરિયામાં આવેલા ૧૦ નંબરના તોફાનને પણ રમત સમજીને એની સામે બાથ ભીડે. જીવનમાં જ્યારે બધી બાજુથી રસ્તાઓ બંધ થઈ જાય, ત્યારે જ માણસના અસલી અસ્તિત્વની શરૂઆત થાય છે.કાયરતાની રાખમાંથી સિંહની જેમ બેઠા થવાનો લલકાર

દીવાદાંડી જે દરિયાની વચ્ચે એકલુંઅટૂલું ઊભું હોય છે. રાતના અંધકારમાં જ્યારે દરિયાના કાળાડિબાંગ, પહાડ જેવા ઊંચા મોજાં પૂરી તાકાતથી એની સાથે ભટકાય છે, ત્યારે આખું લાઈટહાઉસ ધ્રૂજી ઊઠે છે. ચારેય બાજુથી એને ડુબાડી દેવાના આક્રમણો થાય છે.

પરંતુ, એ લાઈટહાઉસ પોતાનો પાયો છોડતું નથી. એ મોજાંઓના પ્રહાર ઝીલે છે અને બદલામાં દુનિયાને વધુ પ્રખર પ્રકાશ આપે છે. જિંદગીના તોફાનોમાં તમારે પણ લાઈટહાઉસ બનવાનું છે ગમે તેટલી થપાટો પડે, તમારો પ્રકાશ (આત્મવિશ્વાસ) ઝાંખો ન પડવો જોઈએ.

કોલસાની ખાણમાં કરોડો ટન વજન અને પૃથ્વીના પેટાળની અસહ્ય ગરમી જ્યારે કોઈ કાર્બન પર સતત દબાણ લાવે છે, ત્યારે એ કચડાઈને નાશ નથી પામતો, પણ એ ભયાનક દબાણને કારણે તે પૃથ્વીનો સૌથી મજબૂત પદાર્થ 'હીરો'બની જાય છે.

જેને દુનિયાનું કોઈ હથિયાર તોડી શકતું નથી, તે ઉલટાનું બીજાને કાપવાની તાકાત રાખે છે. જીવનમાં જ્યારે તણાવ અને સમસ્યાઓનું દબાણ વધે, ત્યારે સમજી લેવું કે કુદરત તમને કચડવા નથી માંગતી, પણ તમારા



નબળા મનને તોડીને તમને એક અણનમ 'હીરો' બનાવવા માંગે છે.

પોતાની જાત ને કહો મુશ્કેલીઓ મારી કસોટી શું લેશે? હું તો એ અંગારો છું, જે અંગારા પર પગ મૂકીને આખી જિંદગીના નકશા બદલવાની તાકાત રાખું છું. ભલે ઘેરી લે આખી દુનિયાની મુશ્કેલીઓ મને, મારી હિંમત આગળ એ દરેક મુશ્કેલી ભીખ માંગતી ઉભી રહેશે!

જ્યારે જિંદગી તમને પછાડવા માટે પૂરી તાકાત લગાવી દે ને, ત્યારે સમજી લેવું કે રમત રોમાંચક બની ગઈ છે. હવે કાં તો એ જિંદગી જીતશે કાં તો મારો ઇતિહાસ લખાશે!

જ્યારે મુશ્કેલીઓ પોતે થાકી જાય

આ સંસારનો એક કડવો અને સત્ય એવો નિયમ છે કે જે ડરે છે, તેને જ લોકો વધુ ડરાવે છે. જે પરિસ્થિતિ સામે ઝૂકી જાય છે, તેના પર જ મુશ્કેલીઓ સવાર થઈ જાય છે. પણ જે ક્ષણે તમે આંખમાં અંગારા ભરીને ઊભા થઈ જાઓ છો અને નક્કી કરી લો છો કે 'હવે ગમે તે થાય, પીછેહઠ મંજૂર નથી', તે જ ક્ષણે અડધી મુશ્કેલીઓ પોતાનો રસ્તો બદલી નાખે છે. સમસ્યાઓ પણ એવા શિકારી જેવી છે જે નબળા પ્રાણી પર હુમલો કરે છે, સિંહ સામે થવાની એની પણ ઓકાત નથી હોતી.

જ્યારે તકલીફ આવે ત્યારે રડવા બેસવાને બદલે એને એક ચેલેન્જ તરીકે સ્વીકારો.

ધબકારા વધે તેમ હિંમત વધારોતણાવ અને દર્દ એ સંકેત છે કે તમે હજુ જીવંત છો. મરેલા માણસને ક્યારેય કોઈ સમસ્યા નથી નડતી. અંતિમ વિજય તમારો જ છેહિસાબ બરાબર થશે, બસ શરત એટલી કે તમારે મેદાન છોડીને ભાગવાનું નથી.

જિંદગીની કોઈ તાકાત, કોઈ વ્યક્તિ કે કોઈ પરિસ્થિતિ તમને ત્યાં સુધી નથી હરાવી શકતી, જ્યાં સુધી તમે પોતે અંદરથી હાર ન માની લો. એટલે જ, જ્યારે પણ મુશ્કેલીઓનો પહાડ તૂટી પડે, ત્યારે એક ખડખડાટ હાસ્ય સાથે સિંહની જેમ ગર્જના કરીને કહો ...બસ આટલું જ? હજુ વધુ મોટી મુશ્કેલી મોકલ, આ તો મારા ડાબા હાથનો ખેલ છે! જે દિવસે આ સળગતી ઉર્જા તમારી અંદર પેદા થઈ ગઈ, તે દિવસે તમે અજેય બની જશો.

**દર્શના પટેલ**
**(નેશનલ મેડાલિસ્ટ, નેશનલ એવોર્ડથી સન્માનિત) સ્પોર્ટ્સ ટીચર**

# અમદાવાદ : ઇતિહાસની ગોદમાં ધબકતું આધુનિક ગુજરાતનું હૃદય

ગુજરાતની ધરતી પર અનેક શહેરોએ પોતાના આગવા રંગો અને ઓળખ ઊભી કરી છે, પરંતુ અમદાવાદનું સ્થાન કંઈક વિશિષ્ટ છે. આ શહેર માત્ર ઈંટ-પથ્થરથી ઊભેલું મહાનગર નથી; તે સદીઓના ઈતિહાસ, સંસ્કૃતિ, સંઘર્ષ, સર્જનશીલતા અને માનવીય સંવેદનાઓને પોતાના હૃદયમાં સાચવીને બેઠેલી એક જીવંત ગાથા છે. અહીં ભૂતકાળની ગલીઓમાંથી ઈતિહાસના પગલાં સંભળાય છે અને આધુનિક રસ્તાઓ પર ભવિષ્યની ઝડપ દોડતી જોવા મળે છે.

અમદાવાદ એટલે પરંપરા અને પ્રગતિનો અદ્ભુત સંગમ. એક તરફ જૂના શહેરના પોળોના લાકડાના નકશીકામવાળા મકાનો, ઝરૂખા અને સાંકડી શેરીઓ શહેરના ઐતિહાસિક વારસાની વાત કરે છે, તો બીજી તરફ વિશાળ માર્ગો, ઉદ્યોગો, શૈક્ષણિક સંસ્થાઓ, આધુનિક વ્યવસાયિક કેન્દ્રો અને વિકસતી શહેરી સુવિધાઓ નવા અમદાવાદની ઓળખ રચે છે. આશાવલથી અમદાવાદ સુધીની ઐતિહાસિક સફર અમદાવાદનો ઈતિહાસ તેની સ્થાપનાથી પણ ઘણો પ્રાચીન છે. સાબરમતી નદીના કિનારે વસેલું આ ક્ષેત્ર પ્રાચીનકાળથી માનવ વસાહત અને વેપારનું કેન્દ્ર રહ્યું છે. આશાવલ અને કર્ણાવતી જેવા પ્રાચીન સંદર્ભો આ પ્રદેશના લાંબા ઈતિહાસની સાક્ષી આપે છે. ઈ.સ. ૧૪૧૧માં સુલતાન અહમદશાહે સાબરમતીના કિનારે અમદાવાદ શહેરની સ્થાપના કરી. શહેરની સ્થાપના સાથે અહીં કિલ્લેબંધી, બજારો, મસ્જિદો, મહેલો અને વસાહતોનો વિકાસ થયો. સમય જતાં અમદાવાદ ગુજરાતના રાજકીય, આર્થિક અને સાંસ્કૃતિક જીવનનું મહત્વનું કેન્દ્ર બની ગયું. ભદ્રનો કિલ્લો, ત્રણ દરવાજા, જુમ્મા મસ્જિદ અને જૂના શહેરની પોળો આજે પણ અમદાવાદના ભવ્ય ભૂતકાળની જીવંત સાક્ષી બનીને ઊભાં છે. પોળો : અમદાવાદની અનોખી જીવનશૈલી અમદાવાદની ઓળખ માત્ર તેના સ્મારકોથી થતી નથી; તેની પોળ સંસ્કૃતિ પણ એટલી જ અનોખી છે. પોળ એટલે માત્ર મકાનોનો સમૂહ નહીં, પરંતુ એકબીજા સાથે જોડાયેલા સંબંધો, સહઅસ્તિત્વ અને સામૂહિક જીવનની પરંપરા. જૂની પોળોમાં ઘરોની રચના એવી રીતે કરવામાં આવી હતી કે પડોશીઓ વચ્ચે સામાજિક સંબંધો મજબૂત રહે. લાકડાના કોતરણીકામવાળા દરવાજા, સુંદર ઝરૂખા, ચોક અને આંતરિક આંગણાં અમદાવાદની સ્થાપત્યકળાની અદભુત કલ્પનાશક્તિ દર્શાવે છે. આ પોળો આપણને એક મહત્વનો સંદેશ આપે છે–શહેર કેટલુંય આધુનિક બને, પરંતુ તેની આત્મા તેના લોકો અને તેમની પરંપરાઓમાં જ વસે છે. સાબરમતી આશ્રમ અને ગાંધીજીની અમર સ્મૃતિ અમદાવાદનું નામ મહાત્મા ગાંધીના જીવન અને ભારતના સ્વાતંત્ર્યસંગ્રામ સાથે અવિભાજ્ય રીતે જોડાયેલું છે. સાબરમતી નદીના કિનારે આવેલો સાબરમતી આશ્રમ રાષ્ટ્રના સ્વાતંત્ર્યસંગ્રામના અનેક ઐતિહાસિક પ્રસંગોનો સાક્ષી રહ્યો છે. ગાંધીજીએ અહીંથી સત્ય, અહિંસા, સ્વદેશી અને સ્વાવલંબનના વિચારોને જનમાનસ સુધી પહોંચાડ્યા. આશ્રમ આજે પણ દેશ-વિદેશના મુલાકાતીઓ માટે પ્રેરણાનું સ્થાન છે. સાબરમતીના કિનારે ઊભા રહીને જો કોઈ વ્યક્તિ આ શહેરને નિહાળે, તો તેને માત્ર નદી દેખાતી નથી; તેને સત્યાગ્રહની ચેતના, સ્વાતંત્ર્યની તરસ અને રાષ્ટ્રનિર્માણના સપનાં પણ અનુભવાય છે.

**- રૂપેશ સોલંકી**

# ઈશ્વરે આંખો ન આપી પણ સૂરનો ખજાનો આપ્યો: દિવ્યાંગ સુનિલ લોધીના સુમધુર અવાજે જીત્યા દેશવાસીઓના દિલ!



જીવનમાં જ્યારે સંઘર્ષ અને અંધકાર ઘેરો બની જાય, ત્યારે ઈચ્છાશક્તિ અને સમર્પણ જ સફળતાનો નવો માર્ગ કંડારે છે. આ વાતને સાચી સાબિત કરી બતાવી છે દિવ્યાંગ ગાયક અને કલાકાર સુનિલ લોધીએ (Sunil Lodhi). કુદરતે તેમને આંખોની રોશની ન આપી, પરંતુ તેમના ગળામાં એક એવો સુમધુર અને દૈવી અવાજ બક્ષ્યો છે, જેનાથી આજે સમગ્ર દેશવાસીઓ મંત્રમુગ્ધ થઈ ગયા છે. તમામ શારીરિક મર્યાદાઓને બાજુ પર મૂકીને સુનિલે સંગીત ક્ષેત્રે મેળવેલી આ સિદ્ધિ આજે લાખો દિવ્યાંગો અને યુવાનો માટે પ્રેરણાનો સ્ત્રોત બની ગઈ છે. 'હનુમાન અંશ' ફિલ્મથી બોલિવૂડ અને સિનેમા જગતમાં મચાવી ધમાલ! સુનિલ લોધીની આ સફર માત્ર ગાયકી સુધી સીમિત નથી રહી, પરંતુ તેમણે અભિનય અને મ્યુઝિક ક્ષેત્રે પણ પોતાની તાકાત બતાવી છે: ફિલ્મ 'હનુમાન અંશ'થી ઓળખ: તાજેતરમાં ચર્ચામાં આવેલી 'હનુમાન અંશ' ફિલ્મમાં પોતાના સૂર અને અભિનયના સહારે સુનિલે દર્શકોના દિલ જીતી લીધા છે. તેમના આત્મવિશ્વાસ અને અભિનય ક્ષમતાને જોઈને મોટા-મોટા કલાકારો પણ દંગ રહી ગયા છે. સોશિયલ મીડિયા પર વાયરલ સૂર: સુનિલ જ્યારે પણ સ્ટેજ પર કે માઈક સામે આવે છે, ત્યારે તેમના મુખમાંથી નીકળતી ભક્તિમય અને સંગીતમય ધૂન શ્રોતાઓની આંખોમાં હરખના આંસુ લાવી દે છે. અંધકારથી અરીસા સુધીની કઠિન સફર બાળપણથી જ દ્રષ્ટિહીન હોવા છતાં સુનિલે ક્યારેય પોતાની લાચારીનો રોદણો રોયો નથી.

# ઔડાના ડિરેક્ટર અને IB અધિકારી બની મહાઠગાઈ: 11 ગરીબોને મકાનના નામે ₹24.50 લાખનો ચૂનો, સ્વિસ બેંકના ₹3,400 કરોડના બનાવટી દસ્તાવેજ!

## 'રાજેશ રાઠોડ' નામના ભેજાબાજ ગઠિયાની ભયાનક કરતૂત: સાઈબર સેલ અને પોલીસે પર્દાફાશ કરી જેલના સળિયા પાછળ ધકેલ્યો

અમદાવાદ

અમદાવાદ શહેરમાંથી લાલચ અને ઠગાઈની એક એવી ભયાનક અને આંચકાજનક ઘટના સામે આવી છે, જેને સાંભળીને પોલીસ પણ દંગ રહી ગઈ છે. અમદાવાદ અર્બન ડેવલપમેન્ટ ઓથોરિટી (AUDA)ના ઉચ્ચ અધિકારી અને સેન્ટ્રલ આઈબી (Intelligence Bureau)ના રોફદાર ડિરેક્ટર હોવાનો ખોટો સિકો જમાવીને એક મહાઠગે ૧૧ નિર્દોષ નાગરિકોને સરકારી આવાસ યોજનામાં સસ્તા ભાવે મકાન અપાવવાની લાલચ આપી ૨૪.૫૦ લાખ રોકડા પડાવી લીધા છે. ચોંકાવનારી વાત એ છે કે, આરોપીએ પોતાની પકડ મજબૂત રાખવા માટે સ્વિસ બેંકના ૩,૪૦૦ કરોડના નકલી સ્ટેટમેન્ટ અને ઈન્ટેલિજન્સ બ્યુરો સહીતના બોગસ આઈ-કાર્ડ પણ બનાવી રાખ્યા હતા!

### ઓળખ 'IB ઓફિસર'ની અને ખેલ કરોડોની ઠગાઈનો!

પોલીસ તપાસમાં બહાર આવેલી સાચી અને ચોંકાવનારી માહિતી મુજબ, આરોપી રાજેશ રાઠોડે પોતાનું વિશાળ નેટવર્ક અને રોફ ઊભો કરવા માટે ઉચ્ચ સત્તાવાર હોદ્દાઓનો ઉપયોગ કર્યો હતો:

૧૧ પીડિતો પાસેથી ૨૪.૫૦ લાખની લૂંટ: ઔડા (AUDA) આવાસ યોજના હેઠળ ઓછી કિંમતમાં ફ્લેટ કે મકાનની ફાળવણી કરાવી આપવાના બહાને તેણે એક-બે નહીં પરંતુ ૧૧ જેટલા જરૂરિયાતમંદ પરિવારજનોને જાળમાં ફસાવ્યા હતા અને તેમની પાસેથી કટકે-કટકે રૂ. ૨૪,૫૦,૦૦૦ ની મોટી રકમ રોકડી કરી લીધી હતી.

સ્વિસ બેંકનું ૩,૪૦૦ કરોડનું નકલી સ્ટેટમેન્ટ: આરોપી કેટલો શાતિર હતો તેનો અંદાજ એ વાત પરથી લગાવી શકાય છે કે, લોકો પર ધાક જમાવવા અને પોતે અત્યંત પ્રભાવશાળી તથા કરોડપતિ હોવાનું સાબિત કરવા તેણે સ્વિસ બેંકમાં પોતાના નામે ૩,૪૦૦ કરોડનું બેલેન્સ હોવાનું બનાવટી ડિજિટલ સ્ટેટમેન્ટ તૈયાર કરી રાખ્યું હતું!

IB અને ઔડાના નકલી આઈડી કાર્ડ: સરકારી તંત્ર




અને પીડિતો સામે પોતાનો દબદબો જાળવી રાખવા તેણે આઈબી (IB) અધિકારી તેમજ ઔડાના ડિરેક્ટર કક્ષાના બોગસ ઓળખપત્રો અને નકલી લેટરહેડ પણ બનાવડાવી લીધા હતા.

### કેવી રીતે ફાટ્યો ભાંડો? સાયબર સેલ અને પોલીસની કાર્યવાહી

મકાન માટે લાખો રૂપિયા આપ્યા બાદ પણ લાંબા સમય સુધી દસ્તાવેજ કે કબ્જો ન મળતા પીડિતોને શંકા ગઈ હતી. જ્યારે તેમણે ઔડા કચેરી અને તપાસ એજન્સીઓ ખાતે ખાનગીમાં ખરાઈ કરી ત્યારે જાણવા મળ્યું કે રાજેશ રાઠોડ નામનો કોઈ વ્યક્તિ ઔડા કે આઈબીમાં ડિરેક્ટર તરીકે ફરજ વતો જ નથી!

પીડિતોએ તાત્કાલિક ધોરણે પોલીસ અને સાયબર ક્રાઈમ સમક્ષ ગુનાહિત ફરિયાદ નોંધાવી હતી. પોલીસે ત્વરિત કાર્યવાહી કરીને આ મહાઠગની ધરપકડ કરી લીધી છે. દરોડા દરમિયાન પોલીસને આરોપી પાસેથી નકલી દસ્તાવેજો, સ્વિસ બેંકના બોગસ સ્ટેટમેન્ટ અને સિક્કાઓ મળી આવ્યા છે.

જનતા માટે ચેતવણીરૂપ કિસ્સો

સરકારી આવાસ યોજનાઓ, ઔડા કે હાઉસિંગ બોર્ડના મકાનો હંમેશાં સત્તાવાર ડ્રો અને પારદર્શક સરકારી પોર્ટલ દ્વારા જ ફાળવવામાં આવે છે. કોઈ પણ વચેટિયા, IB કે ઔડાના અધિકારીના નામે રોકડા નાણાં માગતા તત્વોથી સાવધાન રહેવા અમદાવાદ પોલીસે અપીલ કરી છે.

# "સપ્ટેમ્બરની એ કાળી સવારમાં અમારો પરિવાર વિખેરાઈ ગયો"

આકાશી અને શાંતનુ ભટ્ટે પોસ્ટની શરૂઆતમાં જ એ આઘાતજનક ક્ષણોને યાદ કરી છે જ્યારે ૫ સપ્ટેમ્બરના રોજ સત્તાના જોરે તેમના પિતાને પરિવારથી અલગ કરી દેવામાં આવ્યા હતા:

કેલેન્ડરના આંકડા અને હૃદયનો આઘાત: 'કેલેન્ડર કહે છે કે આઠ વર્ષ વીતી ગયા છે, પરંતુ અમારો આત્મા અને હૃદય આજે પણ સપ્ટેમ્બરની એ જ સવારમાં અટવાયેલા છે જ્યારે અમારી દુનિયા છિન્નભિન્ન થઈ ગઈ હતી. સત્તાધીશોએ સત્યના અવાજને દબાવવા ખોટા આરોપોની આડમાં અમારા પરિવારને વિખેરી નાખ્યો.'




અંતરાત્માનો સોદો કરવાનો ઈનકાર: સંજીવ ભટ્ટના સંતાનોએ સ્પષ્ટ કર્યું કે, 'અમે પિતા પાસેથી શીખ્યા છીએ કે પોતાના આરામ, કેરિયર કે આઝાદીને બચાવવા માટે અંતરાત્માનો સોદો કરી ચૂપ રહેવું એ સુરક્ષા નથી. તેમણે જે પણ ત્યાગ કર્યો તે પોતાના માટે નહીં, પરંતુ રાજકીય મહત્વાકાંક્ષા અને હિંસાનો ભોગ બનેલા નિર્દોષ લોકો માટે કર્યો હતો.'

### લોકશાહી કેવી રીતે કમજોર થાય છે? સંસ્થાઓની નિષ્ફળતા પર પ્રહાર

પોસ્ટમાં સંજીવ ભટ્ટના સંતાનોએ વર્તમાન વ્યવસ્થાની નિષ્ફળતા અને તંત્રની ક્રૂરતા પર આકરા પ્રહારો કર્યા છે:

1. સંસ્થાઓનું ગેરકાયદેસર વાપરવું: સત્તા પર અંકુશ રાખવા માટે અને નાગરિકોની રક્ષા માટે બનેલી સંસ્થાઓ જ્યારે સત્તાધીશોના હાથનું રમકડું અને હથિયાર બની જાય ત્યારે લોકશાહી ખતમ થાય છે.

2. ન્યાયતંત્રની નિષ્ફળતા: જ્યારે ન્યાયતંત્ર, જે શક્તિહીન અને પીડિત નાગરિકો માટે છેલ્લું આશ્રયસ્થાન હોવું જોઈએ, તે જ તેમને રક્ષણ આપવામાં નિષ્ફળ જાય અને સત્તાની સેવામાં લાગી જાય.

3. નાગરિકોનું મૌન સૌથી ખતરનાક: લોકશાહી રાતોરાત અદ્રશ્ય નથી થતી, પરંતુ જ્યારે સામૂહિક રીતે સામાન્ય નાગરિકો અત્યાચારો સામે અવાજ ઉઠાવવાને બદલે 'મોઢું ફેરવી લેવું' વધુ સુરક્ષિત માનવા લાગે છે, ત્યારે લોકશાહીના સ્તંભો તૂટી પડે છે.

### 'સરકાર બધું છીનવી શકી, પણ તેમનો આત્મા અને સંકલ્પ ન તોડી શકી'

આકાશી અને શાંતનુ ભટ્ટે ઉમેર્યું કે છેલ્લાં આઠ વર્ષોમાં આ સરકારે તેમની આઝાદી, કારકિર્દી, પ્રતિષ્ઠા અને પરિવાર સાથે વિતાવવાના કિંમતી વર્ષો છીનવી લીધા છે. પરંતુ જે બાબત સંજીવ ભટ્ટને શરૂઆતથી જ સરકાર માટે સૌથી વધુ ખતરનાક બનાવતી હતી–તેમનો અંતરાત્મા, ઘૂંટણ ન ટેકવવાનો તેમનો મજબૂત નિર્ણય અને સત્ય પ્રત્યેની નિષ્ઠા–તેને કેદ કરવામાં સત્તાનું આખું તંત્ર અસમર્થ રહ્યું છે.

'હિંમત ચેપી હોય છે, લડાઈ ચાલુ રહેશે!'

### પોસ્ટના અંતમાં દેશના યુવાનો અને નાગરિકોને જાગૃત થવાનું આહ્વાન કરતાં જણાવાયું છે કે:

એક અવાજ લાખોમાં હિંમત પ્રગટાવશે: 'એક માણસની હિંમત લાખો લોકોમાં હિંમતનું ઝરણું વહાવી શકે છે. ઈતિહાસ એવા લોકોને યાદ રાખે છે જેઓ ઝૂકવાનો ઈનકાર કરે છે.'

અંતિમ સંકલ્પ: 'આજના દિવસે ૮ વર્ષ પૂરા થયા છે. અમે ઘાયલ થઈએ, લોહીલુહાણ થઈએ, પરંતુ અમે તૂટ્યા નથી, ઝૂક્યા નથી અને ક્યારેય હાર માનવાના નથી. ન્યાય માટેની અમારી લડાઈ સતત જારી રહેશે!'

આ પોસ્ટ બહાર આવતાની સાથે જ સોશિયલ મીડિયા પર વાયરલ થઈ ગઈ છે અને માનવઅધિકાર કાર્યકરો તેમજ વિપક્ષી નેતાઓ દ્વારા પણ સંજીવ ભટ્ટના પરિવાર સમક્ષ સમર્થન દર્શાવવામાં આવી રહ્યું છે.

# સરકારી શાળા vs પ્રાઇવેટ શાળા: IPS સફિન હસનના વાયરલ વીડિયોએ છેડી શિક્ષણની નવી બહેસ!

મહીસાગર / અમદાવાદ

સોશિયલ મીડિયા પર હાલમાં દેશના સૌથી યુવા IPS અધિકારી સફિન હસનનો એક વીડિયો ખૂબ જ ઝડપથી વાયરલ થઈ રહ્યો છે. આ વીડિયોમાં તેમણે વર્તમાન સમયના સૌથી મોટા પ્રશ્ન - "સરકારી શાળા શ્રેષ્ઠ કે પ્રાઈવેટ શાળા?" પર પોતાના વિચારો રજૂ કર્યા છે, જેણે વાલીઓ અને વિદ્યાર્થીઓનું ધ્યાન ખેંચ્યું છે.

અત્યારના સમયમાં જ્યારે લોકો પ્રાઈવેટ શાળાઓની મોટી ફી અને ઝાકઝમાળ પાછળ આંધાધૂંધ દોડી રહ્યા છે, ત્યારે સફિન હસનની આ વાતે સમાજને એક નવો દ્રષ્ટિકોણ આપ્યો છે.

વાયરલ વીડિયોમાં IPS સફિન હસને શું કહ્યું?

વાયરલ થઈ રહેલી ક્લિપમાં IPS સફિન હસને સ્પષ્ટ શબ્દોમાં સમજાવ્યું છે કે સફળતા કોઈ મોંઘી પ્રાઈવેટ શાળા કે એર-કંડિશન્ડ ક્લાસરૂમની મોહતાજ નથી હોતી. શાળા માત્ર માધ્યમ છે: સફિન હસને જણાવ્યું કે શાળા સરકારી હોય કે પ્રાઈવેટ, તે માત્ર તમને ભણવા માટેનું એક પ્લેટફોર્મ પૂરું પાડે છે. અસલી શક્તિ વિદ્યાર્થીમાં છે: અસલી સફળતા શાળાના મકાન કે બ્રાન્ડ પર નહીં, પરંતુ વિદ્યાર્થીની પોતાની મહેનત, શીખવાની સખત તલપ, યોગ્ય માર્ગદર્શન અને તેના આત્મવિશ્વાસ પર નિર્ભર કરે છે. માધ્યમ ભાષા નથી બનતી બાધક: તેમણે ભારપૂર્વક કહ્યું કે ગુજરાતી કે માતૃભાષામાં મેળવેલું પ્રાથમિક શિક્ષણ પણ તમને દેશની સૌથી અઘરી ગણાતી UPSC પરીક્ષા પાસ કરાવી શકે છે. સફિન હસનની પોતાની સફર જ છે મોટો પુરાવો! બનાસકાંઠાના કણોદર ગામના એક અત્યંત સામાન્ય પરિવારમાંથી આવતા સફિન હસને પોતે પોતાનું પ્રાથમિક શિક્ષણ સરકારી શાળામાં જ પૂરું કર્યું હતું. પરિવારની આર્થિક સ્થિતિ એવી હતી કે તેમની માતાએ સફિનના અભ્યાસનો ખર્ચ કાઢવા માટે લગ્નપ્રસંગોમાં રોટલીઓ વણવાનું કામ પણ કર્યું હતું. આટલી તંગી અને પડકારો વચ્ચે પણ માત્ર ૨૨ વર્ષની નાની ઉંમરે UPSC માં ૫૭૦મો રેન્ક મેળવીને તેઓ ભારતના સૌથી યુવા IPS અધિકારી બન્યા હતા. તેમની આ સફર સાબિત કરે છે કે સરકારી શાળામાં ભણીને પણ દેશના સર્વોચ્ચ શિખર પર પહોંચી શકાય છે. શિક્ષણ પર એક નવો દ્રષ્ટિકોણ આજના યુગમાં વાલીઓ પોતાની ક્ષમતા બહાર જઈને પણ બાળકોને પ્રાઈવેટ શાળાઓમાં મૂકે છે. પરંતુ સફિન હસનનો આ વિડીયો એ વાતનો જીવંત પુરાવો છે કે બાળકને જો યોગ્ય સંસ્કાર, સ્વ-અભ્યાસની ટેવ અને જીતવાનો જઝબો આપવામાં આવે તો સરકારી શાળાનો વિદ્યાર્થી પણ ઈતિહાસ રચી શકે છે.




### આરોગ્ય વ્યવસ્થાની પોલ ખોલતા આશ્ચર્યજનક અને શરમજનક દ્રશ્યો

# છોટાઉદેપુર જનરલ હોસ્પિટલમાં તંત્રની ઘોર લાપરવાહી!



**છોટાઉદેપુર, ઇમરાન મિર્ઝા**

છોટાઉદેપુર જિલ્લામાંથી આરોગ્ય વ્યવસ્થાની પોલ ખોલતા આશ્ચર્યજનક અને શરમજનક દ્રશ્યો સામે આવ્યા છે. જિલ્લાના ગરીબ અને જરૂરિયાતમંદ દર્દીઓ માટે આશીર્વાદરૂપ ગણાતી જનરલ હોસ્પિટલમાં જ આજે દર્દીઓ મૂળભૂત સુવિધાઓ માટે વલખાં મારતા જોવા મળી રહ્યા છે.

છોટાઉદેપુરની જનરલ હોસ્પિટલમાં ચારેય તરફ ગંદકીનું સામ્રાજ્ય જોવા મળી રહ્યું છે. હોસ્પિટલમાં સારવાર માટે આવતા દર્દીઓને પૂરતા બેડ ઉપલબ્ધ ન હોવાના કારણે જમીન પર સૂઈને સારવાર લેવાની નોબત આવી રહી છે. ગંભીર બીમારીથી પીડાતા દર્દીઓ માટે આ સ્થિતિ માત્ર દુઃખદ નહીં, પરંતુ સમગ્ર આરોગ્ય તંત્ર સામે ગંભીર સવાલો ઊભા કરે છે.

એક તરફ સરકાર સરકારી હોસ્પિટલોમાં અત્યાધુનિક સુવિધાઓ ઉપલબ્ધ કરાવવાના દાવા કરે છે, તો બીજી તરફ છોટાઉદેપુરની જનરલ હોસ્પિટલમાં દર્દીઓ બેડ, સ્વચ્છતા અને પીવાના પાણી જેવી પ્રાથમિક સુવિધાઓ માટે પણ પરેશાન થઈ રહ્યા હોવાના દ્રશ્યો સામે આવ્યા છે.

હોસ્પિટલના વોર્ડ અને પરિસરમાં ગંદકીના ઢગલા જોવા મળતા નિયમિત સફાઈ વ્યવસ્થા સામે પણ સવાલો ઊભા થયા છે. હોસ્પિટલ જેવી જગ્યાએ સ્વચ્છતાની આવી સ્થિતિ હોય તો દર્દીઓના સ્વાસ્થ્ય સાથે ચેડા થવાની ભીતિ પણ ઉભી થાય છે. સૌથી ગંભીર બાબત એ છે કે પીવાના પાણી માટે પણ દર્દીઓ અને તેમના સગાંઓને વલખાં મારવાની ફરજ પડી રહી છે. જે હોસ્પિટલમાં દર્દીઓ સારવાર અને રાહતની આશા લઈને આવે છે, ત્યાં તેમને પ્રાથમિક સુવિધાઓ માટે જ સંઘર્ષ કરવો પડે તો જવાબદારી કોની? આ ઉપરાંત હોસ્પિટલમાં ડોક્ટરો અને જરૂરી સ્ટાફની અછત હોવાના આક્ષેપો પણ સામે આવી રહ્યા છે. જો પૂરતો તબીબી સ્ટાફ જ ઉપલબ્ધ ન હોય, તો દર્દીઓને સમયસર અને પૂરતી સારવાર કેવી રીતે મળશે? આ સમગ્ર મામલે સામાજિક આગેવાન અરજુનભાઈ પ્રોફેસરે પણ જનરલ હોસ્પિટલની મુલાકાત લઈને પરિસ્થિતિનું નિરીક્ષણ કર્યું હતું. તેમણે સ્પષ્ટ ચેતવણી આપી છે કે જો દર્દીઓને પૂરતી સારવાર અને જરૂરી સુવિધાઓ નહીં મળે તો આવનારા દિવસોમાં આંદોલનનો માર્ગ અપનાવવામાં આવશે. હવે સવાલ સીધો છે– છોટાઉદેપુર જિલ્લાના જવાબદાર સરકારી તંત્ર ક્યારે જાગશે? દર્દીઓને બેડ ક્યારે મળશે? હોસ્પિટલમાં સ્વચ્છતા અને શુદ્ધ પીવાનું પાણી ક્યારે ઉપલબ્ધ થશે? ડોક્ટરો અને જરૂરી સ્ટાફની અછત ક્યારે દૂર થશે?જિલ્લાની જનતાના આરોગ્ય સાથે જોડાયેલા આ ગંભીર મુદ્દે જવાબદાર અધિકારીઓએ માત્ર તપાસના આદેશ નહીં, પરંતુ સ્થળ પર તાત્કાલિક કાર્યવાહી કરવી જરૂરી છે.હવે જોવાનું એ રહેશે કે આ અહેવાલ બાદ આરોગ્ય તંત્રની આંખ ખૂલે છે કે પછી દર્દીઓની હાલાકી અને હોસ્પિટલની અવ્યવસ્થા આમ જ ચાલુ રહે છે. આ હોસ્પિટલ દર્દીઓની સારવાર માટે છે કે પછી દર્દીઓને સુવિધાઓ માટે ભટકાવવા માટે? જવાબ આપવો પડશે–જવાબદાર તંત્રને, હોસ્પિટલ પ્રશાસનને અને સમગ્ર આરોગ્ય વિભાગને.

### કરજણ ઓવારે સ્વચ્છતા અને નદીના જળચર જીવન સામે ગંભીર સવાલો

## રાજપીપળાના કરજણ નદીમાં ઝેરી દવા નાખી માછીમારીની ચર્ચા, તપાસની લોકમાંગ ઉઠી...!

**નર્મદા**

રાજપીપળાના કરજણ નદી કિનારે રાત્રિના અંધારામાં કેટલાક તત્વો દ્વારા કથિત રીતે પાણીમાં ઝેરી દવા નાખી માછલીઓ પકડવામાં આવતી હોવાની ચર્ચાએ ચકચાર જગાવી છે. ચર્ચા મુજબ પહેલા નદીના એક કિનારે પાણીમાં દવા નાખવામાં આવે છે અને પાણીનો પ્રવાહ ઓવારા તરફ પહોંચ્યા બાદ મરી ગયેલી માછલીઓ જાળમાં ફસાવી મોટી સંખ્યામાં પકડી તેને વેચવામાં આવતી હોવાની વાતો વહેતી થઈ છે. જોકે આ અંગે સત્તાવાર રીતે કોઈ પુષ્ટિ થઈ નથી અને સમગ્ર બાબતની તપાસ થાય તો જ હકીકત બહાર આવી શકે તેમ છે. મળતી ચર્ચા મુજબ રાત્રિના સમયે કરજણ ઓવારે કેટલાક લોકો જાળ નાખીને મચ્છી પકડે છે. આ લોકો અગાઉ પાણીમાં કોઈ ઝેરી દવા નાખતા હોવાની અને થોડા સમય બાદ પાણીના પ્રવાહ સાથે માછલીઓ ઓવારા નજીક આવતા તેને જાળ વડે પકડી લેતા હોવાની વાતો સ્થાનિકોમાં ચાલી રહી છે. જો ખરેખર આવું થતું હોય તો માત્ર માછલીઓ જ નહીં, પરંતુ નદીના જળચર જીવસૃષ્ટિ અને પાણીની ગુણવત્તા સામે પણ ગંભીર સવાલ ઊભો થાય છે. બીજી તરફ કરજણ ઓવારા ખાતે સ્વચ્છતાની સ્થિતિ પણ ચિંતાજનક બની છે. ઓવારાના પગથિયાં પૂરા થતાં જ નદી કિનારે કચરો અને ગંદકીના ઢગ જોવા મળતા હોવાની ફરિયાદો છે. નદીકિનારે લોકો દ્વારા નાખવામાં આવતો કચરો સમયસર દૂર ન થતાં સમગ્ર વિસ્તારની સ્વચ્છતા સામે સવાલ ઊભો થયો છે. કરજણ ઓવારા પર સવાર-સાંજ મોટી સંખ્યામાં લોકો, ખાસ કરીને સિનિયર સિટીઝનો, મોર્નિંગ અને ઈવનિંગ વોક માટે આવે છે. થાક ખાવા માટે પાલિકા દ્વારા મૂકવામાં આવેલા બાંકડા આસપાસ પણ ગંદકી જોવા મળતી હોવાની ફરિયાદ છે. જ્યાં લોકો થોડો સમય બેસીને સ્વચ્છ વાતાવરણનો આનંદ માણવા આવે છે, ત્યાં જ ગંદકી હોય તો નાગરિકોના આરોગ્ય અને જાહેર સ્વચ્છતા અંગે તંત્રની કામગીરી સામે સવાલ ઊભા થાય છે.

### દાહોદના ભથવાડા ટોલ પ્લાઝા પર ફાસ્ટેગ બેલેન્સ મુદ્દે બબાલ કરી

## કાર ચાલકે કર્મચારીઓ પર ગાડી ચડાવી દેવાનો ગંભીર પ્રયાસ કરતા એક ઈજાગ્રસ્ત

**દેવગઢ બારીઆ, જાબીર શુક્લા**

અમદાવાદ-ઈન્દોર નેશનલ હાઈવે પર આવેલા ભથવાડા ટોલ પ્લાઝા ખાતે ફાસ્ટેગમાં બેલેન્સ ન હોવા જેવી નજીવી બાબતે ઉશ્કેરાયેલા કાર ચાલકે દાદાગીરીની તમામ સીમાઓ વટાવી ટોલ કર્મચારીઓ પર જ ગાડી ચડાવી દેવાના પ્રયાસની સનસનીખેજ ઘટના સામે આવી છે. આ હિંસક હુમલામાં એક ટોલ કર્મચારી કાળુભાઈ ભરવાડ ગંભીર રીતે ઘાયલ થયો છે. સમગ્ર ઘટના ટોલ પ્લાઝા પર લાગેલા સી.સી. ટી.વી. કેમેરામાં કેદ થઈ ગઈ હતી. મળતી માહિતી મુજબ ભથવાડા ટોલ પ્લાઝા પરથી પ સાર થઈ રહેલી એક સેન્ટ્રો કારના ફાસ્ટેગમાં પૂરતું બેલેન્સ ન હોવાનું સ્કેનરમાં સામે આવ્યું હતું. આથી નિયમ મુજબ ટોલ કર્મચારીએ કાર ચાલકને વાહન સાઈડમાં લેવા વિનંતી કરી હતી. ગાડી સાઈડમાં લેવાનું કહેતાં જ કારમાં સવાર શખ્સો ઉશ્કેરાઈ ગયા હતા અને કર્મચારી સાથે ઉગ્ર બોલાચાલી અને માથાકૂટ શરૂ કરી દીધી હતી. આ મામલો ગરમાતાં કાર ચાલકે બેરિયરની સાઈડમાંથી જબરદસ્તી કાર કાઢવાનો પ્રયાસકર્યો હતો. જ્યારે એક કર્મચારીએ તેમને રોકવાનો પ્રયત્ન કર્યો હતો ત્યારે કારમાં સવાર બે શખ્સો નીચે ઉતરીને તેની સાથે કાયરતાપૂર્ણ મારામારી પર ઉતરી આવ્યા હતા. અન્ય ટોલ કર્મચારીઓ પોતાના સાથીના બચાવમાં દોડી આવતાં જ ચાલકે ગુસ્સામાં આવીને આવેશમાં કાર સીધી કર્મચારીઓ પર ચડાવી દીધી હતી અને ઘટના સ્થળેથી ફરાર થઈ ગયા હતા. આ ઘટનાની જાણ થતાં જ પીપલોદ પોલીસનો કાફલો તાત્કાલિક ભથવાડા ટોલ પ્લાઝા પર પહોંચ્યો હતો.પોલીસે ઘટના સ્થળના સી.સી.ટી.વી. ફૂટેજ કબજે કરી ગુન્હો નોંધ્યો હતો. સી.સી.ટી.વી. ફૂટેજના આધારે તપાસનો ધમધમાટ શરૂ કરીને પોલીસે હુમલો કરી ફરાર થઈ ગયેલા સહેબાઝઅલી અબ્દુલકાદર મકરાણી રહે. મસ્જીદ ફળિયું બાસ્કા, હાલોલ અને ફેજાનઅલી જાવીદહુસેન મકરાણી રહે. નવા ફળિયું કદવાલ આ બંને આરોપીને ઓને ટૂંક જ સમયમાં ઝડપી પાડીને કડક કાર્યવાહી કરવામાં આવતા જ અસામાજિક તત્વોમાં ફફડાટ વ્યાપી ગયો છે.

## દાંતા અંધારિયા નજીક અગાઉ આંગણવાડીના જથ્થા સાથે પકડાયેલી ગાડી, વિતરણ કરનારની જ ગાડી

**દાંતા**

દાંતા હડાદ તાલુકામાં માંથી બાળકનાં અને સગર્ભા ના પેકેટો દાંતા થી ગાડીઓ ભરીને બારોબાર વેચીને કમાણી કરતા અગાઉ બે ગાડી પકડાઈ ચુકી હતી તેમાં એક સતલાસણા અને બીજી ગાડી અંધારિયા નજીક થી આંગણવાડીનો જથ્થા બારોબાર ગાડીઓ ભરીને જતા પકડાઈ હતી હતી ત્યારે એક આ ગાડીનો નંબર ચેક કરતા સામે આવ્યું હતું કે હાલમાં જે દાંતા હડાદ નુ આંગણવાડી નુ વિતરણ કરનારની જ ગાડીનો નંબર આવ્યો હતો અને આ ગાડી પોલીસ સ્ટેશન સુધી લાવવામાં આવી હતી પરંતુ ગાડી ઉપર કાર્યવાહી ન કરવાં માટે અનેક પ્રયત્નો કરીને હાથ જોડી કરને ગાડી ઉપર કાર્યવાહી ન થવા દિધી પરંતુ દાંતા હડાદ મા બહું ચર્ચાઓ સામે આવી હતી ત્યારે કોન્ટ્રાક્ટરની



મીલીભગત ના કારણે જ ફરીથી આંગણવાડી ના વિતરણની કામગીરી ફરીથી પહેલાંથી જ આંગણવાડી નુ બારોબાર કરનાર ને જ વિતરણ સોંપવામાં આવ્યું છે ત્યારે આ બાબતની ગંભીર રીતે તપાસ પહેલા કોન્ટ્રાકટરની જ કરવામાં આવે આ વિતરણ કરનાર સાથે ની મિલીભગત હોય તેવું ચોક્કસપણે દેખાઈ રહ્યું છે જો કોન્ટ્રાક્ટરની મીલીભગત ન હોય તો ફરીથી વિતરણની કામગીરી કેવી રીતે સોંપવામાં આવી ગાડી નંબર સુધીના પુરાવા હોવા છતાં કોન્ટ્રાકટર વિતરણ કરનારની જ ખેંચતાણ કરતાં સવાલો ઉઠી રહ્યા છે.

## સગાઈ રેન્જમાં લાખોના ખેરના લાકડાં પકડાયા, માહિતી આપવા RFOનું મૌન કેમ?

**નર્મદા**

નર્મદા જિલ્લામાં વન વિભાગની કામગીરી સામે ફરી સવાલો ઊભા થયા છે. દેડિયાપાડાની સગાઈ રેન્જની ટીમે બે દિવસ અગાઉ લાખો રૂપિયાની કિંમતના ખેરના લાકડાં પકડ્યા હોવાની માહિતી સામે આવી છે. સામાન્ય રીતે વન વિભાગની સફળ કાર્યવાહી બાદ મુદ્દામાલ અને કાર્યવાહી અંગે માહિતી જાહેર કરવામાં આવે છે, ત્યારે આ કિસ્સામાં વિગતો મેળવવા પત્રકારો દ્વારા વારંવાર સંપર્ક કરવા છતાં સ્પષ્ટ માહિતી ન મળતાં અનેક સવાલો ઊભા થયા છે. મળતી માહિતી મુજબ સગાઈ રેન્જની ટીમે ખેરના લાકડાં ઝડપી પાડ્યાં હતાં. આ અંગે સ્થાનિક પત્રકારોએ સંબંધિત અધિકારી પાસે વિગતો માંગતાં સ્પષ્ટ જવાબ મળ્યો ન હતો. ત્યારબાદ રાજપીપળાના પ્રતિનિધિએ સગાઈ રેન્જના RFO જે.એ. સોલંકીનો ટેલિફોનિક સંપર્ક કરી લાકડાં પકડાયાં છે કે નહીં તે અંગે



પૂછતાં તેમણે “હા, લાકડાં પકડ્યાં છે, થોડીવારમાં વોટ્સએપ પર માહિતી મોકલું છું” તેમ જણાવ્યું હોવાની માહિતી છે.

પરંતુ ત્યારબાદ માહિતી વોટ્સએપ પર આવી નહીં અને ફરી સંપર્ક કરવાનો પ્રયાસ કરતાં ફોન બંધ હોવાનું જાણવા મળ્યું. હવે સવાલ એ છે કે જો લાખોની કિંમતના લાકડાં પકડવાની કાર્યવાહી થઈ જ હોય તો તેની વિગતો જાહેર કરવામાં અચકાટ શા માટે? કાર્યવાહી થઈ છે તો કેટલો મુદ્દામાલ પકડાયો? કેટલા આરોપીઓ સામે કાર્યવાહી થઈ? લાકડાં ક્યાંથી અને કોની પાસેથી મળ્યાં? તેની કિંમત કેટલી છે? જેવા સવાલોના જવાબ હજુ સામે આવ્યા નથી.

વન વિભાગના અધિકારીઓ સામાન્ય રીતે પોતાની કામગીરીની માહિતી જાહેર કરી સિદ્ધિ ગણાવે છે, ત્યારે આ કિસ્સામાં માહિતી છુપાવવાની સ્થિતિ કેમ ઊભી થઈ તે તપાસનો વિષય છે. માહિતી આપવામાં વિલંબ પાછળ વહીવટી કારણ છે કે કોઈ અન્ય કારણ, તે અંગે પણ સ્પષ્ટતા જરૂરી બની છે. હાલ કોઈ અધિકારી કે વ્યક્તિ સામે ગેરરીતિનો આરોપ સાબિત થયો નથી, પરંતુ માહિતી જાહેર ન થવાથી શંકાઓને ચોક્કસપણે વેગ મળ્યો છે.

વનવિભાગના ઉચ્ચ અધિકારીઓએ સગાઈ રેન્જમાં પકડાયેલા ખેરના લાકડાં અંગે સંપૂર્ણ વિગતો જાહેર કરી કાર્યવાહી પારદર્શક રીતે થઈ છે કે નહીં તેની તપાસ કરવી જોઈએ.

## ચોરવાડમાં પત્તાની રમતમાં ‘રેડ’; 42 ઝડપાયા, 2 વોન્ટેડ, રૂ.16 લાખનો મુદ્દામાલ જપ્ત

**જુનાગઢ**

જુનાગઢના ચોરવાડમાં સુથાર સમાજની વાડીમાં ધમધમતા પત્તાના જુગારધામ પર સ્ટેટ મોનીટરીંગ સેલ (SMC)એ દરોડો પાડી ખળભળાટ મચાવી દીધો હતો. પો.સબ.ઈન્સ. કે.ડી. રવિયાના નેતૃત્વમાં થયેલી કાર્યવાહીમાં સ્થળ પરથી 42 જુગારીઓને ઝડપી પાડવામાં આવ્યા, જ્યારે બે શખ્સો વોન્ટેડ જાહેર થયા છે.

ચોરવાડ ગર્લ્સ સ્કૂલ પાસે આવેલી સુથાર સમાજની વાડીમાં દરોડા દરમિયાન SMCની ટીમે રૂ.3.72 લાખથી વધુની રોકડ, 42 મોબાઈલ ફોન, 11 ટુ-વ્હીલર અને એક ફોર-વ્હીલર સહિતનો મુદ્દામાલ કબજે કર્યો હતો. જુગારના સાહિત્ય સહિત કુલ



રૂ.16.02 લાખથી વધુનો મુદ્દામાલ જપ્ત થતાં ચોરવાડના જુગારધામનો પર્દાફાશ થયો હતો. SMCની રેડ દરમિયાન જુગાર રમાડતા હોવાના આક્ષેપ સાથે મનીષ વીરા પરમાર અને હરેશભાઈ અરજણભાઈ ચુડાસમા સહિત કુલ 42 આરોપીઓને ઝડપી લેવાયા હતા. ઝડપાયેલા શખ્સોમાં ચોરવાડ ઉપરાંત વેરાવળ, કેશોદ, રાજકોટ, ગાંધીધામ, મોરબી સહિતના વિસ્તારોના લોકોનો સમાવેશ થાય છે. પોલીસ તપાસમાં વીરેન ભીખાભાઈ સેવરા સહિત બે શખ્સો વોન્ટેડ હોવાનું સામે આવ્યું છે.

### વર્ષો જૂના 10 જેટલા દબાણો દૂર કરાયા

## છોટાઉદેપુર રેલવે સ્ટેશન બહાર નગર પાલિકાનું બુલડોઝર ફર્યું!!

**છોટાઉદેપુર, ઇમરાન મિર્ઝા**

છોટાઉદેપુરથી એક મહત્વના સમાચાર મળી રહ્યા છે. છોટાઉદેપુર નગરપાલિકા દ્વારા રેલવે સ્ટેશન વિસ્તારમાં વર્ષો જૂના દબાણો પર મોટું બુલડોઝર ફેરવી દેવામાં આવ્યું છે. રેલવે સ્ટેશન બહાર નડતરરૂપ બનતા 9 થી 10 જેટલા લારી-ગલ્લાના દબાણો દૂર કરી તંત્ર દ્વારા રસ્તો ખુલ્લો કરવામાં આવ્યો છે. આ સાથે જ સ્ટેશન પરિસરની બીહાર પડી રહેલા ભંગાર વાહનો અને કચરો સાફ કરીને સ્વચ્છતા ઝુંબેશ હાથ ધરવામાં આવી છે.



છોટાઉદેપુર રેલવે સ્ટેશન પાસે છેલ્લા ઘણા સમયથી લારી-ગલ્લા અને ગેરકાયદેસર કબ્જો જમાવી બેઠેલા દબાણકર્તાઓ સામે નગરપાલિકા તંત્ર દ્વારા કડક કાર્યવાહી કરવામાં આવી છે. આજરોજ નગરપાલિકાની ટીમ દ્વારા કડક વલણ અપનાવીને રેલવે સ્ટેશન બહારના 9 થી 10 જેટલા વર્ષો જૂના દબાણો પર બુલડોઝર ફેરવી દેવામાં આવ્યું હતું.

આ દબાણ હટાવો ઝુંબેશ દરમિયાન કોઈ અણબનાવ ન બને અને કામગીરી ઝડપથી થાય તે માટે છોટાઉદેપુર પાલિકાના ઈનચાર્જ પ્રમુખ પરવેઝભાઈ મકરાણી તથા ચીફ ઓફિસર ભાવિનભાઈ બરજોડ ખુદ સ્થળ પર ઉપસ્થિત રહ્યા હતા. તેમની સીધી દેખરેખ હેઠળ નગરપાલિકાના સ્ટાફે દબાણોનો સંપૂર્ણ ખાતમો બોલાવ્યો હતો. દબાણો દૂર કરવાની સાથે તંત્ર દ્વારા સમગ્ર સ્ટેશન વિસ્તારને સ્વચ્છ બનાવવાની કામગીરી પણ હાથ ધરવામાં આવી હતી. રેલવે સ્ટેશન પરિસરમાં લાંબા સમયથી પડી રહેલા ભંગાર વાહનો, બિનવારસી સાધનો અને કચરાના ઢગલા દૂર કરીને વિસ્તારને ચકાચક કરવામાં આવ્યો હતો.

રેલવે સ્ટેશન બહાર વર્ષોથી થતા દબાણોના કારણે મુસાફરો અને સ્થાનિક રહીશોને ભારે ટ્રાફિક તથા ગંદકીની સમસ્યાનો સામનો કરવો પડતો હતો. પાલિકાની આ સપાટાબંધ કામગીરી બાદ વર્ષો જૂની આ સમસ્યાનો અંત આવ્યો છે, જેનાથી સ્થાનિકોમાં આનંદની લાગણી જોવા મળી રહી છે.

નગરપાલિકા તંત્ર દ્વારા સ્પષ્ટ ચીમકી આપવામાં આવી છે કે શહેરમાં નડતરરૂપ દબાણો અને ગંદકી સામે આ પ્રકારની ઝુંબેશ આગામી દિવસોમાં પણ ચાલુ રહેશે.

## પૂ.મોરારીબાપુ દ્વારા શકરપુરા ગામની સ્વ. દીકરીઓને અપાયેલી શ્રદ્ધાંજલિથી ગામલોકો ભાવુક

**વેળાવદર (તખુભાઈ સાંડસુર દ્વારા)**

ખંભાત તાલુકાનું શકરપુરા ગામ કે જે ગામની પ્રાથમિક શાળામાં અભ્યાસ કરતી દિકરીઓ રીના, ઈશા અને પ્રિયા પોતાના પિતા અશ્વિનભાઈના ખેતરની પાસે આવેલા તળાવ પાસે રમે છે અને એક દિકરીનો પગ લપસતા તળાવમાં પડે છે. બીજી બે બહેનો તેને બચાવવા જતા તે પણ ડૂબી જાય છે.આ ઘટના તા 30 ઓગસ્ટના રોજ બનતા શ્રી અશ્વિનભાઈ બારૈયાનો પરિવાર હતપ્રભ બની જાય છે. પૂજ્ય મોરારીબાપુ આ રીતે આકસ્મિક રીતે નિર્વાણ પામતા દરેક મૃતાત્માઓની શ્રદ્ધાંજલિ રૂપે રૂપિયા 15,000 ની સહાય પહોંચાડતા હોય છે. આ ત્રણેય દીકરીઓને કુલ 45000ની શ્રદ્ધાંજલિ સહાય અર્પણ કરવા માટે ચિત્રકૂટધામ તલગાજરડાના પ્રતિનિધિઓ જ્યારે તા. 5 સપ્ટેમ્બર શિક્ષકદિનના પવિત્ર દિવસે તેમના ઘરે ગયા ત્યારે અત્યંત ભાવુક એવા દ્રશ્યો સર્જાયા હતા.

આ ગામની શાળાના આચાર્યા સુશ્રી દિપલબેન વાઘેલા,શાળા સંચાલક મંડળના પ્રમુખ શ્રી ભીખાભાઈ પટેલ, શિક્ષકો સંજયભાઈ વાણંદ અને ધવલભાઈ જોશી વગેરે લોકો તેમના પરિવારને સાંત્વના આપતા હતા ત્યારે તે પરિવારનો ભાવ હતો કે દીકરીઓની ખોટ કોઈ રીતે પૂર્તતા થઈ શકે તેમ નથી.પરંતુ પૂજ્ય મોરારિબાપુએ સાંત્વના સંદેશ મોકલીને અમોને કૃતકૃત્ય કર્યા છે.

### ગેરકાયદેસર ઝીંગા તળાવો સામે કાર્યવાહી ક્યારે?

## આમોદ, વાગરા અને જંબુસર પંથકમાં નિયમોના ભંગની ફરિયાદો વચ્ચે તંત્રની કામગીરી સામે સવાલો

**ભરૂચ, રંગુની જાકીર**

ભરૂચ જિલ્લાના આમોદ, વાગરા અને જંબુસર તાલુકાના વિવિધ વિસ્તારોમાં ઝીંગા ઉછેર માટે તળાવો બનાવવામાં આવ્યા હોવાના આક્ષેપો વચ્ચે હવે તંત્રની કામગીરી સામે સવાલો ઊભા થયા છે. કયા તળાવોને કાયદેસર મંજૂરી આપવામાં આવી છે અને કેટલા તળાવો નિયમોનું ઉલ્લંઘન કરીને બનાવવામાં આવ્યા છે, તેની તાલુકાવાર તપાસ કરવાની માંગ ઉઠી રહી છે. સ્થાનિકોના જણાવ્યા મુજબ, કેટલાક વિસ્તારોમાં ખેતીની જમીન સહિતની જમીનનો ઉપયોગ ઝીંગા ઉછેર માટે કરવામાં આવતો હોવાના આક્ષેપો છે. જો આવા તળાવો બિનમંજૂર રીતે બનાવવામાં આવ્યા હોય તો જમીનના ઉપયોગમાં ફેરફાર, ખારા પાણીના ઉપયોગ તથા આસપાસની ખેતીની જમીન અને પર્યાવરણ પર થતી સંભવિત અસર અંગે પણ તપાસ જરૂરી બની છે.



ખાસ કરીને સરકારી કે ગૌચર જમીન પર કોઈ ગેરકાયદેસર તળાવ બનાવવામાં આવ્યું છે કે નહીં, તળાવ માટે જરૂરી મંજૂરીઓ લેવામાં આવી છે કે નહીં અને નિયમોનું ઉલ્લંઘન થયું હોય તો જવાબદાર સામે શું કાર્યવાહી કરવામાં આવી છે તે અંગે તંત્ર દ્વારા સ્પષ્ટતા કરવી જરૂરી છે. તંત્ર સામે ઉઠતા સવાલો : આમોદ, વાગરા અને જંબુસર તાલુકામાં કુલ કેટલા ઝીંગા તળાવોને મંજૂરી આપવામાં આવી છે? કેટલા ઝીંગા તળાવો બિનમંજૂર અથવા નિયમવિરુદ્ધ હોવાનું તપાસમાં સામે આવ્યું છે? છેલ્લા પાંચ વર્ષમાં કેટલા તળાવ સંચાલકોને નોટિસ આપવામાં આવી છે? કેટલા ગેરકાયદેસર તળાવો સામે તોડકામ અથવા અન્ય કાયદેસરની કાર્યવાહી કરવામાં આવી છે? સરકારી કે ગૌચર જમીન પર ઝીંગા તળાવો બનાવવામાં આવ્યા હોવાની કોઈ ફરિયાદ મળી છે?

ઝીંગા તળાવ માટે જમીનના ઉપયોગમાં ફેરફારની મંજૂરી લેવામાં આવી છે કે નહીં? તળાવોમાં ખારા પાણીના ઉપયોગથી આસપાસની ખેતીની જમીન પર કોઈ અસર થઈ છે કે નહીં તેની તપાસ કરાઈ છે?ગેરકાયદેસર તળાવોને વીજ જોડાણ અને પાણીનો સ્ત્રોત કેવી રીતે મળ્યો તેની તપાસ કરવામાં આવી છે? નિયમોનું ઉલ્લંઘન કરનારા સામે અત્યાર સુધીમાં કેટલી કાર્યવાહી અને કેટલો દંડ વસૂલવામાં આવ્યો છે? જો ગેરકાયદેસર ઝીંગા તળાવો મળી આવ્યા હોય તો તેમની સામે કાર્યવાહી ક્યારે કરવામાં આવશે?



'એક હજારો મેં મેરી બહના હૈ' સિરિયલથી દરેક ઘરમાં ઓળખ ઊભી કરનારી એક્ટ્રેસ

# ગ્લેમર, સ્ટાઈલ અને એલિગન્સનો પરફેક્ટ કૉમ્બો! ક્રિસ્ટનો નવો લૂક જોઈને ફેન્સ ખુશ થઈ ગયા

મુંબઈ

'એક હજારો મેં મેરી બહના હૈ' સિરિયલથી દરેક ઘરમાં ઓળખ ઊભી કરનારી એક્ટ્રેસ ક્રિસ્ટલ ડિસુઝાએ તાજેતરમાં એક બેસ્ટ ફોટોશુટ કરાવ્યું છે. 'ધ ટ્રેટર્સ 2'ની વિનર રહેલી એક્ટ્રેસે ફરી એકવાર પોતાનો એક ફેશનેબલ લૂક ફેન્સ સામે રજૂ કર્યો હતો. ન્યૂડ ટોન મિની ડ્રેસમાં ક્રિસ્ટલનો ગ્લેમરસ લૂક જોવા મળ્યો હતો. સ્ટ્રેપી સિલ્હુટ સાથએ ડ્રેસમાં ગ્લિટર ડિટેલિંગ કરવામાં આવ્યું છે. ફિટેડ કટ સાથે તેણે પોતાના વેવી હેરને ખુલ્લા રાખ્યા હતા. સટલ મેકઅપ અને સ્ટેટમેન જ્વેલરી સાથે પાર્ટી લૂક બનાવ્યો હતો. પર્લ વર્ક વાળા ડ્રેસમાં પણ એક્ટ્રેસે મસ્ત ફોટો ક્લિક કરાવ્યો હતો. તેનો આ લૂક પણ સ્ટનિંગ અને રીફાઈન રહ્યો હતો. ટોપ સ્કલ્પ્ટેડ નેકલાઈન, સ્કર્ટ કાઉલ અને સ્ટાઈલિશ સોફ્ટ ડ્રોપિંગ તથા ન્યુટ્રલ શેડ સાથે આખો લૂક સોફેસ્ટિકેટેડ બન્યો હતો. હાઈબન હેર લૂકમાં એક ડ્રામા એડ કર્યો હતો. જ્યારે પર્લ ડ્રોપ સ્ટેટમેન્ટ ઈયરરિંગ્સ તથા મિનિમલિસ્ટિક સ્ટેટમેન્ટ એકસેસરીઝ એના લૂકને વધારે પ્રભાવશાળી બનાવે છે. સિલ્વર અને બ્લુ સિક્વિન લૂકમાં તે બેબી ડોલ જેવી લાગી રહી હતી. ડીપ નેકલાઈન ફીગર, હગીંગ સિલ્હુટ અને હાઈ સ્લીટ એક્ટ્રેસના લૂકે ફેન્સને આંખનું મટકુ ન મારવા મજબૂર કર્યા હતા. નાના ડાયમંડ અને સિલ્વર લાઈનિંગ સાથે એનો આઉટફિટ દમદારી લાગી રહ્યો હતો. ડીપ નેકલાઈન સાથે ફ્લોર કટ લૂકને અલગ ઉઠાવ આપતો હતો. પેસ્ટલ ગ્રીન કલરની સાડીમાં તે સ્ટનિંગ લાગી રહી હતી. સાડીમાં પણ તેનો લૂક બેસ્ટ લાગી રહ્યો હતો. સાડીમાં પણ તેમે પોતાનો ગ્લેમર ટચ જાળવી રાખ્યો હતો. બોટમ એમ્બેલિશ્ડ ડિટેલિંગ આપવામાં આવી હતી. જ્યારે બ્લાઉસમાં એમ્બ્રોડરી વર્ક કરવામાં આવ્યું હતું. આ સાથે ફ્રિંજ પણ આપવામાં આવી હતી. શીર પલ્લુમાં એક યુનિકનેસ જોવા મળી હતી. ગ્લેમ મેકઅપ સ્ટેન્ટમેન્ટ સાથે તેણે બેસ્ટ મેચ થાય એવા ઈયરરિંગ્સ પણ પહેર્યા હતા. સ્લીક હેર સ્ટાઈલ લૂકમાં તે પર્ફેક્ટ લાગી રહી હતી. કમરથી લઈને પગ સુધી જાણે તેણે કોઈ ખાસ પ્રકારની ચોલી પહેરી હોય એવો આ લૂક હતો. તે રેડ કાર્પેટ માટે પણ યોગ્ય છે. એક્ટ્રેસે બોલ્ડ લાલ ગાઉન પહેર્યું હતુ. તેનું ફીટેડ, ફ્લોઈંગ સિલુએટ, લીફ-મોટિફ ડિટેલિંગ અને સ્વીટહાર્ટ નેકલાઈન દેખાવને સ્ટાઈલિશ બનાવે છે.

**'ધ ટ્રેટર્સ 2'ની વિનર રહેલી એક્ટ્રેસે ફરી એકવાર પોતાનો એક ફેશનેબલ લૂક ફેન્સ સામે રજૂ કર્યો હતો**

# ફંડનો હિસાબ માંગતા કંગના ભડકી

## કંગના ડિસ્ટ્રિક્ટ ડેવલપમેન્ટ કૉ-ઑર્ડિનેશન મોનિટરિંગ કમિટીની બેઠકમાં કેટલાક લોકોના ક્લાસ લઈ લીધા



નવી દિલ્હી

હિમાચલ પ્રદેશના મંડીના ભાજપના સાંસદ કંગના રણૌતે શનિવારે ડિસ્ટ્રિક્ટ ડેવલપમેન્ટ કૉ-ઑર્ડિનેશન મોનિટરિંગ કમિટી(DISHA)ની બેઠકમાં કેટલાક લોકોના ક્લાસ લઈ લીધા હતા. આ બેઠકમાં સાંસદે ફંડને લઈને વાત કરી હતી. ફંડનો ઉપયોગ યોગ્ય રીતે ન થવાની વાત કહી હતી. બેઠકમાં આવેલા અધિકારીઓને આકરા મિજાજમાં ટકોર કરતા કહ્યું હતું કે, મારી સામે ખોટી બહાનાબાજી ન કરો.આ બેઠકમાં કંગના એ પોતાનો આકરો મિજાજ બતાવ્યો હતો. કડક સ્વરમાં સાંસદે કહ્યું હતું કે, પોતાના વિસ્તારના વિકાસ માટે મળતા ફંડનો ખૂબ ઓછો ઉપયોગ થઈ રહ્યો છે. જે યોગ્ય નથી. અધિકારીઓના ક્લાસ લેતા ઉમેર્યું કે, સાંસદનું કામ ફંડ આપવાનું હોય છે. માર્ચ-એપ્રિલ સુધી 11 કરોડમાંથી મંડી વિસ્તારમાં માત્ર 1 કરોડ રૂપિયાનો ઉપયોગ પણ થયો નથી. આસપાસના વિસ્તાર તો શું મંડીમાં જ 50થી 60 લાખ જેટલી રકમ પણ ખર્ચાઈ નથી. મંત્રાલયમાંથી કેટલાક પત્રો મોકલવા પડ્યા છે. શું એમને કોઈ કામ નથી કે શું? દૈનિક ધોરણે મંત્રાલયની કચેરીઓમાં બેસી રહેવાથી કંઈ થવાનું નથી. જો મને તમારી ઓફિસ એક દિવસ માટે પણ મળી જાય તો તમામ કામ કરીને બતાવી આપું. તમે કોઈ મારી વાત જ સાંભળતા નથી. આ બધી ફાલતુ બહાનાબાજી છે. આવી બહાનાબાજી મારી સામે કરવી નહીં. દર વખતે દિશા કમિટીની બેઠકમાં બાહાનાબાજી જ સાંભળવા માટે મળે છે. એકાઉન્ટમાં આવતી રકમમાંથી અડધી રકમ પણ મળતી નથી. આમાંથી કેટલાક લોકો તો એવા છે જે પૈસા લઈને ચાલ્યા ગયા છે. આવું કરતા શું તમને કોઈ પ્રકારની શરમ આવે છે કે નહીં?ખરેખર તો તમે કેવા લોકો છો? અહીંયા આટલો નેગેટિવ પ્રચાર થઈ રહ્યો છે.

# મિસ વર્લ્ડ 2026: ડોમિનિકન રિપબ્લિકની જોહેરી મોલાએ જીત્યો તાજ

## ભારતની નિકિતા પોરવાલ ટોપ-20માં પણ નહીં પહોંચી

હાનોઈ

મિસવર્લ્ડ 2026 બ્યૂટ કોન્ટેસ્ટનું આ વર્ષે વિયેતનામમાં આયોજન કરવામાં આવ્યું હતું. મિસ વર્લ્ડ 2026નો ખિતાબ ડોમિનિકન રીપબ્લિકની જોહેરી મોલ ડેમિંગ્વેઝે જીતી લીધો છે. દુનિયાને આ વર્ષની મિસ વર્લ્ડ બ્યૂટી મળી ગઈ છે. આ ઈવેન્ટમાં દુનિયાભરની સુંદરીઓએ ભાગ લીધો હતો. પણ જોહેરીએ મેદાન મારી લીધુ હતું. તે વિયેતનામના નહા ત્રાંગમાં યોજાઈ હતી. નવી મિસવર્લ્ડે ગ્રાન્ડ ફિનાલેમાં વિશ્વભરના અસંખ્ય સુંદર સ્પર્ધકોને પાછળ છોડીને આ માઈલસ્ટોન હાંસલ કર્યો છે. 24 વર્ષની જોહેરી મોલા ફક્ત સુંદરતાના આધારે આ તબક્કે પહોંચી ન હતી. પણ તેની મહેનત અને આત્મવિશ્વાસએ આ ખિતાબ મેળવવામાં મુખ્ય ભૂમિકા ભજવી હતી. મોડેલનો ઉલ્લેખ ઘણીવાર ફોટોગ્રાફ્સ, ફેશન અને ગ્લેમરની દુનિયાની છબીઓ ઉજાગર કરે છે. જો કે, ડોમિનિકન રિપબ્લિકના જોહેરી મોલા ડોમિંગ્યુઝની વાર્તા એક નવો દ્રષ્ટિકોણ આપે છે જે આ પરંપરાગત વિચારસરણીને પડકારે છે. મોટાભાગના કેસમાં એવું માનવામાં આવે છે કે, આવા બ્યૂટી કોન્ટેસ્ટમાં માત્ર બ્યૂટીને જ મહત્ત્વ આપવામાં આવે છે પણ એવું નથી હોતું. એવી વિશ્વકક્ષાની સ્પર્ધામાં યુવતીના વિચાર, અભિગમ, નૉલેજ, વર્તણૂક અને બોલવાના ઢંગની પણ ગણતરી થતી હોય છે. આવી સ્પર્ધામાં તે દરેક માપદંડમાં ખરી ઊતરી હતી. એની પર્સનાલિટીથી જજ પણ મોહિત થયા હતા.

સૌથી મોટી અને ચોંકાવનારી વાત એ છે કે, ટીચર્સ ડે નિમિત્તે જ આ ટીચરને વૈશ્વિક સન્માન મળ્યું હતું. જોહેરી મૂળ સોશિયલ સ્ટડિઝ વિષયની ટીચર રહી ચૂકી છે. ન્યૂઝ કોરસ્પોન્ડન્ટ તરીકે કામ કર્યું એટલે તે દેશ-દુનિયાની સ્ટોરીને સારી રીતે સમજે છે. એટલું જ નહીં કેટલાય સમાજ સેવાના કામ પણ કરે છે. ખૂબ મહત્ત્વની વાત કરી એક વિશાળ સમુદાય સુધી સારી એવી સ્ટોરીઓને પોતાની એક આગવી શૈલીઓમાં રજૂ કરીને તે લાખો લોકોના સમુદાય સુધી પહોંચાડે છે. બ્યૂટી કોન્ટેસ્ટ ક્ષેત્રે વૈશ્વિક મંચ સુધી પહોંચવાના રસ્તા સરળ નથી હોતા અને દરેકને નથી મળતા. બીજા ઈરાદાઓ કરતા એ હેતુ મહત્ત્વનો હોય છે જે લોકોને એકબીજા સાથે કનેક્ટ કરીને રાખે. એના આ વિચારની અને શૈલીના વખાણ વૈશ્વિક મંચ પર થયા છે. જોહેરીએ યુનિવર્સિડેડ ઈબેરોઅમેરિકાનામાં બિઝનેસ મેનેજમેન્ટ અને એડમિનિસ્ટ્રેશનનો અભ્યાસ કર્યો છે.






# પાયલટના પાત્રમાં કાર્તિક આર્યન!, નવા લુકે ચાહકોમાં મચાવી હલચલ

## નવી ફિલ્મનો એક ફર્સ્ટ લૂક સામે આવ્યો છે. તેની ફિલ્મ 'કેપ્ટન ઈન્ડિયા'નું શુટિંગ કરવા તે બિલકુલ તૈયાર

મુંબઈ

બોલિવૂડ એક્ટર કાર્તિક આર્યન હવે એક ફ્લાઈટ કેપ્ટનમાં રોલમાં જોવા મળશે. તેની નવી ફિલ્મનો એક ફર્સ્ટ લૂક સામે આવ્યો છે. તેની ફિલ્મ 'કેપ્ટન ઈન્ડિયા'નું શુટિંગ કરવા તે બિલકુલ તૈયાર છે. સોશિયલ મીડિયા પર પોતાનો ફર્સ્ટ લૂક શૅર કરતા આ અંગે તેણે થોડી વિગત શૅર કરી હતી. પોતાના નવા પ્રોજેક્ટ 'કેપ્ટન ઈન્ડિયા'નું એલાન કરી દીધું છે. આ પ્રોજેક્ટમાં શું હશે એ અંગે હજુ સુધી કોઈ વિગત સામે આવી નથી. જુદા-જુદા રોલ કરવા માટે જાણીતો કાર્તિક હવે એક મિલિટરી યુનિફોર્મમાં જોવા મળશે. આ પ્રોજેક્ટમાં તે બિલકુલ રેડી છે એવું ફોટો પરથી સ્પષ્ટ થાય છે. ફર્સ્ટ પોસ્ટ સાથે તેણે ડાયરેક્ટર શિમિત અમીનના દિલને ટચ થઈ જાય એવો મસ્ત મેસેજ શૅર કર્યો છે. જેમાં તેણે પોતાની ટીમ પર ગર્વ વ્યક્ત કર્યો છે. અમીને છેલ્લા કેટલાક મહિનમાં ક્રૂ સામે આવતા પડકારોનો ઉલ્લેખ કર્યો હતો અને એના ધૈર્ય-હિંમતના વખાણ કર્યા હતા. મેકરે કહ્યું હતું કે, આમાં સામેલ દરેક વ્યક્તિની ક્વોલિટીવાળી ફિલ્મ બનાવવા માટે ટીમ સંપૂર્ણ રીતે સમર્પિત છે. ટીમના માહોલને એક જાદુઈ માહોલ ગણાવી દીધો હતો. મેકરે 'કેપ્ટન ઈન્ડિયા' વિશે વાત કરતા ઉમેર્યું કે, મને ખરેખર એવું લાગે છે કે અમારી પાસે દુનિયાની સૌથી શ્રેષ્ઠ ટીમ છે. હું આખી ટીમનો આભારી છુ અને સખત-મહેનત, જોશને વધાવુ છું. આ સર્પોર્ટિવ મેસેજનો હેતુ શુટિંગ પહેલા ક્રૂમાં જોશ ભરવાનો રહ્યો છે. 'કેપ્ટન ઈન્ડિયા'નું શુટિંગ લંડનમાં થવાનું છે. ઑક્ટોબર સુધીમાં ફિલ્મનો શુટિંગ પાર્ટ ખતમ થાય એવી આશા છે. ટાઈમલાઈન પરથી કહી શકાય કે, ફિલ્મનો પ્રોજેક્ટ ટૂંક જ સમયમાં ખતમ થશે અને કામ પણ બીજું શરૂ થશે. શિમિત અમીને અગાઉ 'ચકે દે ઈન્ડિયા' ફિલ્મ બનાવી હતી. હવે તે 'કેપ્ટન ઈન્ડિયા' લાવશે. આ ફિલ્મમેકર બોલિવૂડમાં પોતાના એક અલગ વિચારને લઈને જાણીતા છે. કાર્તિકનો રોલ કેવો છે એ ટિઝર સામે આવ્યા બાદ ખ્યાલ આવશે.

# બાદશાહ સાથે બ્રેકઅપ થયા બાદ પણ ઈશા ક્યા કારણોસર ચૂપ હતી? ખોલ્યા મોટા રાઝ

મુંબઈ

બાદશાહની એક્સ વાઈફ ઈશા રિખી હવે 'બિગબોસ-20' માં જોવા મળશે. એકબાજું બન્ને છૂટા થયાની ચર્ચા પર પૂર્ણવિરામ નથી મૂકાયું એવામાં તે ટીવી શૉ પર દેખાવવાની છે. હવે આ વાત પર પંજાબી એક્ટ્રેસે સામેથી જ કેટલીક સ્પષ્ટતા કરી દીધી છે. બાદશાહએ પહેલા ઈશા રિખી સાથે લગ્ન કર્યા હતા. આ પછી બન્ને છૂટા થઈ જતા બીજા લગ્ન કર્યા હતા. એ પણ પાંચ મહિનામાં તૂટી જતા હવે સિંગલ સિંગલ બાદશાહને લઈ એક્સ વાઈફે મોટી વાત કહી છે. ઈશાએ પોતાની એક પોસ્ટ દ્વારા નિવેદન આપ્યું છે. ઈશા રિખીને લઈ ચર્ચા એવી છે કે, બાદશાહથી અલગ થયા બાદ તે બીજા લગ્ન કરશે કે નહીં. આ વાતને લઈ ઈશાએ પોતાની ઈસ્ટાગ્રામ પોસ્ટ શૅર કરી હતી. આ પોસ્ટમાં એક્ટ્રેસે લખ્યું હતું કે, મારા લગ્નને લઈ અનેક પ્રકારની વાતો થઈ રહી છે. અફવા ફેલાઈ રહી છે. મારા અંગેના ન્યૂઝ રિપોર્ટ વાંચીને અને સાંભળીને હું શોક થઈ ગઈ. હું મીડિયાને અપીલ કરૂ છું કે, મારા લગ્ન અને અલગ થવાને લઈને કોઈ પ્રકારની અફવા ફેલાવવામાં ન આવે.આ સાથી એક્ટ્રેસે અપીલ કરી હતી કે, હું લોકોને અપીલ કરૂ છું કે, જ્યાં સુધી હું કોઈ જાણકારી ડાયરેક્ટ શૅર ન કરૂ ત્યાં સુધી કોઈ જ પ્રકારના ન્યૂઝને સાચા ન માને. હું ડાયરેક્ટ જ સોશિયલ મીડિયા પર પોસ્ટ શૅર કરી દઈશ. આભાર. તાજેતરમાં એક મીડિયા સાથેની મુલાકાતમાં તેણે બાદશાહ સાથેના પોતાના સંબોધોને લઈને દિલ ખોલીને વાત કરી હતી. એક્ટ્રેસે કહ્યું હતું કે, મેં અગાઉથી એટલા માટે જાહેર ન કર્યું કારણ કે, હું કોઈ સંબંધને પબ્લિકની ચર્ચાનો વિષય આપવા માગતી ન હતી. કોઈ તમાશા બનાવવા માગતી ન હતી. આથી હું આ રિલેશનશીપ પૂરી થઈ ગઈ તો પણ ચૂપ હતી. પ્રેમ પરથી મારો ભરોસો ઊઠી ગયો છે એવું બિલકુલ નથી



## 56 રનનો ટાર્ગેટ 8.4 ઓવરમાં ચેઝ કર્યો, કેપ્ટન હરમનપ્રીતે છગ્ગો મારીને જીતાડી

# મહિલા ક્રિકેટમાં પણ પાકિસ્તાનનું સુરસુરિયું: ભારતે 7 વિકેટથી હરાવ્યું

વૉશિંગ્ટન

ભારતીય મહિલા ટીમે T20 એશિયા કપમાં પાકિસ્તાનને 7 વિકેટથી હરાવ્યું. તેમણે 56 રનનો ટાર્ગેટ 8.4 ઓવરમાં 3 વિકેટ પર ચેઝ કરી લીધો. કેપ્ટન હરમનપ્રીતે છગ્ગો ફટકારીને ટીમને જીત અપાવી.

દુબઈ ઈન્ટરનેશનલ સ્ટેડિયમમાં શનિવારે પાકિસ્તાનની ટીમ 55 રનમાં ઓલઆઉટ થઈ ગઈ. આ T20 ઈન્ટરનેશનલમાં પાકિસ્તાનનો સૌથી લોએસ્ટ સ્કોર છે. પાકિસ્તાનની 8 બેટર્સ ડબલ ડિજિટ સુધી પહોંચી શકી ન હતી. સૌથી વધુ 14 રન શવાલ ઝુલ્ફિકારે બનાવ્યા. ભારતીય ટીમ તરફથી શ્રી ચરણી અને પ્રેમા રાવતને 3-3 વિકેટ મળી. દીપ્તિ શર્માને 2 વિકેટ મળી. ટૉસ વખતે ભારતીય મહિલા ટીમની કેપ્ટન હરમનપ્રીત કૌરે ફરી એકવાર પાકિસ્તાની ટીમની કેપ્ટન ફાતિમા સના સાથે હાથ ન મિલાવ્યો. ઈન્ડિયન કેપ્ટને 14 જૂને રમાયેલી વુમન્સ T-20 વર્લ્ડ



કપની મેચમાં પણ પાકિસ્તાની કેપ્ટન સાથે હાથ મિલાવ્યો ન હતો. 22 એપ્રિલ 2025ના પહેલગામ આતંકી હુમલા પછી ભારતીય અને પાકિસ્તાની ખેલાડીઓ વચ્ચે હેન્ડશેક ન કરવાની પોલિસી જોવા મળી રહી છે. ઈન્ડિયન ટીમ આ ટુર્નામેન્ટમાં સતત ત્રીજી જીત મેળવી છે. તેમણે પાકિસ્તાન પહેલાં હોંગકોંગ અને થાઈલેન્ડને હરાવ્યું હતું. બીજી તરફ પાકિસ્તાનને પહેલી હાર મળી છે. સેમિફાઈનલમાં પહોંચવા માટે ટીમે હોંગકોંગ સામેની હવેની મેચ જીતવી પડશે.

ભારતીય ટીમે 56 રનનો ટાર્ગેટ 8.4 ઓવરમાં ચેઝ કરી લીધો. ટીમે પાકિસ્તાનને 7 વિકેટથી હરાવ્યું. ઈન્ડિયન કેપ્ટન હરમનપ્રીત કૌરે નશરા સંધુના ત્રીજા બોલ પર ચોગ્ગો અને ચોથા બોલ પર છગ્ગો ફટકારીને ટીમને જીત અપાવી. ચોથી ઓવરના છેલ્લા બોલ પર ફાતિમા સનાએ સ્મૃતિ મંધાનાને LBW આઉટ કરી દીધી. તેણે ઓવર ધ વિકેટ બોલને ફૂલ રાખ્યો, જે સહેજ અંદર આવ્યો. સ્મૃતિ મોડેથી બેટ નીચે લાવી શકી અને બોલ મિડલ-લેગની સામે પેડ પર વાગ્યો. અમ્પાયરે થોડી સેકન્ડ પછી આંગળી ઊંચી કરી. સ્મૃતિ મંધાના 11 બોલમાં 2 ચોગ્ગા સાથે 9 રન બનાવીને આઉટ થઈ.

## કીપરની એક ભૂલ અને મેદાનમાં ઢળી પડ્યો ખેલાડી

ન્યૂયોર્ક

કાઉન્ટી ચેમ્પિયનશિપ ડિવિઝન વનની એક મેચ દરમિયાન એક અત્યંત વિચિત્ર અને રમુજી ઘટના સામે આવી છે, જેમાં ઈંગ્લેન્ડના વિકેટકીપર બેટ્સમેન જૉની બેરસ્ટોના થ્રોના કારણે તેમનો જ સાથી ખેલાડી મેદાન પર ઈજાગ્રસ્ત થઈ ગયો હતો. આ અસામાન્ય ક્ષણનો વીડિયો સોશિયલ મીડિયા પર ખૂબ જ ઝડપથી વાયરલ થઈ રહ્યો છે. આ



ઘટના યોર્કશાયર અને સરે વચ્ચે ધ ઓવલ ખાતે 2થી 4 સપ્ટેમ્બર દરમિયાન રમાયેલી 52મી મેચ દરમિયાન બની હતી. સરેની બીજી ઈનિંગ દરમિયાન યોર્કશાયરના ફાસ્ટ બોલરે ડાબોડી બેટ્સમેનને એક ઉત્કૃષ્ટ ગુડ-લેન્થ બોલ ફેંક્યો, જે બેટ્સમેનને સંપૂર્ણપણે થાપ આપીને વિકેટકીપર જૉની બેરસ્ટોના ગ્લોવ્ઝમાં સમાઈ ગયો હતો. બોલ પકડ્યા બાદ બેરસ્ટોએ સાવ સામાન્ય અંદાજમાં પોતાની પાછળ ઊભેલા ફર્સ્ટ સ્લિપના ફિલ્ડર તરફ બોલ ઉછાળ્યો હતો. જોકે, ફર્સ્ટ સ્લિપમાં ઊભેલો ખેલાડી તે ક્ષણે સજાગ નહોતો અને તેનું ધ્યાન બીજે હોવાને કારણે બોલ સીધો તેના સંવેદનશીલ અંગ પર જઈને અથડાયો હતો. બોલ વાગતાની સાથે જ ખેલાડી તીવ્ર દર્દના કારણે મેદાન પર પડીને કણસવા લાગ્યો હતો. આ અનપેક્ષિત દુર્ઘટના જોઈને ખુદ જૉની બેરસ્ટો પણ મેદાન પર હસી પડ્યા હતા.

### ઈંગ્લેન્ડ પ્રવાસમાં નવો વળાંક આવ્યો

## PCB એ પાકિસ્તાની ખેલાડીઓના મોબાઈલ જપ્ત કરતા હડકંપ

લંડન

ઈંગ્લેન્ડ પ્રવાસ પર રહેલી પાકિસ્તાની ક્રિકેટ ટીમ પહેલાથી જ અનેક પડકારોનો સામનો કરી રહી છે. હવે એજબેસ્ટનમાં રમાનારી સિરીઝની ત્રીજી અને આખરી ટેસ્ટ પહેલા પાકિસ્તાન ક્રિકેટ બોર્ડ (PCB) દ્વારા ટીમના કેટલાક ખેલાડીઓના મોબાઈલ ફોન પોતાના કબજામાં લેવામાં આવ્યા છે. આ ફોન આખરી ટેસ્ટ પૂરી થાય ત્યાં સુધી બોર્ડ પાસે જ રહેશે. જોકે, કયા ખેલાડીઓના ફોન લેવામાં આવ્યા છે અને બોર્ડે આ પ્રકારનું પગલું કેમ ભર્યું છે, તેને લઈને હજુ સુધી કોઈ સત્તાવાર જાણકારી



આપવામાં આવી નથી. પાકિસ્તાની સમાચાર ચેનલના અહેવાલો મુજબ, ટીમના સભ્યોના મોબાઈલ ફોન પીસીબીને સોંપવામાં આવ્યા છે. પીસીબીએ પણ અત્યાર સુધી એ સ્પષ્ટ કર્યું નથી કે ફોન લેવા પાછળ કોઈ ટીમ પ્રોટોકોલ, શિસ્તબદ્ધ પ્રક્રિયા કે અન્ય કોઈ કારણ જવાબદાર છે કે કેમ. આ ઘટનાક્રમે ખેલાડીઓની ગોપનીયતા (પ્રાઈવસી) ને લઈને સૌથી મોટો સવાલ ઊભો કર્યો છે. ખાસ કરીને એ જાણવું મહત્ત્વપૂર્ણ છે કે કોઈપણ ખેલાડીનો ફોન કેટલા સમય સુધી પોતાની પાસે રાખી શકાય છે અને કઈ પરિસ્થિતિઓમાં તેની અંગત માહિતી સુધી પહોંચી શકાય છે. ઈન્ટરનેશનલ ક્રિકેટ કાઉન્સિલ (ICC) ના એન્ટી કરપ્શન કોડ મુજબ, તપાસ દરમિયાન અધિકૃત અધિકારીઓને ફોન સાથે જોડાયેલી વ્યાપક માહિતી માંગવાનો અધિકાર છે. જો અધિકારીઓ પાસે યોગ્ય આધાર હોય કે કોઈ ડિવાઈસમાં તપાસ માટે જરૂરી સામગ્રી હાજર છે.

# વૈભવ અને તિલક વચ્ચે ચાલુ મેચમાં બબાલ

### શું યાર, આ વાઈસ-કેપ્ટન છે.. કહેતા જ વૈભવ ઉશ્કેરાયો; અમ્પાયર્સને વચ્ચે પડવું પડ્યું

નવી દિલ્હી

દુલિપ ટ્રોફી (2026-27)ની ફાઈનલ મેચ રોમાંચક મોડ પર પહોંચી ગઈ છે, જ્યાં મેદાન પર ક્રિકેટના રોમાંચની સાથે ખેલાડીઓ વચ્ચેનો તણાવ પણ ચરમસીમાએ જોવા મળ્યો હતો. મેચ દરમિયાન ઈસ્ટ ઝોનના યુવા બેટર વૈભવ સૂર્યવંશી અને સાઉથ ઝોનના કેપ્ટન તિલક વર્મા વચ્ચે થયેલી ગરમાગરમી હાલ ચર્ચાનો વિષય બની છે. શરૂઆતમાં મજાક-મસ્તી અને હળવાશથી શરૂ થયેલી સ્લેજિંગ અચાનક એટલી તીખી બની ગઈ કે અમ્પાયરોએ ખુદ મેદાન પર આવીને મામલો થાળે પાડવો પડ્યો હતો. શું હતી સમગ્ર ઘટના? આ ઘટના ઈસ્ટ ઝોનની પહેલી ઈનિંગની 11મી ઓવરમાં



બની હતી. સાઉથ ઝોનના કેપ્ટન તિલક વર્મા સતત 15 વર્ષીય વૈભવ સૂર્યવંશી સાથે વાતચીત કરી રહ્યા હતા અને તેમની વાઈસ-કેપ્ટન્સીને લઈને તેમને સ્લેજ કરી રહ્યા હતા. તિલકે વૈભવને કહ્યું હતું કે, 'શું યાર, આ વાઈસ-કેપ્ટન.' પરંતુ આ વાત થોડી જ ક્ષણોમાં ઉગ્ર બોલાચાલીમાં ફેરવાઈ ગઈ. તિલક વર્મા ગુસ્સામાં વૈભવની નજીક ગયા અને ઈશારો કરતા જાણે મુક્કો મારવાની વાત કરી હોય તેવું વર્તન કર્યું. બીજી તરફ, વૈભવે પણ જરાય પીછેહઠ ન કરતા તિલકનો મક્કમતાથી સામનો કર્યો. વધતો તણાવ જોઈને તાત્કાલિક અમ્પાયરોએ હસ્તક્ષેપ કરવો પડ્યો અને બંને ખેલાડીઓને અલગ કર્યા. વૈભવનું બેટ ગરજ્યું: 37 બોલમાં ફટકાર્યા શાનદાર 44 રન મેદાન પર વિવાદ ભલે થયો હોય, પરંતુ તે પહેલાં વૈભવ સૂર્યવંશીનું બેટ શાનદાર ફોર્મમાં જોવા મળ્યું હતું. અભિમન્યુ ઈશ્વરન સાથે મળીને તેમણે ઈસ્ટ ઝોનને શાનદાર શરૂઆત અપાવી હતી અને પહેલી વિકેટ માટે 100 રનની ભાગીદારી નોંધાવી હતી.



### સંયુક્ત રાષ્ટ્રના FAO મુજબ

# વૈશ્વિક ખાદ્ય ભાવ 2022 પછીના સૌથી ઊંચા સ્તરે

મુંબઈ

સંયુક્ત રાષ્ટ્રના ખાદ્ય અને કૃષિ સંગઠન (FAO) એ જણાવ્યું હતું કે ઓગસ્ટમાં વૈશ્વિક ખાદ્ય ભાવ ૨૦૨૨ ના અંત પછીના તેમના ઉચ્ચતમ સ્તરે પહોંચી ગયા છે. આ પ્રતિકૂળ હવામાન અને યુદ્ધને કારણે હતું, જેના કારણે પુરવઠા અંગે ચિંતા વધી હતી. યુરોપમાં ભારે ગરમી અને દુષ્કાળ, ગંભીર અલ નીનો હવામાનનો ભય અને યુક્રેન અને ઈરાનમાં યુદ્ધોને કારણે વેપારમાં ઉથલપાથલથી કૃષિ બજારો અસ્થિર થયા છે. આનાથી અનાજના ભાવ ત્રણ વર્ષના ઉચ્ચ સ્તરે અને ખાંડ એક વર્ષના ઉચ્ચ સ્તરે પહોંચી ગયા છે. આંતરરાષ્ટ્રીય સ્તરે વેપાર થતી ખાદ્ય ચીજવસ્તુઓની બાસ્કેટમાં



માસિક ફેરફારોને ટ્રેક કરતો FAO ખાદ્ય ભાવ સૂચકાંક ઓગસ્ટમાં સરેરાશ ૧૩૩.૩ પોઈન્ટ હતો, જે જુલાઈમાં સુધારેલા ૧૩૦.૮ પોઈન્ટ કરતા વધારે છે. નવેમ્બર ૨૦૨૨ પછી આ સૌથી વધુ સ્કોર છે. જોકે, રશિયાના યુક્રેન પર વ્યાપક આક્રમણ બાદ માર્ચ ૨૦૨૨માં પહોંચેલા રેકોર્ડ ઉચ્ચતમ સ્તર કરતા તે લગભગ ૧૭ ટકા ઓછો છે. FAOના અર્થશાસ્ત્રીએ જણાવ્યું હતું કે, ઓગસ્ટમાં વૈશ્વિક ખાદ્ય ભાવમાં વધારો એ ચેતવણી છે કે જોખમો ખાદ્ય બજારોમાં પાછા ફરી રહ્યા છે. આબોહવા આંચકા, ભૂ-રાજકીય તણાવ અને વેપાર ચળવળમાં વિક્ષેપોને કારણે પુરવઠાની અછતની અપેક્ષાઓ વધી રહી છે.

ઓગસ્ટમાં અનાજ, વનસ્પતિ તેલ, ખાંડ, માંસ અને ડેરી માટે FAOના ભાવ માપદંડોમાં વધારો થયો છે. યુરોપમાં અત્યંત ગરમ હવામાને મકાઈ અને ખાંડ બીટના પાક તેમજ પશુધન ઉત્પાદનોની સંભાવનાઓને નબળી બનાવી દીધી છે. અલ ??નીનોની શક્યતાએ એશિયામાં પામ તેલ અને ખાંડના ઉત્પાદન અંગે ચિંતાઓ ઉભી કરી છે.

### ધિરાણ માગને પહોંચી વળવા બેન્કોએ સીડી પર આધાર રાખવો નહીં પડે

# લિક્વિડિટી વધી જતા હવે બેન્કોને ભંડોળ મેળવવા પાછળના ખર્ચમાં ઘટાડો થવા સંભવ

### હવે બેન્કોને ધિરાણ માંગ સંતોષવા સર્ટિફિકેટ ઓફ ડિપોઝિટ્સ (CD) પર ઓછો આધાર રાખવો પડશે, જે એક ખર્ચાળ વિકલ્પ હતો

મુંબઈ

ફોરેન કરન્સી નોન-રેસિડેન્ટ (બેન્ક) એફસીએનઆર-બી ડીપોઝિટ સ્કીમને મળેલા અનપેક્ષિત પ્રતિસાદ બાદ બેન્કોમાં લિક્વિડિટીમાં વધારો થતાં બેન્કો માટે ભંડોળ મેળવવા પાછળના ખર્ચમાં અડધા ટકા જેટલો ઘટાડો થવાની અપેક્ષા રાખવામાં આવી રહી છે. ધિરાણ માગને પહોંચી વળવા બેન્કોએ સર્ટિફિકેકટ ઓફ ડીપોઝિટસ (સીડી) પર હવે બહુ નિર્ભર રહેવુ નહીં પડે એમ એક બેન્કરે જણાવ્યું હતું.



પોતાની ટૂંકા ગાળાની જરૂરિયાત માટે બેન્કો સીડી જારી કરી નાણાં ઊભા કરતી હોય છે. સીડી મારફતનું ભંડોળ સામાન્ય રીતે ખર્ચાળ સાબિત થતું હોય છે. ઓગસ્ટમાં સીડી જારી કરવાની માત્રા ઘટી રૂપિયા ૬૮૧૩૦ કરોડ રહી હતી જે જાન્યુઆરીમાં રૂપિયા ૯૯૪૩૫ કરોડ હતી. મેમાં સીડી જારી કરવાની માત્રા રૂપિયા ૧.૧૧ ટ્રિલિયન, જૂનમાં રૂપિયા ૧.૮૦ ટ્રિલિયન જ્યારે જુલાઈમાં રૂપિયા ૯૫૯૪૫ કરોડ રહી હતી. રિઝર્વ બેન્કે જૂનમાં જ્યારથી એફસીએનઆર-બી સ્કીમ જાહેર કરી હતી ત્યારથી સીડીના દરમાં ઘટાડો થયો છે. જૂનમાં ત્રણ મહિનાની મુદતના સીડીનો દર જે ૭.૨૫ ટકા હતો તે સપ્ટેમ્બરમાં ઘટી ૫.૮૫ ટકા પર આવી ગયો હતો. છ થી એક વર્ષની મુદત માટેના સીડીના દરમાં પણ ઘટાડો થયો છે. તાજેતરમાં બેન્કિંગ વ્યવસ્થામાં થાપણ વૃદ્ધિની સરખામણીએ ધિરાણ વૃદ્ધિ ઊંચી રહેતા બેન્કોએ ધિરાણ માગને પહોંચી વળવા સીડી સહિતના વિવિધ માર્ગો મારફત નાણાં ઊભા કરવાની ફરજ પડી હતી. જો કે એફસીએનઆર-બી સ્કીમ બાદ સ્થિતિ બદલાઈ છે અને બેન્કોમાં લિક્વિડિટીમાં નોંધપાત્ર વધારો થયો છે. લિક્વિડિટીને ધ્યાનમાં રાખતા બેન્ક ધિરાણ દરમાં ઘટાડો જોવા મળવાની શકયતા નકારાતી નથી. મુંબઈમાં FCNR-B ડિપોઝિટ સ્કીમને મળેલો સારો પ્રતિસાદ બેન્કો માટે આશીર્વાદરૂપ બન્યો છે. આ યોજનાથી બેન્કોમાં લિક્વિડિટી વધી છે, જેના કારણે ધિરાણ માટે ભંડોળ મેળવવાનો ખર્ચ અડધા ટકા જેટલો ઘટવાની શક્યતા છે.

### SDR અનામતમાં 188 મિલિયન ડોલરનો વધારો થયો

# વિદેશી હૂંડિયામણ ભંડાર વધીને 740 અબજ ડોલરની રેકોર્ડ સપાટીએ

મુંબઈ

ભારતના વિદેશી હૂંડિયામણ ભંડારમાં ફરી નોંધપાત્ર વધારો થયો છે. 28 ઓગસ્ટના રોજ પૂરા થયેલા સપ્તાહમાં, દેશનું ભંડાર 11.47 અબજ ડોલર વધીને 740.80 અબજ ડોલરની રેકોર્ડ સપાટીએ પહોંચ્યું છે. રિઝર્વ બેંકના ડેટા મુજબ, સોનાના ભંડારમાં પણ 2.191 બિલિયન ડોલરનો વધારો થયો છે, જે 116.409 બિલિયન ડોલર થયો છે. ભારતના વિદેશી હૂંડિયામણ ભંડારમાં ફરી એકવાર નોંધપાત્ર વધારો નોંધાયો છે. ૨૮ ઓગસ્ટના રોજ પૂરા થયેલા સપ્તાહમાં દેશના વિદેશી હૂંડિયામણ ભંડારમાં ૧૧.૪૭ અબજ ડોલરનો વધારો થઈને ૭૪૦.૮૦ અબજ ડોલરની રેકોર્ડ સપાટીએ પહોંચ્યું છે.




રિઝર્વ બેંકના ડેટા મુજબ અગાઉ, ૨૧ ઓગસ્ટના રોજ પૂરા થયેલા સપ્તાહમાં, વિદેશી હૂંડિયામણ ભંડારમાં પણ ૧૨.૪૨૨ અબજ ડોલરનો નોંધપાત્ર વધારો જોવા મળ્યો હતો, જે ૭૨૯.૩૨૮ અબજ ડોલર સુધી પહોંચ્યું હતું. ૨૮ ઓગસ્ટના રોજ પૂરા થયેલા સપ્તાહમાં, FCA ૯.૩૩૭ બિલિયન ડોલર વધીને ૬૦૦.૬૭ બિલિયન ડોલર પર પહોંચ્યું હતું.દેશના સોનાના ભંડારમાં પણ નોંધપાત્ર વધારો જોવા મળ્યો છે. આ અઠવાડિયે, સોનાના ભંડારમાં ૨.૧૯૧ બિલિયન ડોલરનો વધારો થઈને ૧૧૬.૪૦૯ બિલિયન ડોલર થયો છે. આ માર્ચના અંતથી ૧.૦૧૪ બિલિયન ડોલરનો વધારો દર્શાવે છે. આંતરરાષ્ટ્રીય નાણાકીય ભંડોળ (IMF) પાસે ભારતનો સ્પેશિયલ ડ્રોઈંગ રાઈટ્સ (SDR) અનામત ૧૮.૮૧ બિલિયન ડોલર હતો, જે પાછલા સપ્તાહની તુલનામાં ૪૩ મિલિયન ડોલરનો ઘટાડો દર્શાવે છે. જોકે, માર્ચના અંતની સરખામણીમાં SDR અનામતમાં ૧૮૮ મિલિયન ડોલરનો વધારો થયો છે.

# ઓગસ્ટમાં 13.90 કરોડ સાથે ઈ-વે બિલની સંખ્યા અત્યારસુધીની ત્રીજી મોટી રહી

■ મુંબઈથી મળેલા આ આંકડા દેશના અર્થતંત્રમાં મજબૂતીનો સંકેત આપે છે.

મુંબઈ

ઓગસ્ટમાં દેશમાં ઈ-વે બિલ જનરેટ કરવાની સંખ્યા વાર્ષિક ધોરણે ૭.૭૦ ટકા વધી ૧૩.૯૦ કરોડ રહી હતી. જે કોઈ એક મહિનાની ત્રીજી મોટી સંખ્યા છે. ઈ-વે બિલની સંખ્યામાં વધારો દેશમાં માલસામાનની હેરફેર મજબૂત રહી હોવાના સંકેત આપે છે. માલસામાનની ઊંચી માગ દેશનું અર્થતંત્ર સારી સ્થિતિમાં હોવાના સંકેત આપે છે. રૂપિયા ૫૦,૦૦૦થી વધુના મૂલ્યના માલસામાનની હેરફેર માટે ઈ-વે બિલ જનરેટ કરવાનું ફરજિયાત છે. ઓગસ્ટ ૨૦૨૫માં ૧૨.૯૧ કરોડ ઈ-વે બિલ જનરેટ થયા હતા. આમ વર્તમાન વર્ષના ઓગસ્ટમાં ઈ-વે બિલની સંખ્યા ૯૯.૫૦ લાખ વધુ છે. વર્તમાન વર્ષના જુલાઈમાં ઈ-વે બિલની સંખ્યા ૧૩.૯૭ કરોડ રહી હતી. માર્ચમાં ૧૪.૦૬ કરોડની સંખ્યા અત્યારસુધીની સૌથી મોટી રહી છે.

દેશમાં ગુડસ એન્ડ સર્વિસીઝ ટેકસ (જીએસટી) ના અમલ બાદ ઈ-વ` બિલની પ્રથમ ત્રણ મોટી સંખ્યા વર્તમાન વર્ષમાં જ જોવા મળી છે. આમ વર્તમાન વર્ષમાં દેશમાં આર્થિક પ્રવૃત્તિ મજબૂત હોવાના સંકેત મળી રહ્યા છે.

વર્તમાન નાણાં વર્ષના પ્રથમ ત્રિમાસિકનો જીડીપી વૃદ્ધિ દર પણ ૭.૮૦ ટકા સાથે અપેક્ષા કરતા સારો રહ્યો છે.

### નકલી ગોળીઓ સાથે આરોપીઓ જેલભેગા!

# FDCAનો મોટો ધડાકો : માનવજિંદગી સાથે ખિલવાડ કરતી નકલી દવાઓનું સિંડિકેટ પકડાયું

અમદાવાદ

અમદાવાદ શહેરમાંથી વધુ એક વખત માનવજિંદગી સાથે ક્રૂર મજાક કરતું અને લોકોના આરોગ્ય સાથે ખિલવાડ કરતું નકલી દવાઓનું મોટું સિંડિકેટ પકડાયું છે. ફૂડ એન્ડ ડ્રગ કંટ્રોલ એડમિનિસ્ટ્રેશન (FDCA) અને સ્થાનિક પોલીસની સંયુક્ત કામગીરી દરમિયાન અમદાવાદ સહિતના વિસ્તારોમાં દરોડા પાડીને નકલી દવાનો જંગી જથ્થો ઝડપી પાડવામાં આવ્યો છે. આ કાળા કારોબારનો પર્દાફાશ થતાં જ સમગ્ર રાજ્યના ફાર્મા ક્ષેત્રે અને તબીબી વર્તુળોમાં અરેરાટી સાથે ભારે ખળભળાટ મચી ગયો છે.




પ્રાપ્ત વિગતો અનુસાર, FDCAને મળેલી ચોક્કસ બાતમીના આધારે અમદાવાદ અને આસપાસના વિસ્તારોમાં સઘન ચેકિંગ હાથ ધરવામાં આવ્યું હતું. આ દરમિયાન લોહીના ઊંચા દબાણ (હાઈ બ્લડ પ્રેશર) માટે વપરાતી અત્યંત મહત્વની દવા 'નિકાર્ડિયા રિટાર્ડ ૧૦' (Nicardia Retard 10) ની બોગસ અને નકલી ગોળીઓ વેચવાનું આંતરરાજ્ય નેટવર્ક સામે આવ્યું છે. તપાસ દરમિયાન અમદાવાદ ઉપરાંત નડિયાદ અને ભુજ સુધી આ નકલી દવાનો જથ્થો સપ્લાય કરવામાં આવ્યો હોવાનું ખૂલ્યું છે. આ કૌભાંડમાં સંકળાયેલા મુખ્ય આરોપીઓ દરશિલ સંઘવી, દેવેન્દ્ર યાદવ અને ઉમેશ રસ્તોગી નામના શખ્સોની ધરપકડ કરવામાં આવી છે. આ આરોપીઓ કોઈ પણ જાતના લાઈસન્સ કે ગુણવત્તાના ધોરણો વગર નકલી દવાઓનું મેન્યુફેક્ચરિંગ અને રીપેકેજિંગ કરીને બજારમાં અસલી દવાના નામે વેચી રહ્યા હતા. આ ઉપરાંત અમદાવાદના એક ફ્લેટમાંથી ગેરકાયદેસર કોસ્મેટિક્સ અને અન્ય બનાવટી ચીજવસ્તુઓનું પ્રોડક્શન પણ ઝડપાયું છે, જે કોઈ પણ લેબોરેટરી ટેસ્ટિંગ વગર સીધી બજારમાં ધકેલાતી હતી.

દરોડા દરમિયાન અધિકારીઓએ લાખો રૂપિયાની કિંમતનો નકલી ગોળીઓ અને રો-મટીરિયલનો જથ્થો જપ્ત કર્યો છે. ઝડપાયેલા તમામ સેમ્પલ્સને તાત્કાલિક અસરથી લેબોરેટરી એનાલિસિસ માટે સરકારી પ્રોસિક્યુશન લેબમાં મોકલી આપવામાં આવ્યા છે. FDCAના ઉચ્ચ અધિકારીઓના જણાવ્યા મુજબ, નિર્દોષ દર્દીઓના જીવ જોખમમાં મૂકતા આ માફિયાઓ સામે ડ્રગ્સ એન્ડ કોસ્મેટિક્સ એક્ટ હેઠળ કડકમાં કડક ગુનો નોંધીને કાયદાકીય શિકંજો કસવામાં આવ્યો છે. જે દવાઓ દર્દીઓ પોતાનો જીવ બચાવવા માટે ગળે ઉતારે છે, તે જ દવાઓ જો નકલી નીકળે તો સામાન્ય જનતાએ વિશ્વાસ કોના પર મૂકવો? અમદાવાદમાંથી વારંવાર પકડાતી નકલી દવાઓ એ વાતની સાબિતી છે કે નફાખોરો માટે લોકોની જિંદગી કશું જ નથી. પાક્કો ગુજરાત ન્યૂઝ તંત્ર પાસે માંગ કરે છે કે આવા નકલી દવાના સિંડિકેટ ચલાવનારાઓ સામે સખતમાં સખત દાખલારૂપ કાર્યવાહી કરવામાં આવે.

**બીપીની બોગસ દવાઓ અને ગેરકાયદે બનાવટનો પર્દાફાશ: અમદાવાદ, નડિયાદ અને ભુજ સુધી ફેલાયેલા તાર, પોલીસ-FDCAના દરોડાથી કાળો કારોબાર કરનારાઓમાં ફાળ**

# ગીતામંદિર નવા ST સ્ટેન્ડમાં બેફામ પાણીની હોળી : એક તરફ લીકેજ, બીજી તરફ ચોરીનો ખેલ!

### શાહપુર-ખાનપુર ટીપાં પાણી માટે તરસે છે અને ST સ્ટેન્ડમાં રોજના હજારો લીટર ચોખ્ખા પાણીનો વ્યય: તંત્રની ઘોર બેદરકારી ઉઘાડી પડી

અમદાવાદ

સ્માર્ટ સિટી અમદાવાદના હૃદયસમા ગીતામંદિર નવા ST બસ સ્ટેશનમાં પીવાના ચોખ્ખા પાણીનો ભયાનક વ્યય થઈ રહ્યો હોવાનો ચોંકાવનારો કિસ્સો સામે આવ્યો છે. ST બસ સ્ટેન્ડ પરિસરમાં મુસાફરો માટે મૂકવામાં આવેલા પીવાના પાણીના નળ સતત લીકેજ થઈ રહ્યા છે. ચોંકાવનારી વાત એ છે કે, શરૂઆતમાં જે નળ નાખવામાં આવ્યા હતા તે લીકેજ થતાં તંત્રે નવા નળ બદલ્યા હતા, પરંતુ આ નવા નળ પણ હવે બેફામ રીતે ટપકી રહ્યા છે અને પાણી વહી રહ્યું છે. સ્થળ પરથી મળતી વિગતો અને સ્થાનિક સૂત્રોના જણાવ્યા અનુસાર, જ્યારે આ પાણીના વ્યય અંગે પૃચ્છા કરવામાં આવી ત્યારે તંત્ર અને કર્મચારીઓ દ્વારા અત્યંત આશ્ચર્યજનક દાવો કરવામાં આવ્યો હતો. કર્મચારીઓનું કહેવું છે કે જો સારી ક્વોલિટીના મેટલના કે મજબૂત નળ નાખવામાં આવે છે તો તત્વો તેને ચોરી કરીને ભાગી જાય છે! પબ્લિક પ્રોપર્ટી અને ચોખ્ખા પાણીના બગાડને રોકવા માટે વોટર સ્ટેશન વિસ્તારમાં સીસીટીવી (CCTV) કેમેરા લગાવવા અત્યંત જરૂરી બન્યા છે. પરંતુ તંત્ર કેમેરા લગાવવાને બદલે હલકી કક્ષાના નળ નાખીને રોજ હજારો લીટર પાણી ગટરમાં વહાવી રહ્યું છે. અમદાવાદ શહેરની આ વિષમતા જોઈને નાગરિકોમાં ભારે આક્રોશ વ્યાપ્યો છે. શહેરના શાહપુર અને ખાનપુર જેવા ગીચ વિસ્તારોમાં છેલ્લા કેટલાક દિવસોથી નળમાં પાણી ન આવવાને કારણે પીવાના પાણીની ભારે તંગી સર્જાઈ છે. લોકોએ દૈનિક જરૂરિયાત માટે પાણીના ટેન્કરો પર નિર્ભર રહેવું પડી રહ્યું છે. એક તરફ શહેરીજનો ટીપાં-ટીપાં પાણી માટે વલખાં મારી રહ્યા છે, ત્યારે બીજી તરફ ગીતામંદિર જેવા જાહેર ST સ્ટેન્ડમાં તંત્રની આંખ સામે બેફામ રીતે પીવાનું ચોખ્ખું પાણી વહી રહ્યું છે.

### CNG બાટલો ફાટતાં અફરાતફરી!

# ધ બર્નિંગ કાર : અમદાવાદના નિકોલમાં મારૂતિ વાનમાં ભીષણ આગ

### અયોધ્યા ચોક વચ્ચે કાળઝાળ જ્વાળાઓમાં વાન બળીને ખાખ: સદનસીબે જાનહાનિ ટળી, પણ વાહનચાલકોની સુરક્ષા સામે સવાલો

અમદાવાદ

અમદાવાદના પૂર્વ વિસ્તાર ગણાતા નિકોલના અયોધ્યા ચોક ખાતે મોડી સાંજે ધ બર્નિંગ કારનો ભયાનક કિસ્સો સામે આવ્યો છે. વ્યસ્ત ચાર રસ્તા પર ચાલુ મારૂતિ ઓમ્ની વાનમાં અચાનક ટેકનિકલ ખામી સર્જાયા બાદ સીએનજી (CNG) કિટમાં ભયાનક બ્લાસ્ટ થયો હતો. જોતજોતામાં આગે એટલું વિકરાળ સ્વરૂપ ધારણ કરી લીધું હતું કે આખી કાર રોડ વચ્ચોવચ ભડભડ સળગી ઊઠી હતી. આગની તીવ્ર જ્વાળાઓ અને ધુમાડાના ગોટેગોટા દૂર-દૂર સુધી જોવા મળતાં અયોધ્યા ચોક પર ભારે નાસભાગ અને અફરાતફરીનો માહોલ સર્જાયો હતો. પ્રત્યક્ષદર્શીઓ અને સ્થાનિકોના જણાવ્યા મુજબ, મારૂતિ વાન અયોધ્યા ચોક પરથી પસાર થઈ રહી હતી ત્યારે એન્જિનમાંથી અચાનક ધુમાડો નીકળવાનો શરૂ થયો હતો. ચાલકની સતર્કતાથી જાન બચી: વાનમાંથી ધુમાડો નીકળતાં જ ચાલકે તરત જ વાહનને રોડ કિનારે ઊભું રાખી બહાર કૂદી જતાં તેનો આબાદ બચાવ થયો હતો.



ચાલક બહાર નીકળ્યો એ જ ક્ષણોમાં સીએનજી ગેસના બાટલામાં ધડાકાભેર બ્લાસ્ટ થયો હતો અને આખી ગાડી અગનગોળામાં ફેરવાઈ ગઈ હતી. ફાયર બ્રિગેડની કામગીરી: બનાવની જાણ થતાં જ ફાયર બ્રિગેડની ટીમ ઘટનાસ્થળે દોડી આવી હતી અને પાણીનો મારો ચલાવી આગ પર કાબૂ મેળવ્યો હતો. જોકે, ત્યાં સુધીમાં વાન સંપૂર્ણપણે બળીને ખાખ થઈ ગઈ હતી. અમદાવાદ શહેરમાં અવારનવાર જૂના વાહનો અને સીએનજી કારમાં આગ લાગવાના કિસ્સાઓ વધી રહ્યા છે. ઘણીવાર વાહનચાલકો પૈસા બચાવવાના ચક્કરમાં લોકલ ગેરેજમાંથી અનઅધિકૃત કે નીચી ગુણવત્તાવાળી સીએનજી કિટ બેસાડી લેતા હોય છે, જે ગરમી કે વાયરિંગના શોર્ટ સર્કિટ વખતે જાનલેવા સાબિત થાય છે.

## લગ્નની કંકોત્રી ન આપવા જેવી તુચ્છ બાબતે લોહિયાળ ખેલ

### વટવા GIDCમાં બે સગા ભાઈઓ પર પૂર્વ મિત્રોનો જીવલેણ હુમલો, સમગ્ર વારદાત CCTVમાં કેદ!

અમદાવાદ

અમદાવાદ શહેરના વટવા GIDC વિસ્તારમાં આવેલ હાથીજણ સર્કલ પાસેના 'શાલીન સ્કવેર' ખાતે સરેઆમ ગુંડાતત્વોની દાદાગીરીનો એક સનસનાટીભર્યો કિસ્સો સામે આવ્યો છે. માત્ર લગ્નમાં કંકોત્રી (આમંત્રણ) ન આપવા જેવી ક્ષુલ્લક અને તુચ્છ બાબતનું મનદુઃખ રાખીને એક સમયે સાથે ફરતા પૂર્વ મિત્રો જ લોહીના તરસ્યા બન્યા હતા અને બે સગા ભાઈઓ પર ઘાતક હુમલો કરી લોહીલુહાણ કરી મૂક્યા હતા.

મળતી વિગતો અનુસાર, પીડિત વિરેન્દ્રસિંહ વાઘેલાના પરિવારમાં લગ્નપ્રસંગ હોવાથી તેમણે કેટલાક લોકોને આમંત્રણ આપ્યું હતું, જ્યારે આ કેસના આરોપીઓને કંકોત્રી આપી નહોતી. બસ, આટલી જ વાતનો ખાર રાખીને આરોપીઓ રાજવીર રાઠોડ, નિકુંજ વાઘેલા, દિવ્યાંગ અને દેવો નામના શખ્સોએ પૂર્વ આયોજિત કાવતરું ઘડી શાલીન સ્કવેર પાસે વિરેન્દ્રસિંહ અને તેમના ભાઈ મિતરાજસિંહને ઘેરી લીધા હતા. આરોપીઓએ બોલાચાલી કરી ઉશ્કેરાઈ જઈને બેફામ ગાળો ભાંડી હતી અને ક્ષણવારમાં જ લોખંડના પાઇપ, લાકડીઓ અને તીક્ષ્ણ હથિયારો વડે બંને ભાઈઓ પર તૂટી પડ્યા હતા. આ સમગ્ર હિંસક વારદાત નજીકમાં લાગેલા CCTV કેમેરામાં કેદ થઈ ગઈ છે.

### AMCનો અજબ-ગજબ વહીવટ

# દબાણો હટાવવામાં ફ્લોપ, પણ ગ્રીલ-રેલિંગ પાછળ રૂા.2.25 કરોડનો ધુમાડો!

અમદાવાદ

અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન (AMC)ના વહીવટી તંત્રની બુદ્ધિનું પ્રદર્શન કરતો વધુ એક અજબ-ગજબ કિસ્સો સામે આવ્યો છે. શહેરમાં ફૂટપાથો પરથી ગેરકાયદેસર દબાણો અને લારી-ગલ્લાં હટાવવામાં સંપૂર્ણપણે નાકામ નીવડેલું કોર્પોરેશન હવે એ જ દબાણ હેઠળની ફૂટપાથો પર ગ્રીલ અને રેલિંગ લગાવવા માટે પ્રજાના ટેક્સના ૨.૨૫ કરોડ રૂપિયાનો આંધળો ખર્ચ કરવા જઈ રહ્યું છે! આ નિર્ણયથી અમદાવાદીઓમાં હાસ્યાસ્પદ અને આક્રોશની લાગણી ફેલાઈ છે. સૌથી ભયાનક સ્થિતિ પૂર્વ અમદાવાદના વિસ્તારોની છે, જ્યાં કોર્પોરેશન અને દબાણ ખાતાની નિષ્ક્રિયતાના કારણે રસ્તા અને ફૂટપાથ વચ્ચેનો તફાવત જ ભૂંસાઈ ગયો છે. પૂર્વ અમદાવાદના મોટાભાગના વિસ્તારોમાં આખા ને આખા રસ્તાઓ ગેરકાયદે દબાણોમાં ખવાઈ ગયા છે. નાગરિકો માટે ચાલવા માટે બનાવવામાં આવેલી ફૂટપાથો પર અડિંગો જમાવીને બેઠેલા દબાણકારો સામે કોર્પોરેશનના અધિકારીઓ આંખ આડા કાન કરી રહ્યા છે. જે ફૂટપાથ પર લોકો ચાલી પણ શકતા નથી અને જ્યાં માત્ર લારી-ગલ્લા અને ગેરકાયદેસર કબ્જા છે, ત્યાં ૨.૨૫ કરોડના ખર્ચે લોખંડની રેલિંગો ઉભી કરીને કોર્પોરેશન કોને બચાવવા માંગે છે તે એક મોટું કુતૂહલ બની ગયું છે. સ્થાનિક નાગરિકો અને જાગૃત શહેરીજનો ખુલ્લેઆમ આરોપ લગાવી રહ્યા છે કે અમદાવાદમાં દબાણો ન હટવાનું અસલી કારણ 'હપ્તા રાજ' છે: લાખોનો હપ્તો અને પોષણ: દબાણ શાખાના ભ્રષ્ટ અધિકારીઓ અને કર્મચારીઓને ગેરકાયદે દબાણકારો તથા બુટલેગરો તરફથી દર મહિને લાખો રૂપિયાનો હપ્તો મળે છે. જો દબાણો કાયમી ધોરણે હટાવી દેવામાં આવે તો અધિકારીઓની આ 'કાળી કમાણી' બંધ થઈ જાય. હપ્તા લઈને દબાણ થવા દેવાના અને પછી એ જ દબાણ વાળી જગ્યાએ બ્યુટીફિકેશન કે રેલિંગના નામે કરોડોના ટેન્ડરો બહાર પાડીને પોતાના મળતિયા કોન્ટ્રાક્ટરોને ખવડાવવાનો આ એક મોટો ખેલ બની ચૂક્યો છે.



## અમદાવાદના કુબેરનગરમાં લુખ્ખાગીરીનો પરાકાષ્ઠા: 'જય ગિરનારી રેસ્ટોરન્ટ'માં અશોક ઉર્ફે ચીકુ તમંચેએ મચાવી ભારે ધમાલ!

અમદાવાદ

અમદાવાદ શહેરના પૂર્વ વિસ્તારમાં અસામાજિક તત્વો અને લુખ્ખાઓનો ત્રાસ સીમા વટાવી ગયો છે. કુબેરનગર વિસ્તારમાં આવેલી જાણીતી 'જય ગિરનારી રેસ્ટોરન્ટ' માં મોડી રાત્રે અશોક ઉર્ફે ચીકુ તમંચે નામના લુખ્ખાએ દાદાગીરી અને તોડફોડ કરીને ભારે આતંક મચાવ્યો હતો. સામાન્ય બાબતે શરૂ થયેલી આ બોલાચાલીમાં ઉશ્કેરાયેલા લુખ્ખાએ હોટલના સ્ટાફ અને માલિક પર હુમલો કરી સમગ્ર વિસ્તારમાં દહેશતનો માહોલ ઉભો કરી દીધો હતો.

મળતી માહિતી મુજબ, કુબેરનગરમાં આવેલી જય ગિરનારી રેસ્ટોરન્ટમાં અશોક ઉર્ફે ચીકુ તમંચે આવ્યો હતો. તે સમયે હોટલ માલિકે ગ્રાહક તરીકે ભોજનનું પાર્સલ આપવાનું કહેતા જ આ અસામાજિક તત્વ ઉશ્કેરાઈ ગયો હતો. અશોકે "અહીં બેસીને જ જમવાનું છે, તું પાર્સલ આપનારો કોણ?" તેમ કહીને હોટલ માલિકને જાહેરમાં ગંદી ગાળો આપવાનું શરૂ કર્યું હતું.

હોટલ માલિકે ગાળો બોલવાની ના પાડતા જ અશોકે તામસી બનીને માલિક પર સીધો શારીરિક હુમલો કરી દીધો હતો.

લુખ્ખાએ રેસ્ટોરન્ટમાં પડેલો તમામ સામાન, ખુરશીઓ અને વાસણો ફેંકીને સ્ટાફને જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. આ સમગ્ર હુમલા અને તોડફોડની ઘટના હોટલના સીસીટીવી તેમજ મોબાઈલ કેમેરામાં કેપ્ચર થઈ ગઈ હતી. હોટલ માલિકે લુખ્ખાગીરીનો આ વીડિયો સોશિયલ મીડિયા પર વાયરલ કરીને પોલીસ સામે ન્યાયની ગુહાર લગાવી હતી. વીડિયો વાયરલ થતાં અને ઘટનાની ગંભીરતાને ધ્યાને રાખીને સરદારનગર પોલીસે ગુનો નોંધી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. સ્થાનિકો અને વેપારીઓમાં માંગ ઉઠી છે કે આવા રીઢા અને માથાભારે તત્વો સામે પોલીસ કડકમાં કડક પાસાં અને જેલભેગા કરવાની કાર્યવાહી કરે જેથી વેપારીઓ ભયમુક્ત વાતાવરણમાં ધંધો કરી શકે.

### રોજના 108 મારપીટના કેસ!

# અમદાવાદમાંથી 'શાંત અને સલામત' શહેરનું છોગું છીનવાયું : દર 4.8 મિનિટે હિંસક ઝઘડો

■ **ઈમરજન્સી હેલ્પલાઇન '112'ના ચોંકાવનારા આંકડા: કાગળ પરની દારૂબંધી વચ્ચે દર કલાકે 12થી વધુ હિંસક કૉલથી પોલીસ બેડામાં ભારે દોડધામ**

અમદાવાદ

ગુજરાતના આર્થિક પાટનગર અમદાવાદ શહેર પરથી હવે 'શાંત અને સલામત' શહેરનો ટેગ સદા માટે દૂર કરવાનો સમય આવી ગયો છે. ઈમરજન્સી સેવા '112'ના જુલાઈ ૨૦૨૬ સુધીના તાજેતરના ચોંકાવનારા આંકડાઓએ અમદાવાદમાં કાયદો અને વ્યવસ્થાની વણસેલી સ્થિતિનો ભયાનક ચહેરો ઉઘાડો પાડ્યો છે. શહેરમાં દરરોજ સરેરાશ ૧૦૮ મારામારીના કેસ નોંધાઈ રહ્યા છે, જ્યારે દરરોજ દારૂ પીને ધમાલ મચાવવાની ૫૧ સત્તાવાર ફરિયાદો પોલીસ ચોપડે ચડી રહી છે.



ઑગસ્ટ મહિનામાં શરૂ થયેલી '112' હેલ્પલાઈનના જુલાઈ ૨૦૨૬ સુધીના ડેટાનું વિશ્લેષણ કરવામાં આવે તો સામે આવેલા આંકડા કોઈ પણ નાગરિકના રોંવાડા ઊભા કરી દે તેવા છે: જાહેરમાં ઝઘડા: ૩૬,૨૩૮ કૉલ્સ, મારામારી અને હુમલા: ૩૬,૧૬૧ કૉલ્સ, માર્ગ અકસ્માત: ૨૦,૦૧૬ કૉલ્સ, પીધેલાઓનું દંગલ: ૧૭,૦૫૦ કૉલ્સ, ધ્વનિ પ્રદૂષણ/ઘોંઘાટ: ૧૫,૫૨૮ કૉલ્સ. આ આંકડાઓની ગણતરી કરીએ તો અમદાવાદ શહેરમાં દર ૪.૮ મિનિટે એક હિંસક ઝઘડો નોંધાય છે.

અર્થાત દર કલાકે પોલીસને સરેરાશ ૧૨ થી ૧૩ હિંસાને લગતા ઈમરજન્સી કૉલ મળી રહ્યા છે. પોલીસ કંટ્રોલ રૂમ અને બીટ કોન્સ્ટેબલોનો મોટો સમય હવે સિવિલ કે મ્યુનિસિપલ ફરિયાદો ઉકેલવાને બદલે આવી ઉગ્ર માથાકૂટો અને શેરી-ગલીઓમાં થતા દંગલોને શાંત પાડવામાં જ વેડફાઈ રહ્યો છે.

ભાવનગરના ચર્ચિત લઠ્ઠાકાંડ બાદ ભલે પોલીસે રાજ્યવ્યાપી દરોડા પાડીને ગેરકાયદે દારૂ જપ્ત કરવાનો કાગળ પરનો દેખાડો કર્યો હોય, પરંતુ ૧૧૨ હેલ્પલાઈનનો ડેટા એ વાતની સાબિતી પૂરે છે કે અમદાવાદમાં દારૂના નશામાં થતી હિંસા દરરોજની બાબત બની ગઈ છે.

### તહેવારો આવતા જ AMC ફૂડ વિભાગ સફાળું જાગ્યું

# અખાદ્ય ઘી, બનાવટી ચટણી અને ઝેરી કલર વાપરતા 3 એકમો સીલ!

### 3,806 કિલો ભે ભેળસેળયુક્ત જથ્થો જપ્ત, 9.22 લાખનો મુદ્દામાલ સીઝ: શું પ્રજાના આરોગ્ય સાથે ચેડાં કરનારાઓ સામે માત્ર તહેવારો પૂરતો જ દેખાડો?

અમદાવાદ

તહેવારોની મોસમ શરૂ થતાં જ અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન (AMC)નું કુંભકર્ણની નિંદ્રામાં સૂતેલું ફૂડ એન્ડ ડ્રગ્સ વિભાગ અચાનક જાગી ઊઠ્યું છે. શહેરીજનોના આરોગ્ય સાથે ખુલ્લેઆમ ચેડાં કરતા વેપારીઓ અને મિલાવટખોરો સામે ફૂડ સેફ્ટી ટીમોએ અલગ-અલગ વિસ્તારોમાં દરોડા પાડ્યા છે. આ તપાસ દરમિયાન અખાદ્ય ઘી, દૂષિત સોસ-ચટણી અને પ્રતિબંધિત સિન્થેટિક ફૂડ કલરનો બેફામ વપરાશ ખુલ્લો પડતાં તંત્રે ૩ મોટા વ્યાપારી એકમોને સીલ મારી દીધા છે.

ફૂડ વિભાગની ટીમો દ્વારા શહેરમાં હાથ ધરાયેલા ચેકિંગ દરમિયાન વેપારીઓની ગંભીર બેદરકારી અને ગુનાહિત માનસિકતા સામે આવી હતી:

પ્રતિબંધિત કેમિકલ અને કલરનો ખેલ: ફરસાણ અને નમકીનમાં માનવ શરીર માટે અત્યંત હાનિકારક અને કેન્સર જેવા રોગો નોતરી શકે તેવા પ્રતિબંધિત સિન્થેટિક ફૂડ કલરનો ઉપયોગ થતો પકડાયો હતો.

તહેવારોમાં મીઠાઈ અને વાનગીઓમાં વપરાતા ઘીના સેમ્પલ લેતાં તે અત્યંત હલકી કક્ષાનું અને સબસ્ટાન્ડર્ડ માલૂમ પડ્યું હતું.

લાઈસન્સ વિના ધમધમતા કારખાના: તપાસ દરમિયાન અનેક એકમો પાસે ફૂડ સેફ્ટીનું માન્ય લાઈસન્સ જ નહોતું, છતાં અત્યંત અસ્વચ્છ અને ગંદી પરિસ્થિતિમાં ખાદ્ય પદાર્થો બનાવવામાં આવી રહ્યા હતા.

AMCની ટીમે સ્થળ પર જ કાર્યવાહી કરીને ૩,૮૦૬ કિલો અખાદ્ય ખાદ્ય સામગ્રી જપ્ત કરી હતી, જેની બજાર કિંમત ૯.૨૨ લાખ આંકવામાં આવી છે.

**આપના વિસ્તારની સમસ્યાઓ, ગેરકાયદે પ્રવૃત્તિઓ, ભ્રષ્ટાચાર અંગેની માહિતી, આપના વિસ્તારના સમાચાર, સામાજિક, ધાર્મિક પ્રવૃત્તિઓના અહેવાલ માટે સંપર્ક કરો : 9662420070**

Published and Owned by MAKAN PAVANBHAI SHRAVANBHAI and Printed by ILEVAN HASMUKHRAI THAKAR Printed at Jay Graphics & Printers, C/15, Vikram Chambers, Ashram Road, Ahmedabad – 380 009 and published from F/1, FIRST FLOOR, RAJAS APPARTMENT, NEAR OLD RAILWAY CORSSING, MANINAGAR EAST MANINAGAR, AHMEDABAD-380 008. Editor - MAKAN PAVNBHAI SHRAVANBHAI